RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 14-06-2026 I VOL : 12 I Issue : 89 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

સુવિચાર

સંઘર્ષ વિના સિદ્ધિ મળતી નથી. પ્રેમ સૌથી મોટી શક્તિ છે.

3




ખેડા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા ખાડે: માતરમાં નિવૃત્ત PSIના ઘર પર બૂટલેગરોનો...

4





ભારતીય કેરીનો ફરી ફજેતો : વિદેશોમાં પ્રતિબંધ મુકાવા લાગ્યા

6



જાહ્નવી કપૂર પણ હવે હોરર ફિલ્મોની હોડમાં સામેલ થશે, તુમ્બાડના ડિરેક્ટરની...

7



ક્રિકેટ જગતના 'જેન્ટલમેન' કેન વિલિયમસનની નિવૃત્તિની જાહેરાત

## એક નજર...

### ટ્રેડિશનલ હોય કે વેસ્ટર્ન, સ્ટાઈલમાં મોટી એક્ટ્રેસને ટક્કર આપે છે નિતાંશી ગોયલ



'લાપતા લેડીઝ' ફેમ નિતાંશી ગોયલ 19 વર્ષની થઈ ગઈ છે. નાની ઉંમરે તેણીએ તેના ઉત્કૃષ્ટ અભિનય અને સ્ટાઈલ માટે ખાસ ઓળખ મેળવી છે, જેમાં તેણીની ફેશન સેન્સનો પણ સમાવેશ થાય છે. કલરના કોમ્બિનેશનનો આ મિનિ ડ્રેસ 90 ના દાયકાની વાઈબ આપી રહ્યો છે. જેમાં તેની ટાઈ આકર્ષક છે. ખુલ્લા વાળમાં નિતાંશી ખૂબ જ ગ્લેમરસ લાગે છે.

### લેન્ડિંગ દરમિયાન આગ લાગી, બે ભાગમાં તૂટી ગયું

# એરફોર્સનું ટ્રાન્સપોર્ટ વિમાન ક્રેશ, પાયલટ સહિત 5 શહીદ

પાક્કો ગુજરાત ન્યૂઝ, જોરહાટ

આસામના જોરહાટના રૌરિયા ઈન્ડિયન એરબેઝ પર શનિવારે સવારે 10 વાગ્યે લેન્ડિંગ દરમિયાન વાયુસેનાનું વિમાન ક્રેશ થયું. આ દુર્ઘટનામાં પાયલટ સહિત 5 જવાનો શહીદ થયા. તેમાં સ્ક્વોડ્રન લીડર



પ્રશાંત સિંહ, ફ્લાઈટ લેફ્ટનન્ટ શુભમ કુમાર, સાર્જન્ટ જિતેન્દ્ર શર્મા, અગ્નિવીરવાયુ ખેમારામ કુમાવત અને અગ્નિવીરવાયુ દાનિશ આલમનો સમાવેશ થાય છે. એક કો-પાયલટ ઘાયલ થયો છે. આ દુર્ઘટના ત્યારે થઈ જ્યારે વિમાન એરબેઝ પર ઉતરવાનો પ્રયાસ કરી રહ્યું હતું. દુર્ઘટના બાદ તેમાં આગ લાગી ગઈ અને તે બે ટુકડામાં તૂટી ગયું. આ AN-32 કાર્ગો વિમાન હતું, જેનો ઉપયોગ સૈનિકો અને સામાનની હેરફેર માટે કરવામાં આવે છે. દુર્ઘટનાનું કારણ સામે આવ્યું નથી. ઈન્ડિયન એરફોર્સે જણાવ્યું કે વિમાન રૂટિન ઉડાન પર હતું. સાથે જ અપીલ કરી કે શરૂઆતી પરિણામો ન આવે ત્યાં સુધી કોઈ અનુમાન ન લગાવે. કોર્ટ ઓફ ઈન્ક્વાયરીના આદેશ આપી દેવામાં આવ્યા છે. ભારતીય વાયુસેના પાસે લગભગ 100 એન્ટોનોવ AN-32 ટેક્ટિકલ ટ્રાન્સપોર્ટ વિમાનોનો કાફલો છે. જોકે, IAF એ શરૂઆતમાં સોવિયેત મૂળના આવા 125 વિમાનો ખરીદ્યા હતા, પરંતુ હવે સક્રિય-ડ્યુટી વિમાનોની સંખ્યા લગભગ 100 રહી ગઈ છે. AN-32 એ 1980 થી IAF ની મધ્યમ-લિફ્ટ ટ્રાન્સપોર્ટ ક્ષમતાઓની કરોડરજ્જુ તરીકે કામ કર્યું છે. ગરમ હવામાન અને હિમાલય જેવા ઊંચા વિસ્તારોમાં ઓપરેશન દરમિયાન તેની મજબૂતીને કારણે તેને ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે. પ્રાથમિક અહેવાલો અને વાયુસેનાના નિવેદન મુજબ, વિમાન જોરહાટ એરફિલ્ડ પર લેન્ડિંગ કરી રહ્યું હતું ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. લેન્ડિંગ કર્યા બાદ વિમાનમાં અચાનક આગ લાગી હતી. ઘટનાની જાણ થતાં જ એરબેઝ પર રહેલી ઈમરજન્સી અને ફાયરફાઈટિંગ ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને આગ ઓલવવાની કામગીરી શરૂ કરી હતી. કોર્ટ ઓફ ઈન્ક્વાયરીના આદેશ ભારતીય વાયુસેનાએ આ સમગ્ર ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને 'કોર્ટ ઓફ ઈન્ક્વાયરી'ના આદેશ આપ્યા છે.

# ભારતનું મલ્ટી-લેયર્ડ બેલેસ્ટિક મિસાઈલનું સફળ પરીક્ષણ

કોલકાતા

ભારતે સંરક્ષણ ક્ષેત્રે વૈશ્વિક સ્તરે એક ઐતિહાસિક અને અત્યંત મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી લીધી છે. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશનએ દેશની સુરક્ષાને અભેદ્ય બનાવતા પોતાની મલ્ટી-લેયર્ડ બેલેસ્ટિક મિસાઈલ ડિફેન્સ સિસ્ટમનું સતત 3 વખત સફળ પરીક્ષણ કર્યું છે. આ અત્યાધુનિક સિસ્ટમ દુશ્મનની લાંબી અને મધ્યમ અંતરની પરમાણુ મિસાઈલો તેમજ ફાઈટર જેટ્સને અધવચ્ચે જ



રોકીને હવામાં તોડી પાડવા માટે સક્ષમ છે. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, DRDO એ પોતાની આ બહુસ્તરીય સંરક્ષણ ક્ષમતાનું પ્રદર્શન કરવા માટે 10 અને 11 જૂન 2026ના રોજ આ પરીક્ષણો કર્યા હતા. દેશની આ મોટી સફળતા બદલ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે DRDOની સમગ્ર ટીમને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે. આ પરીક્ષણ પૃથ્વીના વાતાવરણની અંદર અને વાતાવરણની સરહદની બહાર એમ બંને સ્તરે મિસાઈલોને તોડી પાડવાની ક્ષમતા ચકાસવા માટે કરવામાં આવ્યું હતું, જે સંપૂર્ણપણે સચોટ રહ્યું હતું. વિશિષ્ટ દેશોના ક્લબમાં એન્ટ્રી: આ સફળતા સાથે જ ભારત દુનિયાના એવા ગણતરીના અને વિશિષ્ટ દેશોના સમૂહમાં સામેલ થઈ ગયું છે, જેમના વૈશ્વિક સ્તરે 5,000 કિલોમીટરથી વધુ અંતરની ઈન્ટરકોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલોને અવકાશ કે હવામાં જ આંતરીને (Intercept) નષ્ટ કરવાની અદભુત ટેકનોલોજી છે.

# લેફ્ટનન્ટ જનરલ ધીરજ સેઠ બનશે દેશના નવા આર્મી ચીફ

### આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીની નિવૃત્તિ બાદ, 30 જૂન 2026ના રોજ બપોર પછી જનરલના સત્તાવાર રેન્ક સાથે પોતાનો પદભાર ગ્રહણ કરશે

નવી દિલ્હી

કેન્દ્ર સરકાર દ્વારા ભારતીય સેનાના આગામી વડા (Chief of the Army Staff) તરીકે લેફ્ટનન્ટ જનરલ ધીરજ સેઠ (Lt Gen Dhiraj



Seth)ની સત્તાવાર નિયુક્તિ કરવામાં આવી છે. તેઓ વર્તમાન આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીની નિવૃત્તિ બાદ, 30 જૂન 2026ના રોજ બપોર પછી જનરલના સત્તાવાર રેન્ક સાથે પોતાનો પદભાર ગ્રહણ કરશે.

હાલમાં લેફ્ટનન્ટ જનરલ ધીરજ સેઠ ભારતીય સેનાના વાઈસ ચીફ (Vice Chief of the Army Staff) તરીકે પોતાની સેવાઓ આપી રહ્યા છે. તેમની આ સર્વોચ્ચ પદ પરની પસંદગી સેનામાં તેમના લાંબા અને શાનદાર ટ્રેક રેકોર્ડને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. લેફ્ટનન્ટ જનરલ ધીરજ સેઠ નેશનલ ડિફેન્સ એકેડમી (NDA)ના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે અને તેઓ 'આર્મર્ડ કોર્પ્સ' (Armoured Corps - ટેન્ક રેજિમેન્ટ)ના એક અત્યંત પ્રતિષ્ઠિત અધિકારી છે. અનુભવ: તેઓ ભારતીય સેનામાં આશરે 4 દાયકા એટલે કે લગભગ 40 વર્ષનો વ્યાપક અને પ્રતિષ્ઠિત સૈન્ય સેવાનો અનુભવ ધરાવે છે. વ્યૂહાત્મક કમાન્ડ: તેમની કારકિર્દી દરમિયાન તેમણે દેશના વિવિધ ઓપરેશનલ અને સંસ્થાકીય ક્ષેત્રોમાં વ્યાપક કમાન્ડ, સ્ટાફ અને વ્યૂહાત્મક (Strategic) પદો પર સફળતાપૂર્વક નેતૃત્વ કર્યું છે. રાષ્ટ્રીય સન્માન: દેશ પ્રત્યેની તેમની અપ્રતિમ અને વિશિષ્ટ સેવાઓ બદલ તેમને પરમ વિશિષ્ટ સેવા મેડલ (PVSM), ઉત્તમ યુદ્ધ સેવા મેડલ (UYSM) અને અતિ વિશિષ્ટ સેવા મેડલ (AVSM) જેવા સર્વોચ્ચ સૈન્ય સન્માનોથી નવાજવામાં આવ્યા છે. વર્તમાન આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી આગામી 30 જૂન 2026ના રોજ સેનાના વડા તરીકે નિવૃત્ત થઈ રહ્યા છે. તેમની નિવૃત્તિની સાથે જ લેફ્ટનન્ટ જનરલ ધીરજ સેઠ ભારતીય સૈન્યના નવા વડા તરીકે કમાન્ડ પોતાના હાથમાં લેશે. સંરક્ષણ ક્ષેત્રના વિશ્લેષકોના મતે, વૈશ્વિક સ્તરે ચાલી રહેલી ભૌગોલિક-રાજકીય (Geopolitical) સ્થિતિ વચ્ચે સેનાના આધુનિકીકરણ અને આત્મનિર્ભરતાના મિશનને આગળ ધપાવવામાં નવા આર્મી ચીફનો અનુભવ ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થશે.

## NEWS TRACK

### ઈરાનના સુપ્રીમ લીડર ખામેનેઈના મોતના 4 મહિના બાદ થશે અંતિમ સંસ્કાર

ઈરાનના દિવંગત સુપ્રીમ લીડર આયતુલ્લાહ અલી ખામેનેઈના અંતિમ સંસ્કાર આગામી મહિનામાં થવા જઈ રહ્યા છે. ફેબ્રુઆરી મહિનામાં થયેલા અમેરિકી અને ઈઝરાયલી સૈન્ય હુમલામાં માર્યા ગયેલા ખામેનેઈના મૃત્યુના અંદાજે 4 મહિના (132 દિવસ) બાદ આગામી 9 જુલાઈ 2026ના રોજ તેમને સુપુર્દ-એ-ખાક (દફનાવવામાં) કરવામાં આવશે. ઈરાન પર ચાલી રહેલા યુદ્ધ અને સુરક્ષા ચિંતાઓને કારણે અત્યાર સુધી આ કાર્યક્રમ મોકૂફ રખાયો હતો. ન્યૂઝ એજન્સી રોયટર્સ (Reuters) અને એએફપી (AFP)ના અહેવાલ અનુસાર, અલી ખામેનેઈનું મૃત્યુ 28 ફેબ્રુઆરી 2026ના રોજ અમેરિકા-ઈઝરાયલના સંયુક્ત હુમલામાં થયું હતું. તેમના અવસાન સાથે જ ઈરાન પર ત્રણ દાયકા (30 વર્ષ) કરતા વધુ સમયથી ચાલી રહેલા તેમના શાસનનો અંત આવ્યો હતો. તેહરાનના મેયર અલીરેઝા ઝકાનીના સત્તાવાર નિવેદન મુજબ, ખામેનેઈના અંતિમ સંસ્કારનો ભવ્ય કાર્યક્રમ કુલ 6 દિવસ સુધી અલગ-અલગ શહેરોમાં ચાલશે.

### મિડલ ઈસ્ટમાં યુદ્ધનો અંત? 24 કલાકમાં શાંતિ કરાર પર હસ્તાક્ષર કરશે US-ઈરાન, પાકિસ્તાનના PMનો દાવો

મિડલ ઈસ્ટમાં છેલ્લા કેટલાક મહિનાઓથી ચાલી રહેલા ભયંકર સૈન્ય સંઘર્ષ અને તણાવનો આખરે અંત આવી શકે છે. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે શનિવારે, 13 જૂન 2026ના રોજ ચોંકાવનારો દાવો કરતા કહ્યું છે કે અમેરિકા અને ઈરાન એક ઐતિહાસિક શાંતિ કરાર માટે સહમત થઈ ગયા છે. શરીફના જણાવ્યા અનુસાર, આગામી 24 કલાકની અંદર આ શાંતિ કરાર પર બંને દેશો દ્વારા ઈલેક્ટ્રોનિક હસ્તાક્ષર કરવામાં આવે તેવી પૂરેપૂરી શક્યતા છે. જો ડીલ પર હસ્તાક્ષર થાય ફરી ખૂલી જશે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ જો આ ડીલ સત્તાવાર રીતે ફાઈનલ થઈ જશે, તો ફેબ્રુઆરી મહિનામાં યુદ્ધ ફાટી નીકળ્યા પછી આ વૈશ્વિક સ્તરે સૌથી મોટી રાજદ્વારી સફળતા સાબિત થશે. વિશ્વના ઉર્જા વ્યાપારની લાઈફલાઈન ગણાતી હોર્મુઝની ખાડીનો રસ્તો ફરીથી ખૂલી જશે. જેનાથી આંતરરાષ્ટ્રીય શિપિંગ અને ઓઈલ માર્કેટ પર મંડરાઈ રહેલું મહાયુદ્ધનું સંકટ ઘણું હળવું થઈ જશે. પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે જણાવ્યું છે કે, 'અમેરિકા અને ઈરાન શરૂઆતી કરાર માટે સંમત થયા છે.

# મહાપર્દાફાશ: આસ્થા પર પ્રહાર કરતી 'બ્લેકમેલિંગ ગેંગ'નો ભાંડાફોડ, માત્ર વહેમના આધારે જૈન સંતને બદનામ કરવાનું ઘૃણાસ્પદ ષડયંત્ર ધૂળધાણી!




## પાક્કો ગુજરાત ન્યૂઝ પેપરના સવાલોના ચક્રવ્યૂહમાં ફસાયો માસ્ટરમાઇન્ડ જગત પારેખ; કબૂલાત—"રાજ કુન્દ્રાનો કેસ જોઈને જૈન મુનિ પર અશ્લીલ વીડિયોના ગંભીર આરોપો લગાવી દીધા!" અદાલત અને સમાજને છેતરવાનો ગંદો ખેલ ઉજાગર.

પાક્કો ગુજરાત ન્યૂઝ પેપરના સવાલોના ચક્રવ્યૂહમાં ફસાયો માસ્ટરમાઈન્ડ જગત પારેખ; કબૂલાત–'રાજ કુન્દ્રાનો કેસ જોઈને જૈન મુનિ પર અશ્લીલ વીડિયોના ગંભીર આરોપો લગાવી દીધા!' અદાલત અને સમાજને છેતરવાનો ગંદો ખેલ ઉજાગર.

### સસ્તા વ્યુઝ અને ખંડણી માટેનું 'ડિજિટલ મર્ડર'

શું આ દેશમાં કોઈની સામાજિક પ્રતિષ્ઠા, સદીઓ જૂની ધાર્મિક આસ્થા અને સંતોની પવિત્રતા એટલી સસ્તી થઈ ગઈ છે કે ગમે તે વ્યક્તિ આવીને તેના પર કાદવ ઉછાળી દે? પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર આજે એક એવી સનસનાટીપૂર્ણ અને ચોંકાવનારી સાઝીશનો લાઈવ પર્દાફાશ કરી રહ્યું છે, જેનો હેતુ માત્ર ને માત્ર 'સાગર સમુદાય'ને બ્લેકમેલ કરવાનો અને તેમની પાસેથી મોટી રકમ પડાવવાનો હતો.

આ ગેંગની મોડસ ઓપરેન્ડી (કામ કરવાની પદ્ધતિ) અત્યંત શાતિર છે. આ લોકો પહેલા આધુનિક ટેકનોલોજી અને એડિટિંગ ટુલ્સનો ઉપયોગ કરીને નકલી વીડિયો અને મોર્ફ્ડ (ખોટા) ફોટા કરે છે. ત્યારબાદ શરૂ થાય છે બ્લેકમેલિંગનો ગંદો ધંધો. જ્યારે ભોગ બનનાર પક્ષ તેમની ગેરકાયદેસર ઉઘરાણી અને ખંડણી સામે નમતો નથી, ત્યારે આ લોકો સમાજમાં પૂજનીય સંતોનું ચારિત્ર્ય હનન કરવા માટે તે નકલી પોસ્ટ્સ સોશિયલ મીડિયા પર વાયરલ કરી દે છે.

### ગેંગના મુખ્ય સૂત્રધારોની કુંડળી: કોણ છે આ ચહેરા?

જ્યારે આ આખા ષડયંત્રની કડીઓ જોડવામાં આવી, ત્યારે તેની પાછળ બે મુખ્ય ચહેરાઓ બેનકાબ થયા:

1. જગત પારેખ (અમદાવાદ): આ આખી સાઝીશનો મુખ્ય સ્ક્રિપ્ટ રાઈટર, જેના પર પહેલાથી જ છેતરપિંડી (ફ્રોડ) અને અનેક ક્રિમિનલ કેસ નોંધાયેલા છે. જેની પોતાની કાયદાની નજરમાં કોઈ શાખ નથી, તે સમાજની શાખ પર હુમલો કરી રહ્યો હતો.

2. હાર્દિક હુડિયા (મુંબઈ): મુંબઈની ચકાચૌંધમાં બેસીને ડિજિટલ આઈડી પાછળ છુપાઈને આ આખા બ્લેકમેલિંગ નેટવર્કને મદદ કરવાનું કામ આ શખ્સનું છે.

પાક્કો ગુજરાત ન્યૂઝ પેપરે તેમને બંધ બારણેથી બહાર આવીને ખુલ્લા મેદાનમાં પુરાવા રજૂ કરવાનો પડકાર આપ્યો હતો, ત્યારબાદ જે થયું... તેણે આખી ગેંગના જૂઠાણાના લીરેલીરા ઉડાવી દીધા.

### ઓન-ફોન ઇન્ટરવ્યુ: તીખા સવાલો સામે માસ્ટરમાઇન્ડનું આત્મસમર્પણ

જ્યારે સીધો આ સાઝીશના મુખ્ય સૂત્રધાર જગત પારેખનો ફોન પર સંપર્ક કરવામાં આવ્યો, ત્યારે તેના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. પાક્કો ગુજરાત ન્યૂઝ પેપરના પ્રતિનિધિએ જ્યારે તેને સણસણતો સીધો સવાલ પૂછ્યો કે:

'તમે કોર્ટમાં અરજી કરીને જૈન મુનિ સાગરચંદ્ર સાગર આચાર્યજી પર અશ્લીલ વીડિયો વિદેશમાં વેચવાનો એટલો ગંભીર અને હીન આરોપ લગાવ્યો... તેનો ઠોસ ફોરેન્સિક કે ડિજિટલ પુરાવો ક્યાં છે? બતાવો!'

આ તીખા સવાલ પર જગત પારેખ હબકાઈ ગયો. ઓન-રેકોર્ડ વાતચીતમાં તેણે જે કહ્યું, તે કાયદો અને ન્યાય વ્યવસ્થાના મોં પર તમાચો છે. તેણે ઘૂંટણિયે પડતા કબૂલ કર્યું કે તેની પાસે કોઈ પાકો પુરાવો નથી! તેણે કહ્યું–'અમને એવું લાગ્યું કે કદાચ એવું હોઈ શકે.'

જ્યારે પૂછવામાં આવ્યું કે પુરાવા વગર આવો ઘૃણાસ્પદ આરોપ લગાવવાની હિંમત કેવી રીતે થઈ? તો તેનો જવાબ સાંભળો–તેણે કહ્યું કે તે સમયે ફિલ્મ ઈન્ડસ્ટ્રીના રાજ કુન્દ્રાનો અશ્લીલ વીડિયોવાળો મામલો મીડિયામાં છવાયેલો હતો, તે જોઈને મને લાગ્યું કે કદાચ આચાર્ય સાગરચંદ્ર સાગર પણ એવું જ કંઈક કરતા હશે!

### અદાલત અને સમાજ સાથે અક્ષમ્ય ખીલવાડ

આ માત્ર એક આરોપ નથી, પરંતુ દેશની ન્યાય પ્રણાલીની મજાક ઉડાવવી અને સમગ્ર સાગર સમુદાયની ધાર્મિક લાગણીઓને જાણીજોઈને દુભાવવાનો અક્ષમ્ય ગુનો છે. કોઈ ટીવી ન્યૂઝ જોઈને, પોતાની માનસિક વિકૃતિ અને વહેમના આધારે એક તપસ્વી સંત પર આટલો મોટો લાંછન લગાવી દેવો એ સાબિત કરે છે કે આ ગેંગનો હેતુ ન્યાય મેળવવાનો નહીં, પરંતુ માત્ર ને માત્ર બ્લેકમેલિંગ દ્વારા પૈસા પડાવવાનો હતો. અદાલતો પુરાવા પર ચાલે છે, કોઈ બ્લેકમેલરના નબળા અંદાજ પર નહીં. આ જ કારણ છે કે હવે આ ટોળકીને કાયદાના સિકંજામાંથી કોઈ બચાવી શકશે નહીં.

### પાક્કો ગુજરાત ન્યૂઝ પેપરનો ખુલ્લો પડકાર અને સમાજને અપીલ

આ મામલો અત્યંત ગંભીર છે. પૈસાની ભૂખમાં આંધળી થયેલી આ ગેંગ સમાજ માટે મોટો ખતરો છે. જે જૈન મુનિ નિઃસ્વાર્થ ભાવે ખુલ્લા પગે વિહાર કરે છે, તેમની સુરક્ષા પર પણ આવા લોકો પૈસા માટે હુમલો કરાવી શકે છે. હવે સમય આવી ગયો છે કે સમગ્ર જૈન સમાજ એકજૂથ થઈને આવા તત્વોનો બહિષ્કાર કરે. આવા બ્લેકમેલર્સની કરતૂતો સામે તાત્કાલિક પોલીસ પ્રશાસનને માહિતગાર કરવામાં આવે જેથી તેમને તેમના સાચા ઠેકાણે–એટલે કે જેલની કાળકોટડીમાં મોકલી શકાય.

પાક્કો ગુજરાત ન્યૂઝ પેપર સ્પષ્ટ કરી દેવા માંગે છે કે અમે કોઈની ખોખલી ધમકીઓ કે અદાલતી અરજીઓ પાછળ છુપાવનારાઓથી ડરવાના નથી. અમે આ સાઝીશની છેલ્લી કડી સુધી જઈશું અને આ ફેક ફેક્ટરીને સંપૂર્ણપણે નેસ્તનાબૂદ કરીને જ જંપીશું.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# સુરતના 'ઘોસ્ટ ડિમોલિશન' બાદ હવે વડોદરામાં મોટો ધડાકો

## ■ મેરાકુવા ગામે ગરીબોના 19 સરકારી આવાસો કાગળ પર તોડી પડાયા? જનતા અજાણ અને ભ્રષ્ટ બાબુઓએ ખેલ પાડી દીધો!

વડોદરા

સુરત મહાનગરપાલિકાના ચકચારી 'ઘોસ્ટ ડિમોલિશન' કૌભાંડની શાહી હજુ સૂકાઈ નથી, ત્યાં વડોદરા જિલ્લામાંથી કાયદાના લીરેલીરા ઉડાવતો અને ભ્રષ્ટાચારની સીમાઓ વટાવતો આવો જ એક 'વિવાદાસ્પદ ડિમોલિશન'નો સનસનાટીપૂર્ણ મામલો સામે આવ્યો છે. વડોદરાના પાદરા તાલુકાના મેરાકુવા ગામે ગરીબો માટે સરદાર આવાસ યોજના અંતર્ગત બનાવવામાં આવેલા આખેઆખા ૧૯ મકાનો કોઈની પણ જાણબહાર, કોઈ પણ સત્તાવાર આદેશ વગર કાગળ પર કે રાતોરાત તોડી પાડવામાં આવ્યા હોવાનો ગંભીર આરોપ લાગ્યો છે. સુરત બાદ વડોદરા જિલ્લામાં વકરેલા આ 'ઘોસ્ટ ડિમોલિશન'ના ખેલથી સરકારી વહીવટી તંત્રમાં ભારે ભૂકંપ આવી ગયો છે.

ભ્રષ્ટાચારનું નવું મોડેલ: ગરીબોના આશરા છીનવીને કઈ કાળી કમાણીનો ખેલ ખેલાયો?

મળતી પ્રાથમિક વિગતો મુજબ, મેરાકુવા ગામે પછાત અને શ્રમિક વર્ગના પરિવારો માટે સરકારે સરદાર આવાસ યોજના હેઠળ આ મકાનો મંજૂર કર્યા હતા. આ મકાનો કાયદેસર રીતે અસ્તિત્વમાં હતા, છતાં સ્થાનિક વહીવટી તંત્ર, ભ્રષ્ટ કન્ટ્રાક્ટરો અને લેન્ડ માફિયાઓની મિલીભગતથી આ ૧૯ આવાસો પર બુલડોઝર ફેરવી દેવાયું હોવાના આક્ષેપો ઉઠ્યા છે. સૌથી મોટો સવાલ એ છે કે, જે ગરીબ પરિવારોના નામે આ આવાસો હતા, તેમને પણ આ ડિમોલિશનની કાનોકાન ખબર પડવા દેવાઈ નથી! શું સુરતની જેમ અહીં પણ કાગળ પર તોડફોડ બતાવીને સરકારી ગ્રાન્ટ અને કાટમાળ સગેવગે કરવાનું કરોડો રૂપિયાનું ષડયંત્ર રચાયું છે?

'પાક્કો ગુજરાત' નો સીધો પ્રહાર: ભ્રષ્ટ તંત્રના પાપે ગરીબો ક્યાં સુધી બેઘર બનશે?

આ મામલો સામે આવતા જ સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે અને જાગૃત નાગરિકોએ આ મામલે ઉચ્ચ સ્તરે તપાસ કરવાની માંગ કરી છે. સુરતમાં આશિષ નાયક જેવા અધિકારીઓએ કાગળ પર ડિમોલિશન બતાવીને જે પાપ કર્યું, એ જ મોડસ ઓપરેન્ડી હવે વડોદરાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ પગપેસારો કરી ચૂકી છે, જે અત્યંત ઘાતક બાબત છે.

'પાક્કો ગુજરાત' અખબાર વડોદરા જિલ્લા કલેક્ટર અને વિકાસ અધિકારીને ખુલ્લો સવાલ પૂછે છે કે, વહીવટી મંજૂરી વગર, કોઈ નોટિસ વગર ૧૯ મકાનો જમીનદોસ્ત થઈ ગયા ત્યાં સુધી આખું તંત્ર કઈ કુંભકર્ણની નિંદ્રામાં સૂતું હતું? આ કૌભાંડ પાછળ કયા કયા સફેદપોશ નેતાઓ અને સરકારી બાબુઓના હાથ છે? જનતાના ટેક્સના પૈસાથી બનેલા આવાસો તોડી પાડીને ગરીબોને રસ્તા પર લાવી દેનારા આ ભ્રષ્ટાચારીઓને જેલના સળિયા પાછળ ક્યારે ધકેલવામાં આવશે?



# નરેશ પટેલ અને હર્ષ સંઘવી વચ્ચે અડધો કલાક બંધ બારણે રહસ્યમય બેઠક : ગુજરાતના રાજકારણમાં ભારે ગરમાવો

રાજકોટ

ગુજરાતના રાજકારણ અને સામાજિક ગલિયારાઓમાંથી આ સમયના સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. લેઉવા પાટીદાર સમાજની સર્વોચ્ચ સંસ્થા ખોડલધામના ચેરમેન નરેશ પટેલ અને રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી વચ્ચે અચાનક એક હાઈપ્રોફાઈલ બેઠક યોજાઈ છે. રાજકોટમાં આ બંને અગ્રણીઓ વચ્ચે અડધો કલાક સુધી બંધ બારણે ચાલેલી આ ગુપ્ત ચર્ચાને પગલે રાજ્યના રાજકીય સમીકરણોમાં ભારે ગરમાવો આવી ગયો છે અને અનેક તર્ક-વિતર્કો શરૂ થઈ ગયા છે. નિવૃત્તિના સંકેતો વચ્ચે રાજકીય હલચલ તેજ, બેઠક પાછળનો અસલી એજન્ડા શું? મળતી વિગતો મુજબ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી રાજકોટની મુલાકાતે હતા, તે દરમિયાન આ મહત્વપૂર્ણ મુલાકાત ગોઠવાઈ હતી. બંધ બારણે થયેલી લાંબી મંત્રણા બાદ જ્યારે પત્રકારોએ ખોડલધામના ચેરમેન નરેશ પટેલને સવાલો પૂછ્યા, ત્યારે તેમણે આ મુલાકાતને સામાન્ય ગણાવતા ટૂંકો જવાબ આપ્યો હતો કે, 'આ માત્ર એક સામાજિક ચર્ચા હતી, આમાં કોઈ રાજકીય એજન્ડા નહોતો.' જોકે, રાજકીય વિશ્લેષકો આ વાતને સહેલાઈથી સ્વીકારવા તૈયાર નથી. નોંધનીય છે કે, થોડા સમય પહેલા જ નરેશ પટેલે જાહેર મંચ પરથી ખોડલધામના ચેરમેન પદેથી નિવૃત્તિ લેવાના સ્પષ્ટ સંકેતો આપ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે હવે નવી પેઢીને આગળ આવવાની તક મળવી જોઈએ. તેમના આ નિવેદન બાદ પાટીદાર સમાજ સહિત સમગ્ર ગુજરાતના રાજકારણમાં મોટો ગણગણાટ શરૂ થયો હતો. આ નિવૃત્તિના સંકેતો વચ્ચે જ રાજ્યના ગૃહ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સાથેની આ બંધ બારણે થયેલી બેઠક પાછળ કોઈ મોટું રાજકીય આયોજન કે આગામી રણનીતિ હોવાની પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે.

# 7 હજારથી વધુ શિક્ષકો પર વધારાનો બોજ: "તાત્કાલિક H-TAT આચાર્યોની ભરતી કરો", શિક્ષક મહાસંઘની સરકાર સમક્ષ ઉગ્ર માંગ

ગાંધીનગર

ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં શિક્ષણનું સ્તર સુધારવાના દાવાઓ વચ્ચે શિક્ષણ વિભાગની કથળેલી વહીવટી નીતિઓનો વધુ એક મોટો ભાંડો ફૂટ્યો છે. રાજ્યની સરકારી શાળાઓમાં લાંબા સમયથી H-TAT (હેડ ટીચર એપ્ટિટ્યુડ ટેસ્ટ) પાસ આચાર્યોની જગ્યાઓ ખાલી હોવાના કારણે, હાલ ૭ હજારથી વધુ સામાન્ય શિક્ષકો પર વહીવટી કામગીરીનો વધારાનો બોજ નાખી દેવામાં આવ્યો છે. આ ગંભીર મુદ્દે હવે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક મહાસંઘે શિક્ષણ મંત્રી અને સરકાર સમક્ષ મોરચો માંડીને તાત્કાલિક કાયમી ભરતી કરવાની ઉગ્ર માંગ કરી છે.

એક આચાર્ય બે-બે શાળાનો વહીવટ કેવી રીતે સંભાળે? શિક્ષણનું સ્તર કથળ્યું!

શિક્ષક મહાસંઘે સરકારની નબળી નીતિઓ સામે આકરા પ્રહારો કરતા સવાલ ઉઠાવ્યો છે કે, 'એક જ આચાર્ય બે કે ત્રણ શાળાઓનો વહીવટ કેવી રીતે સંભાળી શકે?' આચાર્યોની અછતના કારણે શાળાઓમાં માત્ર ઈન્ચાર્જથી ગાડું ગબડાવવામાં આવી રહ્યું છે. પરિણામે, જે શિક્ષકોનું મુખ્ય કામ બાળકોને ભણાવવાનું છે, તેઓ આખો દિવસ સરકારી મિડ-ડે મીલ, ડેટા એન્ટ્રી, અને અન્ય વહીવટી કાગળો પૂરા કરવામાં જ અટવાયેલા રહે છે. આ અણઘડ વહીવટના કારણે ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોના શિક્ષણ પર સીધી નકારાત્મક અસર પડી રહી છે.

નોંધનીય છે કે, રાજ્યમાં હજારો ઉમેદવારો H-TAT ની પરીક્ષા પાસ કરીને નોકરીની રાહ જોઈને બેઠા છે.

## 10,424 કરોડની નિકાસ સાથે હજારોને રોજગારી

# દહેજ SEZ દેશના ટોચના નિકાસ કેન્દ્રોમાં સામેલ

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ જિલ્લાનું દહેજ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (SEZ) દેશના અગ્રણી ઔદ્યોગિક અને નિકાસ કેન્દ્રોમાં સ્થાન પામ્યું છે. છેલ્લા 12 વર્ષમાં ભારતીય અર્થતંત્રમાં આવેલા પરિવર્તનના ભાગરૂપે દહેજ SEZએ નોંધપાત્ર વિકાસ સાધ્યો છે.

દહેજ SEZના વિકાસ કમિશનર અનુપમ કુમારે એક વીડિયો પ્રેઝન્ટેશનમાં જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારની ઉદ્યોગલક્ષી અને નિકાસમુખી નીતિઓને કારણે SEZએ અભૂતપૂર્વ વિકાસ હાંસલ કર્યો છે. તેમણે ઉમેર્યું કે દહેજ SEZ દ્વારા PCPIR વિસ્તારમાં ઔદ્યોગિકીકરણને વેગ મળ્યો છે, જેનાથી ભરૂચ જિલ્લો વૈશ્વિક વેપારના નકશા પર મજબૂત રીતે ઉભરી રહ્યો છે. હાલમાં, દહેજ SEZમાં સ્પેશિયાલિટી કેમિકલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, પેટ્રોકેમિકલ્સ અને એન્જિનિયરિંગ ગુડ્સ જેવા ક્ષેત્રોમાં કાર્યરત 74 ઔદ્યોગિક એકમો આવેલા છે. વર્ષ 2025-26 દરમિયાન, દહેજ SEZએ કુલ રૂ.10,424.31 કરોડની નિકાસ નોંધાવી હતી, જે તેની વધતી ક્ષમતા દર્શાવે છે.



રોજગારી સર્જનમાં પણ દહેજ SEZનું યોગદાન નોંધપાત્ર છે. અત્યાર સુધીમાં, આ ઝોન દ્વારા 23,198 લોકોને રોજગારી પૂરી પાડવામાં આવી છે, જેમાં 10,882 પ્રત્યક્ષ અને 12,316 પરોક્ષ રોજગારીનો સમાવેશ થાય છે. આનાથી ભરૂચ જિલ્લાના હજારો પરિવારોના જીવનધોરણમાં સુધારો થયો છે.

દહેજ SEZનો કુલ વિસ્તાર 1152.94 હેક્ટર છે, જેમાં હાલમાં બે ઝોન કાર્યરત છે. પખાજણ ગામ નજીક આશરે 650 હેક્ટર વિસ્તાર ધરાવતો ત્રીજો ઝોન આ વર્ષના અંત સુધીમાં કાર્યરત થવાની શક્યતા છે. આ ત્રીજા ઝોનના વિકાસથી નવા ઉદ્યોગો, વધુ રોકાણ અને રોજગારીની તકો ઊભી થવાની અપેક્ષા છે. રાષ્ટ્રીય સ્તરે પણ દહેજ SEZએ મજબૂત ઓળખ બનાવી છે. વેપારી નિકાસની દ્રષ્ટિએ તે દેશના તમામ SEZમાં નવમા ક્રમે છે. ખાસ કરીને, કાર્બનિક અને અકાર્બનિક રસાયણો, દવાઓ, ફાર્માસ્યુટિકલ્સ, એન્જિનિયરિંગ માલ અને પ્લાસ્ટિક ઉત્પાદનોની નિકાસમાં તે ચોથું સ્થાન ધરાવે છે. અમેરિકા, બ્રાઝિલ, યુએઈ, ચીન અને જર્મની જેવા દેશોમાં નિકાસની દ્રષ્ટિએ પણ દહેજ SEZ દેશના અગ્રણી ઝોનમાં સ્થાન ધરાવે છે. ઔદ્યોગિક વિકાસ, વિશાળ નિકાસ, વૈશ્વિક વેપારમાં વધતી હાજરી અને હજારો લોકોને મળતી રોજગારીને કારણે દહેજ SEZ આજે ભરૂચ જિલ્લાના આર્થિક વિકાસનું મુખ્ય કેન્દ્ર બન્યું છે. આગામી સમયમાં ત્રીજા ઝોનના અમલીકરણ સાથે, ભરૂચ જિલ્લો દેશના સૌથી મહત્વપૂર્ણ ઔદ્યોગિક હબ તરીકે વધુ મજબૂત સ્થાન પ્રાપ્ત કરશે તેવી અપેક્ષા છે.

## વડોદરાના ગોત્રીમાં મોટી દુર્ઘટના

# રોડ પર ભારેખમ વીજ DP ધરાશાયી થતાં બે નિર્દોષ નાગરિકો કચડાયા...!

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાના ગોત્રી વિસ્તારમાંથી આજે એક અત્યંત ચોંકાવનારી અને તંત્રની આંખ ઉઘાડતી ગંભીર દુર્ઘટના સામે આવી છે. ગોત્રી પોલીસ સ્ટેશનથી બનસલ મોલ તરફ જતા મુખ્ય માર્ગ પર, લાભ આઈકોન ઈમારતની બિલકુલ સામે અચાનક જ MGVCL (મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ) ની એક ભારેખમ અને લોખંડી વીજ ડીપી (DP) ધડાકાભેર રોડ પર ધરાશાયી થઈ ગઈ હતી.

આ અણધારી અને ભયાનક ઘટના બની ત્યારે માર્ગ પરથી વાહનો અને પગપાળા લોકો પસાર થઈ રહ્યા હતા. કમનસીબે, આ વીજ ડીપી તૂટી પડતાં ત્યાંથી પસાર થઈ રહેલા બે નિર્દોષ નાગરિકો તેની ઝપેટમાં આવી ગયા હતા અને લોખંડના ભારે સ્ટ્રક્ચર નીચે દબાઈ જતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. વીજ લાઈન ચાલુ હોત તો મોટી જાનહાનિ થઈ શકી હોત, પરંતુ ડીપી પડતાંની સાથે જ સ્થાનિકોમાં અફરાતફરી મચી ગઈ હતી. ધડાકાનો અવાજ સાંભળીને આસપાસના સ્થાનિક લોકો અને વેપારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. લોકોએ ભારે જહેમત બાદ કાટમાળ નીચે દબાયેલા બંને ઘાયલોને બહાર કાઢ્યા હતા. આ મામલે વિલંબ કર્યા વગર તુરંત જ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી.

# શું કાજલ હિન્દુસ્તાનીએ વિનુભાઈ મોરડીયાની સોપારી લીધી છે? સુરતના 'ઘોસ્ટ ડિમોલિશન' વિવાદ વચ્ચે રાજકારણ ગરમાયું

સુરત

ગુજરાતના રાજકારણમાં અને ખાસ કરીને સુરતમાં હાલ એક સનસનાટીપૂર્ણ સવાલ સોશિયલ મીડિયાથી લઈને રાજકીય ગલિયારાઓમાં ધૂમી રહ્યો છે: 'શું કાજલ હિન્દુસ્તાનીએ પૂર્વ મંત્રી અને ભાજપના નેતા વિનુભાઈ મોરડીયાની રાજકીય સોપારી લીધી છે?' સુરતના નાસીરનગરના ચકચારી 'ઘોસ્ટ ડિમોલિશન' (કાગળ પર થયેલા તોડફોડ) કૌભાંડ બાદ આ વિવાદે જોર પકડ્યું છે. 'પાક્કો ગુજરાત' ના ખાસ શો 'મુદ્દાની વાત' માં વરિષ્ઠ પત્રકાર પવન માકન સાથેની એક્સક્લુઝિવ વાતચીતમાં કાજલ હિન્દુસ્તાનીએ આ અંગે ધડાકો કર્યો છે. સુરત મહાનગરપાલિકાના અધિકારી આશિષ નાયક દ્વારા નાસીરનગરમાં વાસ્તવિક રીતે કોઈ ડિમોલિશન કર્યા વગર જ કાગળ પર ડિમોલિશન બતાવી કરોડોનો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે. આ કૌભાંડને ઉજાગર કરવામાં કાજલ હિન્દુસ્તાનીએ આક્રમક વલણ અપનાવ્યું છે. જોકે, વિવાદ ત્યારે વકર્યો જ્યારે આ કૌભાંડના તાર પૂર્વ મંત્રી વિનુભાઈ મોરડીયા સાથે જોડાવા લાગ્યા. રાજકીય ચર્ચાઓ શરૂ થઈ કે આ ભ્રષ્ટાચાર પાછળ મોટા માથાઓનો હાથ છે અને કાજલ હિન્દુસ્તાની જાણીજોઈને વિનુભાઈ મોરડીયાને ટાર્ગેટ કરી રહ્યા છે. જ્યારે પવન માકન દ્વારા સીધો સવાલ પૂછવામાં આવ્યો કે શું તમે વિનુભાઈની રાજકીય સોપારી લીધી છે? ત્યારે કાજલ હિન્દુસ્તાનીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે, 'મારે કોઈ વ્યક્તિગત દુશ્મની નથી અને મેં કોઈની સોપારી લીધી નથી. મારો વિરોધ કોઈ વ્યક્તિ સામે નહીં, પણ જનતાના ટેક્સના પૈસા લૂંટતા ભ્રષ્ટાચાર અને ભ્રષ્ટ સિસ્ટમ સામે છે. જો કૌભાંડમાં કોઈ નેતા કે અધિકારી સામેલ હશે, તો તેનું નામ સામે આવશે જ.' આ એક્સક્લુઝિવ એનાલિસિસ બાદ સુરતના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. હવે જોવાનું એ રહેશે કે મનપાના આ કરોડોના કૌભાંડમાં તપાસ ક્યાં સુધી પહોંચે છે અને કયા મોટા માથાઓના નકાબ ઉતરે છે.

## જળ પ્રદૂષણનું મોટું પાપ સામે આવ્યું

# પાનોલીમાં નોટિફાઇડની લાઇનમાં ભંગાણ : કેમિકલયુકત પાણી ભળ્યું

ભરૂચ, રંગુની જાકીર

પાનોલી જીઆઈડીસી માં જળ પ્રદૂષણનું મોટું પાપ સામે આવ્યું છે. નોટિફાઈડ ની પ્રદુષિત પાણી લઈ જતી લાઈનમાં ભંગાણ થતાં બે દિવસથી ખાડીમાં કેમિકલયુક્ત ઝેરી પાણી વહી રહ્યું છે. વિવિધ મોનીટરીંગ ટીમ ઘોર નિદ્રામાં જોવા મળી રહી છે. હજારો લીટર ઔદ્યોગિક એફ્લુઅન્ટ જમીન પર ફરી વળ્યા બાદ ખાડીમાં ભળ્યું છે. જેને લઈ જળચર સૃષ્ટિના અસ્તિત્વ સામે ભયંકર ખતરો ઉભો થયો છે.

પાનોલી જીઆઈડીસીની મેમ્બર ઈન્ડસ્ટ્રીઝ માંથી નીકળતા કેમિકલયુક્ત એફ્લુઅન્ટ નિકાલની વ્યવસ્થા પર ફરી એકવાર મોટા સવાલો ઉભા થયા છે. પાનોલી જીઆઈડીસી ઉદ્યોગોનું એફ્લુઅન્ટ વહન કરીને નર્મદા ક્લીન ટેક કંપની તરફ જતી અંડરગ્રાઉન્ડ લાઈનમાં મોટું લીકેજ સર્જાયું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. છેલ્લા બે દિવસથી લાઈન તૂટી હોવા છતાં તંત્ર હજુ સુધી



કુંભકર્ણ નિદ્રામાં હોય તેમ લાગી રહ્યું છે.

આ અંડરગ્રાઉન્ડ લાઈનમાં છેલ્લા એક થી બે દિવસથી સતત લીકેજ ચાલુ છે. લીકેજ એટલું ગંભીર છે કે પાણીની અંદરથી ભારે દબાણ સાથે એફ્લુઅન્ટ ના ઉભરા બહાર નીકળી રહ્યા છે. આ દૂષિત પાણી આજુબાજુની જમીન પર ફરી વળ્યા બાદ હવે સીધું સ્થાનિક ખાડીમાં ભળી રહ્યું છે. આટલી ગંભીર સ્થિતિ હોવા છતાં પાનોલી નોટિફાઈડ ઓથોરિટી ની આ ગંભીર લાપરવાહી સામે હવે સ્થાનિક ગ્રામજનો અને પર્યાવરણ પ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# પાટનગરમાં ખેલાયો ખૂની ખેલ : પરિવાર-પોલીસ હાજરીમાં પ્રેમીએ પ્રેમિકાને ખોળામાં સુવડાવી ગળું કાપ્યું

ગાંધીનગર

ગાંધીનગરના ચિલોડા પોલીસ મથકની હદમાં આવેલા ધણપ ગામ હાઈ-વે પરની રોયલ ફોર્ટ હોટેલમાં એક કાળજું કંપાવી દેનારી ઘટના સામે આવી છે. મધ્યપ્રદેશથી ભાગીને આવેલા પ્રેમી પંખીડાને પકડીને પરત લઈ જઈ રહેલી પોલીસ અને પરિવારના સભ્યોની હાજરીમાં જ પ્રેમીએ તેની પ્રેમિકાને ખોળામાં સુવડાવી ગળે ચપ્પુ ફેરવી ઘાતકી હત્યા કરી નાખી છે. પ્રેમિકાનું ગળું કાપ્યાં બાદ પ્રેમીએ પોતે પણ ગળાના ભાગે ચપ્પુ મારીને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો.

પોલીસના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, મધ્યપ્રદેશના વતની એવા 21 વર્ષીય રજની બજલાલ ધાકડ અને 24 વર્ષીય સંતોષ ઉધમ જાટવ વચ્ચે પ્રેમસંબંધ હતો. આ પ્રેમી પંખીડા પોતાના ઘરેથી ભાગીને ગુજરાતના રાજકોટ તરફ નાસી આવ્યા હતા. આ મામલે યુવતીના પરિવારજનોએ મધ્યપ્રદેશમાં ફરિયાદ નોંધાવી હતી.

## આમોદ પાલિકાની પ્રથમ સભામાં વિશેષ કમિટી રચાઈ

# ખર્ચની તપાસ અને વિકાસકાર્યો માટે મહત્વના ઠરાવો પસાર કરાયા

ભરૂચ, રંગુની જાકીર

આમોદ નગરપાલિકાના નવનિયુક્ત સભ્યોની પ્રથમ સામાન્ય સભા પાલિકા પ્રમુખ મહેન્દ્ર દેસાઈના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ સભામાં નગરના વિકાસ, વહીવટી કામગીરી અને વિવિધ જાહેર હિતના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી, તેમજ જરૂરી ઠરાવો પસાર કરી બહાલી આપવામાં આવી હતી.

સભામાં સૌથી વધુ ચર્ચાસ્પદ મુદ્દો તત્કાલીન મુખ્ય અધિકારી દ્વારા ગત સામાન્ય સભાની મંજૂરી તેમજ ત્રિમાસિક હિસાબોને બહાલી મળ્યા વગર કરવામાં આવેલા વિવિધ ખર્ચાઓનો રહ્યો હતો. સભ્યોએ આ ખર્ચાઓ અંગે ગંભીરતા વ્યક્ત કરી હતી.આ ખર્ચાઓની પારદર્શક તપાસ માટે સર્વાનુમતે એક વિશેષ તપાસ સમિતિની રચના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ સમિતિમાં પાલિકા પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી અધ્યક્ષ, મુખ્ય અધિકારી તથા વિપક્ષના નેતાનો સમાવેશ કરવામાં આવ્યો છે.આ સમિતિ તમામ ખર્ચ તથા સંબંધિત દસ્તાવેજોની વિગતવાર ચકાસણી કરશે. ચકાસણી બાદ જો ખર્ચ નિયમો મુજબ અને વાજબી જણાશે તો આગામી સામાન્ય સભામાં તેને મંજૂરી આપવાનો નિર્ણય લેવામાં આવશે. સામાન્ય સભામાં પાલિકાના વિવિધ વિભાગોના કાર્યો વધુ સુચારુ અને અસરકારક રીતે ચાલે તે માટે અન્ય વિવિધ સમિતિઓની પણ રચના કરવામાં આવી હતી. આ ઉપરાંત, ચર્ચા દરમિયાન એવી બાબત પણ સામે આવી હતી કે સાંસદ સભ્યની ગ્રાન્ટમાંથી મંજૂર થયેલા કેટલાક વિકાસકામોના ઠરાવો સમયસર ન થતાં લાખો રૂપિયાની ગ્રાન્ટ પરત જવાની સ્થિતિ સર્જાઈ હતી. આ મુદ્દે સભ્યો દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, આ ગ્રાન્ટ ફરીથી ઉપલબ્ધ થાય તે માટે ભાજપના ચૂંટાયેલા સભ્યો તથા કાર્યકરો દ્વારા સાંસદ સમક્ષ રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.આમોદ પાલિકાની પ્રથમ સામાન્ય સભામાં મહિલા સભ્યો ઉપરાંત તેમના પતિઓ પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# અંબાપુરમાં 27 વર્ષીય મહિલાનો ગળાફાંસો ખાઈ આપઘાત : બે લગ્ન કર્યા તોય સંતાન સુખ પ્રાપ્ત થતું નહોતું

ગાંધીનગર

ગાંધીનગરના કોબા-અડાલજ રોડ પર આવેલી અંબા ફ્લેટની લેબર કોલોનીમાં એક અત્યંત કરુણ ઘટના પ્રકાશમાં આવી છે. અહીં રહેતી 27 વર્ષીય શ્રમજીવી મહિલાએ એકલતાનો લાભ ઉઠાવી પોતાની ઓરડીમાં છતની લોખંડની એંગલ સાથે સાડી બાંધી ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લીધું છે. આ ચકચારી બનાવ અંગે અડાલજ પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, લગ્નના વર્ષો બાદ પણ સંતાન સુખ પ્રાપ્ત ન થતાં મહિલાએ ભારે ડિપ્રેશનમાં આવીને આ આત્યંતિક પગલું ભરી લીધું હતું.

પોલીસ સૂત્રો પાસેથી મળતી સત્તાવાર વિગતો અનુસાર, કોબા-અડાલજ રોડ પર આવેલા અંબા ફ્લેટના કન્સ્ટ્રક્શન સાઈટના બિલ્ડર દ્વારા મજૂરોને રહેવા માટે ત્યાં જ લેબર કોલોની ઊભી કરવામાં આવી છે. આ કોલોનીની એક ઓરડીમાં મૂળ ગોધરા પંથકની 27 વર્ષીય પરિણીતા શિલ્પાબેન પિન્ટુભાઈ ડામોર પોતાના પતિ સાથે રહેતી હતી. પોલીસ તપાસમાં ખુલ્યું છે કે શિલ્પાના અગાઉ પણ એક જગ્યાએ લગ્ન થયા હતા, પરંતુ સંતાન ન થવાના કારણે પ્રથમ પતિએ તેને છૂટાછેડા આપી દીધા હતા.

# વડોદરામાં કાયદો-વ્યવસ્થાના લીરેલીરા : કલાલીમાં પત્નીની નજર સામે જ યુવકની હત્યા

## મુખ્ય આરોપી દર્શન મારવાડી ક્રાઇમ બ્રાન્ચના સકંજામાં!

વડોદરા

સંસ્કારી નગરી વડોદરાના કલાલી વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને પડકાર ફેંકતી એક અત્યંત લોહીયાળ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ગત ૩ જૂનના રોજ એક સામાજિક પ્રસંગમાં ગયેલા ૩૦ વર્ષીય નિર્દોષ યુવકની તેની જ પત્નીની નજર સામે તીક્ષ્ણ હથિયારોના ઘા ઝીંકીને નિર્મમ હત્યા કરી દેવામાં આવી છે. જૂની અદાવતનો બદલો લેવા માટે આચરેલા આ ઘાતકી ખેલથી સમગ્ર વડોદરા શહેરમાં ભારે ચકચાર મચી ગઈ છે.

મળતી વિગતો મુજબ, ૩૦ વર્ષીય મૃતક યુવક પોતાની પત્ની સાથે કલાલી વિસ્તારમાં યોજાયેલા એક સામાજિક પ્રસંગમાં હાજરી આપવા ગયો હતો. ખુશીના માહોલ વચ્ચે અચાનક ત્રાટકેલા હુમલાખોરોએ પૂર્વ આયોજિત કાવતરાના ભાગરૂપે યુવકને ઘેરી લીધો હતો. પત્ની કઈ સમજે કે બચાવવા માટે આજીજી કરે તે પહેલાં જ, હુમલાખોરોએ પત્નીની નજર સામે જ યુવક પર તીક્ષ્ણ હથિયારો વડે ઉપરાછાપરી જીવલેણ ઘા ઝીંકી દીધા હતા. હુમલો એટલો ભયાનક હતો કે ગંભીર રીતે લોહીલુહાણ થયેલા યુવકે ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો અને હુમલાખોરો લોહીના ખાબોચિયામાં યુવકને તડપતો છોડી ફરાર થઈ ગયા હતા.

## બી.કોમ ઓનર્સમાં એડમિશન માટે ઓલ ગુજરાત સ્ટુડન્ટ યુનિયન (AGSU) મેદાને

# MS યુનિવર્સિટીમાં AGSUનો પ્રચંડ વિરોધ : 400 થી વધુ વિદ્યાર્થીઓના એડમિશન ટ્રાન્સફર માટે અપાયું આવેદનપત્ર

વડોદરા

વડોદરાની વિશ્વવિખ્યાત મહારાજા સયાજીરાવ (એમ. એસ.) યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટી ખાતે આજે વિદ્યાર્થીઓના ભવિષ્યને લઈને ભારે ગરમાગરમી જોવા મળી હતી. વર્ષ ૨૦૨૬ના શૈક્ષણિક સત્રમાં બી.કોમ ઓનર્સ (B.Com Honours) કોર્સમાં એડમિશન લેવા ઈચ્છતા ૪૦૦ થી પણ વધુ વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાતા આજે વિદ્યાર્થી સંગઠન મેદાને આવ્યું હતું.

ચાલુ વર્ષે એમ. એસ. યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાં B.Com Honours માં પ્રવેશ મેળવવા માંગતા અંદાજે ૪૦૦ થી વધારે વિદ્યાર્થીઓથી ફોર્મ ભરતી વખતે એક મોટી ભૂલ થઈ ગઈ હતી. આ વિદ્યાર્થીઓએ ઓનલાઈન GCAS ના પોર્ટલ ઉપર ભૂલથી બી.કોમ ઓનર્સના બદલે 'બી.કોમ બિઝનેસ ઓપરેશન' નો ઓપ્શન સિલેક્ટ કરી દીધો હતો.

મહત્વની વાત એ છે કે આ તમામ ૪૦૦ થી વધુ વિદ્યાર્થીઓ લાયકાતના તમામ ધોરણો પૂરા કરે છે:

તેઓએ બી.કોમ.ની એન્ટ્રન્સ એક્ઝામ (પ્રવેશ પરીક્ષા) પણ આપેલી છે.

ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષામાં તમામના ૪૫% થી વધારે માર્ક્સ છે.

આ લાયકાત હોવા છતાં માત્ર પોર્ટલની એક ટેકનિકલ ભૂલ અથવા અસમજણના કારણે આ વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં મુકાયું હતું. વિદ્યાર્થીઓની માંગ છે કે તેમનું એડમિશન બી.કોમ બિઝનેસ ઓપરેશનમાંથી 'B.Com Honours' કોર્સમાં ટ્રાન્સફર કરવામાં આવે.

AGSU ના પંકજ જયસ્વાલની આગેવાનીમાં ભારે સૂત્રોચ્ચાર

વિદ્યાર્થીઓના આ ગંભીર પ્રશ્નને વાચા આપવા માટે આજે ઓલ ગુજરાત સ્ટુડન્ટ યુનિયન (AGSU) ના નેતા પંકજ જયસ્વાલ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને સાથે રાખીને કોમર્સ ફેકલ્ટી ખાતે ધસી ગયા હતા. વિદ્યાર્થીઓએ પોતાના હક માટે ફેકલ્ટી કેમ્પસમાં ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા અને વાતાવરણ ગજવી મૂક્યું હતું. ત્યારબાદ AGSU અને વિદ્યાર્થીઓ દ્વારા ફેકલ્ટી ડીનને રૂબરૂ મળીને આ મામલે તાકીદે યોગ્ય નિર્ણય લેવા માટે એક આવેદનપત્ર સોંપવામાં આવ્યું હતું.

ફેકલ્ટી ડીને આપી હૈયાધારણ: સાંજ સુધીમાં સુખદ અંત આવવાની આશા

વિદ્યાર્થીઓનો રોષ અને આક્રોશ જોઈને કોમર્સ ફેકલ્ટીના ડીન પણ એક્શનમાં આવ્યા હતા. આવેદનપત્ર સ્વીકાર્યા બાદ ફેકલ્ટી ડીને હકારાત્મક વલણ દાખવતા જણાવ્યું હતું કે, 'સાંજ સુધીમાં આ તમામ વિદ્યાર્થીઓના એડમિશનનો પ્રશ્ન હલ થઈ જશે અને તેમને એડમિશન મળી જશે. અમારી પૂરેપૂરી કોશિશ છે કે વડોદરાના તમામ લાયક વિદ્યાર્થીઓને પ્રવેશ મળે અને કોઈનું વર્ષ બગાડે નહીં.'

પાક્કો ગુજરાત
રવિવાર । 14 જૂન 2026 । અમદાવાદ

# ખેડા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા ખાડે

## માતરમાં નિવૃત્ત PSIના ઘર પર બૂટલેગરોનો સશસ્ત્ર હુમલો, પિસ્તોલ બતાવી કર્યું ફાયરિંગ!




- પોલીસના નાક નીચે બૂટલેગરો બેખૌફ, વહીવટદારોના પાપે ખાખી શરમાઈ!
- મળતી વિગતો મુજબ, બે-ત્રણ દિવસ પહેલા અમદાવાદના એક નામી બૂટલેગરની ગાડી માતરમાં દારૂ ખાલી કરવા આવી હતી

ખેડા

ખેડા જિલ્લામાં જાણે ખાખીનો ખોફ ઓગળી ગયો હોય તેમ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સાવ ખાડે ગઈ છે. માતરની ખોડિયાર ચોકડી નજીક એક નિવૃત્ત પીએસઆઈ (PSI) ના ઘર પર બૂટલેગરોના સશસ્ત્ર ટોળાએ હુમલો કરી, પિસ્તોલ બતાવી ફાયરિંગ કરતા સમગ્ર પંથકમાં ભારે સનસનાટી મચી ગઈ છે. લુખ્ખા તત્વોના આ આતંકથી નિવૃત્ત પોલીસ અધિકારીના પરિવારમાં નાસભાગ મચી ગઈ હતી.

મળતી વિગતો મુજબ, બે-ત્રણ દિવસ પહેલા અમદાવાદના એક નામી બૂટલેગરની ગાડી માતરમાં દારૂ ખાલી કરવા આવી હતી. આ દરમિયાન બૂટલેગરની ગાડીએ નિવૃત્ત PSIના પૌત્ર મુકુંદભાઈની ગાડી સાથે અકસ્માત સર્જ્યો હતો. અકસ્માત બાદ બૂટલેગરે ભાગવાનો પ્રયાસ કરતા મુકુંદભાઈ સાથે ભારે રકઝક થઈ હતી. આ જ અદાવત રાખીને અસામાજિક તત્વોએ નિવૃત્ત PSIના ઘરને નિશાન બનાવ્યું હતું. હુમલાખોરોએ મુકુંદભાઈના માતાને પિસ્તોલ બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને ઘર બહાર પાર્ક કરેલી ગાડીમાં તોડફોડ કરી, હવામાં ફાયરિંગ કરીને ફરાર થઈ ગયા હતા.

પોલીસના નાક નીચે બૂટલેગરો બેખૌફ, વહીવટદારોના પાપે ખાખી શરમાઈ! : સૂત્રો તરફથી મળતી માહિતી મુજબ, આ ઘટના બાદ પણ પોલીસના કહેવાતા વહીવટદારો દ્વારા ભોગ બનનાર પરિવાર પર સમાધાન કરવા માટે ભારે દબાણ લાવવામાં આવી રહ્યું છે. ખેડા જિલ્લામાં દારૂ અને જુગારનું દૂષણ એટલી હદે વકર્યું છે કે બૂટલેગરો હવે સીધા કાયદાના રક્ષકો પર જ હુમલા કરી રહ્યા છે. ચર્ચા તો એવી પણ છે કે જિલ્લાના મુખ્ય વહીવટદાર મુકેશ બારોટ, એલસીબી (LCB) ના વહીવટદાર જયેશ રબારી અને માતર પોલીસ સ્ટેશનમાં ફેવિકોલની જેમ ચોંટેલા રીઢા વહીવટદાર મહિપતસિંહ જેવા તત્વોના પાપે અસામાજિક તત્વોને મોકળું મેદાન મળ્યું છે. એવું લાગી રહ્યું છે કે એલસીબીના પીઆઈ કેવલ વેકરિયા માત્ર શોભાના ગાંઠિયા સમાન સાબિત થઈ રહ્યા છે અને બૂટલેગરોને છાવરી રહ્યા છે. પોલીસની આ નબળી નીતિ અને ભ્રષ્ટાચારના કારણે જ ગુનેગારોમાં કાયદાનો કોઈ ડર રહ્યો નથી, જે સામાન્ય જનતાની સુરક્ષા માટે અત્યંત ઘાતક સાબિત થઈ રહ્યું છે.

## જામનગર રોડ પર નવનિર્મિત સાંઢિયા પુલ ઓવરબ્રિજનું હર્ષ સંઘવીના હસ્તે ભવ્ય લોકાર્પણ!

રાજકોટ

રાજકોટના જામનગર રોડ પર લાંબા સમયથી જેની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી હતી, તે નવનિર્મિત હાઈટેક સાંઢિયા પુલ ઓવરબ્રિજનું આખરે ભવ્ય લોકાર્પણ કરી દેવામાં આવ્યું છે. આ અતિ આધુનિક ઓવરબ્રિજનું જનતા માટેનું લોકાર્પણ રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના વરદ હસ્તે વિધિવત રીતે સંપન્ન થયું છે. બ્રિજ ખુલ્લો મુકાતાની સાથે જ સ્થાનિકો અને વાહનચાલકોમાં ભારે આનંદની લાગણી વ્યાપી ગઈ છે. જામનગર રોડ અને તેની આસપાસના વિસ્તારોમાં ટ્રાફિકનું ભારણ સતત વધી રહ્યું હતું, જેના કારણે પીક અવર્સમાં વાહનચાલકોને કલાકો સુધી ટ્રાફિક જામની સમસ્યાનો સામનો કરવો પડતો હતો. રાજકોટ મહાનગરપાલિકા (RMC) દ્વારા તૈયાર કરાયેલો આ નવો ઓવરબ્રિજ શહેરની ટ્રાફિક વ્યવસ્થાને વધુ સુગમ, ઝડપી અને સલામત બનાવશે. આ બ્રિજના કારણે માધાપર ચોકડી, જામનગર રોડ અને રેલવે



ક્રોસિંગ તરફ જતા હજારો વાહનચાલકોનો સમય અને ઈંધણ બંનેની મોટી બચત થશે. લોકાર્પણ પ્રસંગે સંબોધન કરતા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રંગીલું રાજકોટ હવે સ્માર્ટ અને વિકસિત સિટી તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. શહેરીજનોની સુવિધા માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર મજબૂત કરવું એ સરકારની પ્રાથમિકતા છે અને આ ઓવરબ્રિજ વિકસિત રાજકોટના ગ્રોથ એન્જિનમાં વધુ એક મજબૂત પીંછું ઉમેરશે.

## 'ઓફિસર પાસે પાવર જ નથી તો મંજૂરી કેમ આપી?': રાજભા ગઢવીના સિંહ ડાયરા મામલે નિવૃત્ત વન અધિકારી લાલઘૂમ..!

જૂનાગઢ

પ્રખ્યાત લોકસાહિત્યકાર રાજભા ગઢવી દ્વારા સિંહોની હાજરી વચ્ચે યોજાયેલા ડાયરાના વિવાદે હવે મોટું સ્વરૂપ ધારણ કર્યું છે. આ મામલે વન વિભાગના જ એક નિવૃત્ત ઉચ્ચ અધિકારી ભારે રોષે ભરાયા છે અને વન વિભાગની કામગીરી સામે આકરા પ્રહારો કર્યા છે. તેમણે સવાલ ઉઠાવ્યો છે કે, 'જ્યારે સંબંધિત ઓફિસર પાસે આવી મંજૂરી આપવાનો કોઈ પાવર જ નથી, તો પછી ડાયરા માટે મંજૂરી કઈ રીતે આપવામાં આવી?' તેમણે ચેતવણીભર્યા સુરમાં કહ્યું કે, જો તંત્ર આ જ રીતે બેદરકાર રહેશે તો આમ ને આમ પવિત્ર ગીર એક દિવસ ખતમ થઈ જશે.




નિવૃત્ત વન અધિકારીએ ગીરના જંગલની વર્તમાન સ્થિતિ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 'આજે ગીરને માત્ર એક ટૂરિસ્ટ પ્લેસ (પ્રવાસન સ્થળ) બનાવી દેવામાં આવ્યું છે. જંગલની મર્યાદા અને સિંહોની શાંતિ જોખમાઈ રહી છે. જ્યાં જુઓ ત્યાં આડેધડ હોટલ્સ, હોમ-સ્ટે અને આલીશાન રિસોર્ટ ખડકી દેવાયા છે. કાયદાના લીરેલીરા ઉડાવીને થઈ રહેલા આ કોમર્શિયલ ડેવલપમેન્ટના કારણે ગીરમાં મોટા પાયે મુશ્કેલીઓ ઊભી થઈ રહી છે.'

તેમણે વધુમાં ઉમેર્યું કે, ગીરની આસપાસ જે રીતે અસાધારણ અને બિનજરૂરી બાંધકામો વધી રહ્યા છે, તેના ઘોંઘાટ અને માનવ હસ્તક્ષેપથી કિંગ ઓફ ગીર એટલે કે સિંહો પરેશાન થઈ રહ્યા છે. પોતાના જ ઘરમાં અસુરક્ષિત અનુભવતા સિંહો હવે વધારે સેફ (સુરક્ષિત) જગ્યા શોધવાના ચક્કરમાં પોતાની મૂળ ટેરેટરી (વિસ્તાર) છોડીને બહાર નીકળી રહ્યા છે, જે માનવ-વન્યજીવ સંઘર્ષને નોતરી રહ્યું છે. રાજભા ગઢવીના ડાયરાના વાયરલ વીડિયો બાદ વન વિભાગ ભલે તપાસના નામે હાથ અધ્ધર કરી રહ્યું હોય, પરંતુ નિવૃત્ત વન અધિકારીના આ સનસનાટીપૂર્ણ ખુલાસાએ વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને સ્થાનિક નેતાઓની મિલીભગત સામે મોટા સવાલો ઊભા કરી દીધા છે. 'પાક્કો ગુજરાત' અખબાર વન વિભાગને પૂછે છે કે વન્યજીવોના ભોગે આ વ્યાપારીકરણ ક્યાં સુધી ચલાવી લેવાશે?

## ખેડાના રઢુ ગામે વયોવૃદ્ધ મહિલાને વાતોમાં ભોળવી સોનાના દાગીના ચોરતી દહેગામની બે મહિલાઓ ઝડપાઈ

ખેડા


ખેડા-નડીયાદ ક્રાઈમ બ્રાન્ચે એક મોટી સફળતા મેળવીને ખેડાથી ધોળકા રોડ પર આવેલા રઢુ ગામે વયોવૃદ્ધ મહિલાને નિશાન બનાવી સોનાના ઘરેણાની ચોરી કરનાર મહીલા બેલડીને પાંચ લાખ રૂપિયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડી છે. મળતી માહિતી મુજબ, રઢુ ગામે પ્રાથમિક શાળાની બાજુમાં આવેલા ફળીયામાં એક વયોવૃદ્ધ મહિલા ઘરે એકલા હતા. આ સમયનો લાભ ઉઠાવીને બે મહિલાઓ ત્યાં અનાજના દાણા અને કપડા માંગવાના બહાને આવી પહોંચી હતી. આ ચાલાક મહિલાઓએ ઘરડા માજીને પોતાની વાતોમાં એવા ઉલઝાવી રાખ્યા કે તેમને ગંધ સુદ્ધાં ન આવી. માજી વાતોમાં મશગૂલ હતા તે દરમિયાન આ મહિલાઓએ ઘરની ઓસરીની લોખંડની જાળીનો નકુચો ખૂબ જ સિફતપૂર્વક ખોલી નાખ્યો હતો. ત્યારબાદ અંદરના બેઠક રૂમના બારણાનો નકુચો ખોલી, રૂમમાં મુકેલા કબાટનું તાળું તોડી સોનાના કિંમતી ઘરેણાની ચોરી કરી રફુચક્કર થઈ ગઈ હતી. આ ચકચારી ઘટનાની તપાસમાં લી ખેડા-નડીયાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ગણતરીના સમયમાં જ ઓપરેશન પાર પાડીને બંને આરોપી મહિલાઓને દબોચી લીધી છે.

## 'ભગવાન પર ટ્રસ્ટનો નહીં, ભક્તોનો અધિકાર': સાળંગપુર કષ્ટભંજન દેવના ટ્રેડમાર્ક અને કોપીરાઇટ વિવાદે પકડ્યું જોર

બોટાદ

વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુર કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર ફરી એકવાર મોટા વિવાદના વમળમાં ફસાયું છે. સાળંગપુર મંદિરના વહીવટદાર સ્વામીઓ દ્વારા હનુમાનજી દાદાની મૂર્તિ, લોગો અને ધાર્મિક ચિહ્નોના ટ્રેડમાર્ક તેમજ કોપીરાઈટ લેવાની પ્રક્રિયા શરૂ કરાતા જ વિવાદનો મોટો ભડકો થયો છે. આ મામલે સનાતન ધર્મના સંતો અને શ્રદ્ધાળુઓ લાલઘૂમ થયા છે. સોશિયલ મીડિયાથી લઈને ધાર્મિક સંગઠનોમાં એક જ સૂર ઉઠ્યો છે કે, 'ભગવાન કોઈની ખાનગી મિલકત નથી, ભગવાન પર ટ્રસ્ટનો નહીં પણ ભક્તોનો અધિકાર છે.'

મળતી વિગતો મુજબ, સાળંગપુર મંદિરના વહીવટી તંત્ર દ્વારા હનુમાનજી દાદાના નામ, ફોટો, કિંગ ઓફ સાળંગપુરની વિશાળ પ્રતિમાની ડીઝાઈન અને ધાર્મિક પ્રતીકો પર કાનૂની હક જમાવવા માટે ટ્રેડમાર્ક અને કોપીરાઈટની અરજીઓ કરવામાં આવી છે. આ કાનૂની પ્રક્રિયા પાછળ એવી દલીલ




કરવામાં આવી રહી છે કે કોઈ ભગવાનના નામનો વ્યાપારીક દુરુપયોગ ન કરે. પરંતુ, સનાતન ધર્મના સંતો આ દલીલને ફગાવી રહ્યા છે. સંતોનું કહેવું છે કે જો ભગવાનના જ ટ્રેડમાર્ક લઈ લેવાશે, તો ભવિષ્યમાં સામાન્ય ભક્તો કે અન્ય સંસ્થાઓ દાદાના ફોટા કે ભજનોનો ઉપયોગ કરશે તો શું તેમની સામે કેસ કરવામાં આવશે?

અગાઉ સાળંગપુરમાં હનુમાનજી દાદાને સહજાનંદ સ્વામી સામે પ્રણામ કરતા દર્શાવતા ભીંતચિત્રો (મ્યુરલ્સ)નો વિવાદ હજુ માંડ શાંત પડ્યો છે, ત્યાં આ નવા વિવાદે સનાતનીઓ ક્રોધે ભરાયા છે. હિન્દુ સંગઠનો આક્ષેપ કરી રહ્યા છે કે ભગવાનના નામે કરોડો રૂપિયાનું દાન ઉઘરાવતા ટ્રસ્ટો હવે ભગવાનને પોતાની પેઢી સમજી બેઠા છે.

'પાક્કો ગુજરાત' અખબાર સવાલ ઉઠાવે છે કે, જે હનુમાનજી મહારાજ અખિલ બ્રહ્માંડના માલિક છે, તેમના પર કોઈ સંસ્થા કે ટ્રસ્ટ પોતાનો કાનૂની દાવો કઈ રીતે ઠોકી શકે? જો આ વિવાદ વહેલી તકે નહીં ઉકેલાય, તો આગામી દિવસોમાં સનાતન ધર્મના સંતો સાળંગપુર વહીવટદારો સામે મોટું આંદોલન છેડે તેવી પૂરેપૂરી શક્યતાઓ છે.

### અંબાજી મંદિરમાં મીડિયાકર્મીઓ સાથે ભેદભાવ, તંત્રની બેધારી નીતિ સામે રોષ!

## અંબાજી મંદિરમાં પત્રકારો સાથે 'વાલા-દવલા'ની નીતિ કેમ? ચોર પકડાય ત્યારે પેટમાં કેમ તેલ રેડાય છે?

અંબાજી, બનાસકાંઠા

યાત્રાધામ અંબાજી મંદિર ટ્રસ્ટ અને ત્યાં ફરજ બજાવતી પોલીસ ફરી એકવાર વિવાદોના વમળમાં ફસાઈ છે. અંબાજી મંદિરના ગેટ નંબર 7 પર આજે જે કંઈ પણ બન્યું, તેણે લોકશાહીની ચોથી જાગીર સમાન મીડિયાના અધિકારો પર તરાપ મારી છે અને તંત્રની પક્ષપાતી નીતિને ખુલ્લી પાડી દીધી છે. આજે હેમાંગ રાવલ દ્વારા અંબાજી મંદિરના ચાચર ચોકમાં એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તમામ મીડિયાકર્મીઓને વિધિવત આમંત્રણ આપવામાં આવ્યું હતું. પરંતુ, જ્યારે પત્રકારો મંદિરના ગેટ નંબર 7 પર પહોંચ્યા, ત્યારે ત્યાં હાજર પોલીસકર્મીઓએ અમુક પત્રકારોને અંદર જતા રોક્યા હતા.

નવાઈની વાત તો એ છે કે, એક તરફ અમુક પત્રકારોને ગેટ પર જ અટકાવી દેવાયા, તો બીજી તરફ અન્ય પત્રકારોને આરામથી પ્રવેશ આપી દેવામાં આવ્યો! આ પક્ષપાત એટલી હદે જોવા મળ્યો કે અંદર ગયેલા પત્રકારોએ ચાચર ચોકમાં



ઈન્ટરવ્યૂ પણ લઈ લીધા. આ ઘટના બાદ સવાલ એ ઊભો થાય છે કે, શું મંદિર ટ્રસ્ટ અને પોલીસ માટે પત્રકારોમાં પણ 'કોઈ ખાસ' અને 'કોઈ સામાન્ય' એવા ભાગલા પડી ગયા છે?

'પાક્કો ગુજરાત' ના તીખા સવાલો: મંદિર ટ્રસ્ટ અને પોલીસ માટે તમામ પત્રકારો એકસમાન હોવા જોઈએ, તો પછી આ 'વાલા-દવલા'ની નીતિ કોના ઈશારે?

મંદિરમાં જ્યારે નાનો-મોટો સરકારી કાર્યક્રમ હોય ત્યારે વાહ-વાહી લૂંટવા તમામ મીડિયાને હોંશે-હોંશે બોલાવવામાં આવે છે, તો આજે કેમ રોકવામાં આવ્યા?

શું અંબાજી મંદિરના ભંડારામાંથી ચોરી કરતો ચોર પકડાય ત્યારે પત્રકારોને સત્ય બહાર લાવતા રોકવા માટે જ આવી જોહુકમી કરવામાં આવે છે?

વારંવાર વિવાદોમાં આવતા અંબાજી મંદિર ટ્રસ્ટના વહીવટદારો આખરે મીડિયાથી શું છુપાવવા માંગે છે?

મંદિરમાં સુરક્ષાના નામે મીડિયાકર્મીઓ સાથે ગેરવર્તણૂક અને ભેદભાવ રાખતી પોલીસની કામગીરી સામે હવે ગંભીર સવાલો ઉઠી રહ્યા છે.

કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી જેમના માથે છે, તે જ પોલીસ પક્ષપાતભર્યું વલણ અપનાવે તે કેટલા અંશે યોગ્ય? અવારનવાર વિવાદોનું કેન્દ્ર બનતા અંબાજી મંદિર ટ્રસ્ટે એ વાત યાદ રાખવી પડશે કે મીડિયા જનતાનો અવાજ છે અને આવા સસ્તા હથકંડાઓથી સત્યને ક્યારેય દબાવી શકાશે નહીં.

## મોરબીના જેતપરમાં ખેડૂતો આકરા પાણીએ : "અદાણી કંપની પૂછ્યા વગર ખેતરોમાં ઘૂસી ગઈ, અમારા પર અત્યાચાર કેમ..?"

ખેડૂતનો આક્રોશ: 'આ લોકશાહી છે કે મૂડીપતિઓની જોહુકમી?' – વીજ લાઇનના કામનો ઉગ્ર વિરોધ

મોરબી

જમીન અમારી, મહેનત અમારી, પરસેવો અમારો... તો પછી આ દાદાગીરી કોની? મોરબીના જેતપર પંથકમાંથી અત્યારે એક એવો આક્રોશ સામે આવી રહ્યો છે જે સત્તાવાળાઓ અને મોટી કંપનીઓની ઉંઘ ઉડાડી દેવા માટે પૂરતો છે. અદાણી કંપનીની વીજ લાઈન પસાર કરવાના મામલે જેતપરના સ્થાનિક ખેડૂતો હવે આરપારના મૂડમાં આવી ગયા છે. ખેડૂતોનો સીધો અને સણસણતો આક્ષેપ છે: 'અદાણી માટે અમારા પર અત્યાચાર થઈ રહ્યો છે. કંપની અમને પૂછ્યા વગર અમારા ઊભા પાક વાળા ખેતરોમાં ઘૂસી ગઈ છે!'

મળતી માહિતી મુજબ, જેતપર વિસ્તારના ખેતરોમાંથી અદાણી કંપનીની હાઈટેન્શન વીજ લાઈન પસાર કરવાનું આયોજન છે. પરંતુ ખેડૂતોનો આરોપ છે કે કોઈ પણ જાતની પૂર્વ મંજૂરી વગર, નોટિસ આપ્યા વગર કે વળતરની યોગ્ય વાતચીત કર્યા વિના કંપનીના માણસો અને જેસીબી મશીનો ખેતરોમાં ઘૂસી ગયા હતા.

'અમે લોહી-પાણી એક કરીને મોંઘા મોલ ઉછેર્યા છે. કંપનીવાળા રાતોરાત આવીને અમારો પાક ખૂંદી નાખે છે. શું આ દેશમાં ખેડૂતોના હકની કોઈ કિંમત જ નથી?'

– એક આક્રોશિત સ્થાનિક ખેડૂત

મુખ્ય સવાલો જે તંત્રને બોલતા બંધ કરી દેશે: કાયદો કોના ખિસ્સામાં? ખેડૂતોની ખાનગી માલિકીની જમીનમાં ઘૂસતા પહેલા વહીવટી તંત્ર કે કંપનીએ મંજૂરી કેમ ન લીધી?

વળતરના નામે મીંડું? અબજો રૂપિયાની કમાણી કરતી કંપનીઓ જગતના તાતના ઊભા પાકનું નુકસાન કરવા છતાં મૌન કેમ છે?

પોલીસ પ્રોટેક્શન કોના માટે? ખેડૂતોનો આરોપ છે કે તંત્ર અને પોલીસ ઉદ્યોગપતિઓના હિત રક્ષક બનીને પોતાના જ દેશના ખેડૂતો સામે આવીને ઊભા રહી જાય છે.

સોશિયલ મીડિયા પર પણ આ મામલે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ★farmersprotest, ★Morbi અને ★jetpar જેવા હેશટેગ સાથે ખેડૂતો પોતાની આપવીતી અને વીડિયો વાયરલ કરી રહ્યા છે. જેતપરના ખેડૂતોએ ચીમકી ઉચ્ચારી છે કે, જો કંપની પોતાની મનસ્વીતા બંધ નહીં કરે અને વહીવટી તંત્ર ખેડૂતોની વાત નહીં સાંભળે, તો આ લડત માત્ર જેતપર પૂરતી સીમિત નહીં રહે, આખા મોરબી જિલ્લામાં ઉગ્ર આંદોલન છેડવામાં આવશે.

'પાક્કો ગુજરાત'નો સવાલ:

વિકાસના નામે વિનાશ કોનો? ઉદ્યોગોના પાવર પ્લાન્ટ ચાલુ કરવા માટે શું ગરીબ ખેડૂતોના હકોનો પાવર કટ કરી નાખવામાં આવશે?

હવે જોવાનું એ રહેશે કે ગાંધીના ગુજરાતમાં ખેડૂતોના આ આકરા પાણી જોઈને તંત્ર ઘૂંટણિયે પડે છે કે પછી મૂડીપતિઓની જોહુકમી યથાવત રહે છે!

## ગોધરાની કુખ્યાત 'સિગ્નલ ફળીયા ગેંગ' પર ગુજસીટોકનો સકંજો : 6 આરોપીઓ ઝડપાયા

સંગઠિત ગુનાખોરી આચરતી સિગ્નલ ફળીયા ગેંગના અત્યાર સુધીમાં કુલ 54 જેટલા ગંભીર ગુનાઓ પોલીસ રેકોર્ડ પર સામે આવી ચૂક્યા છે

ગોધરા

ગોધરાની સૌથી કુખ્યાત અને આતંકનો પર્યાય ગણાતી 'સિગ્નલ ફળીયા ગેંગ' સામે રેલવે પોલીસ અને તપાસ એજન્સીઓએ કાયદાનો ગાળિયો વધુ મજબૂત કર્યો છે. ગુજસીટોક (GUJCTOC) હેઠળ નોંધાયેલા સંગઠિત ગુનાના આ ચકચારી કેસમાં પોલીસ તપાસ દરમિયાન વધુ આઠ આરોપીઓના નામોનો પર્દાફાશ થયો છે. જેમાંથી છ આરોપીઓને પોલીસે દબોચી લીધા છે, જ્યારે બે સાગરીતો હજુ પણ ફરાર હોઈ તેમને પકડવા ચક્રો ગતિમાન કરાયા છે. બીજી તરફ, આ ગેંગના મુખ્ય સૂત્રધાર ખાલિદ ઉર્ફે ચકલાની સઘન પૂછપરછ દરમિયાન એક ચોંકાવનારું 'પાકિસ્તાન કનેક્શન' સામે આવતા રાજ્યની તેમજ દેશની વિવિધ ઉચ્ચ સુરક્ષા એજન્સીઓ પણ સક્રિય બની ગઈ છે અને આ મામલે ઊંડી તપાસ શરૂ કરી દેવામાં આવી છે. અત્યાર સુધીમાં ગેંગના ૫૪ ગુનાઓ આવ્યા સામે, ફરાર આરોપીઓની શોધખોળ તેજ. પોલીસના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આ સંગઠિત ગુનાખોરી આચરતી સિગ્નલ ફળીયા ગેંગના અત્યાર સુધીમાં કુલ ૫૪ જેટલા ગંભીર ગુનાઓ પોલીસ રેકોર્ડ પર સામે આવી ચૂક્યા છે.

ટ્રેનોમાં લૂંટ, પથ્થરમારો અને અસામાજિક પ્રવૃત્તિઓ કરતી આ ગેંગના નેટવર્કને તોડી પાડવા માટે પોલીસ રાત-દિવસ એક કરી રહી છે. તપાસ દરમિયાન ખુલેલા નવા આઠ નામોમાંથી છની ધરપકડ કરી લેવાઈ છે, જે પોલીસ માટે મોટી સફળતા માનવામાં આવે છે. આ કેસના મુખ્ય આરોપી ખાલિદ ઉર્ફે ચકલાને કડક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે કોર્ટમાં રજૂ કરીને વન-બાય-વન આખા નેટવર્કનો ખુલાસો મેળવવા માટે પોલીસ રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી રહી છે.

### જૈન સંતનો સનાતન દાવો, 700 વર્ષ જૂના 'સમડી વિહાર' સહિત 3 જૈન તીર્થ હોવાની કહી વાત!

## મસ્જિદના ભોંયરામાં છુપાયેલું છે ઐતિહાસિક સત્ય? જૈન સંતે પુરાતત્વીય સર્વેક્ષણની માંગ કરતાં ગુજરાતના રાજકારણમાં ગરમાવો

ભરૂચ

ગુજરાતના ઐતિહાસિક શહેર ભરૂચમાંથી એક મોટો ધાર્મિક અને પુરાતત્વીય વિવાદ સામે આવ્યો છે. વારાણસીની જ્ઞાનવાપી અને મથુરાની શાહી ઈદગાહ બાદ હવે ભરૂચની ઐતિહાસિક જામા મસ્જિદને લઈને એક નવો દાવો રજૂ કરવામાં આવ્યો છે. એક અગ્રણી જૈન સંતે દાવો કર્યો છે કે ભરૂચની જામા મસ્જિદ વાસ્તવમાં ૭૦૦ વર્ષ જૂનું પવિત્ર જૈન દેરાસર 'સમડી વિહાર' અને અન્ય બે ઐતિહાસિક જૈન તીર્થોના અવશેષો પર બનેલી છે. આ મામલે હવે મસ્જિદના ભોંયરાના પુરાતત્વીય સર્વેક્ષણ (ASI) ની માંગ ઉઠતા સમગ્ર પંથકમાં ચર્ચા જાગી છે. જૈન મુનિ દ્વારા રજૂ કરવામાં આવેલા દસ્તાવેજો અને પુરાતત્વીય સંદર્ભો અનુસાર, ભરૂચમાં આવેલી આ મસ્જિદના સ્થાપત્યમાં પ્રાચીન ભારતીય શૈલી અને જૈન ધર્મના પ્રતીકો સ્પષ્ટપણે જોવા મળે છે. તેમના જણાવ્યા મુજબ: આ સ્થળ ૭૦૦ વર્ષ જૂનું ઐતિહાસિક 'સમડી વિહાર' જૈન મંદિર છે. આ ઉપરાંત અહીં અન્ય બે મહત્વના જૈન તીર્થો પણ અસ્તિત્વ ધરાવતા હતા, જેને સમય જતાં ક્ષતિ પહોંચાડીને માળખામાં ફેરફાર કરવામાં આવ્યા હતા. મસ્જિદના પિલર (થાંભલા) અને કોતરણીઓ પર પ્રાચીન જૈન શિલ્પકળાની છાપ સ્પષ્ટ દેખાય છે. તમામ પુરાવાઓને મજબૂતીથી રજૂ કરવા માટે જૈન સંતે માંગ કરી છે કે, મસ્જિદના બંધ ભોંયરાનું ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI) દ્વારા વૈજ્ઞાનિક પદ્ધતિથી ચેકિંગ કરવામાં આવે, જેથી દબાયેલું ઐતિહાસિક સત્ય બહાર આવી શકે. આ દાવો સામે આવતાની સાથે જ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર હેશટેગ્સ સાથે આ મુદ્દો જોરશોરથી ગાજી રહ્યો છે. ઈતિહાસકારો અને કાનૂની નિષ્ણાતો પણ આ બાબતને ખૂબ ગંભીરતાથી જોઈ રહ્યા છે. વર્ષોથી શાંત ગણાતા ભરૂચના આ સ્થાપત્ય પાછળનો અસલી ઈતિહાસ શું છે, તે જાણવા માટે સ્થાનિક જનતામાં પણ ભારે જિજ્ઞાસા વ્યાપી ગઈ છે.

'પાક્કો ગુજરાત' નો સવાલ: શું એએસઆઈ સર્વેથી દૂધનું દૂધ અને પાણીનું પાણી થશે?

ભારતમાં પ્રાચીન ધાર્મિક સ્થળોના પુનઃઉદ્ધાર અને ઈતિહાસની સુધારણાનો દોર ચાલી રહ્યો છે ત્યારે ભરૂચનો આ મામલો આગામી દિવસોમાં મોટું સ્વરૂપ ધારણ કરી શકે છે.

### જેતલસર રેલવે પ્રશ્ને ફરી સંગ્રામ

## જયેશ રાદડિયાની રેલવે GMને ખુલ્લી ચીમકી "10 દિવસમાં ઉકેલ નહીં આવે તો ટ્રેન રોકીશું"

રાજકોટ

રાજકોટ જિલ્લાના ઐતિહાસિક જેતલસર જંકશનનો રેલવે પ્રશ્ન ફરી એક વખત ગરમાયો છે. લોકો લોબી અને બ્રેકડાઉન સહિતની કામગીરી અન્યત્ર ખસેડાતા સ્થાનિક ગ્રામજનો અને રેલવે બચાવ સમિતિમાં ભારે આક્રોશ છે. અગાઉ કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાની આગેવાનીમાં પ્રતિનિધિ મંડળે દિલ્હી ખાતે રેલવે મંત્રી સાથે મુલાકાત કરી હતી, જ્યાં મળેલી ખાતરી બાદ આંદોલન સ્થગિત કરાયું હતું. જોકે, લાંબા સમય બાદ પણ કોઈ કાયમી ઉકેલ ન આવતા હવે આરપારની લડાઈ શરૂ થઈ છે.



તાજેતરમાં જ રેલવે બચાવ સમિતિ અને અગ્રણીઓએ રેલવે GM રામશ્રય પાંડેને રૂબરૂ આવેદનપત્ર પાઠવ્યું હતું. આ રજૂઆત દરમિયાન ધારાસભ્ય જયેશ રાદડિયા પણ મેદાને આવ્યા હતા. તેમણે GM સામે આકરા તેવર બતાવતા સ્પષ્ટ ચીમકી આપી છે કે, જો આગામી ૧૦ દિવસમાં આ પ્રશ્ન હલ નહીં થાય તો ઉગ્ર આંદોલન કરાશે અને જરૂર પડ્યે 'ટ્રેન રોકો આંદોલન' કરીને ચક્કાજામ કરવામાં આવશે.

મુખ્ય માંગણી એ છે કે લોકો પાયલટ અને ટ્રેન મેનેજર સહિતના ૭૨ કર્મચારીઓની કરાયેલી બદલી તાત્કાલિક રદ કરીને તેમને પરત જેતલસર મૂકવામાં આવે. સમિતિના આગેવાન દિનેશ ભુવા અને ગ્રામજનોના જણાવ્યા મુજબ, સ્ટાફની સતત બદલીથી જેતલસર ગામની આર્થિક સ્થિતિ પડી ભાંગી છે અને વેપાર-રોજગારને મોટો ફટકો પડ્યો છે.

## તંત્રી લેખ...

## વાયરલ થવા માટે વિકૃતિની હદ વટાવી! MBBS ની વિદ્યાર્થિની અને યુટ્યુબર પ્રણિત મોરે સામે FIR

આજકાલ સોશિયલ મીડિયા પર વ્યુઝ મેળવવા, લાઈક્સ મેળવવા અને વાયરલ થવા માટે લોકો કઈ હદ સુધી ગિરી શકે છે, તેનો એક કમકમાટીભર્યો દાખલો તાજેતરમાં સામે આવ્યો છે. એક યુટ્યુબ શો (જે પ્રણિત મોરે દ્વારા ચલાવવામાં આવે છે) માં મેડિકલનો અભ્યાસ કરતી (MBBS) એક છોકરીએ હોસ્પિટલના શબઘરમાં રાખવામાં આવેલા મૃતકોના પ્રાઈવેટ પાર્ટની સાઈઝ માપવા અંગે જે નિર્લજ્જતાથી વાત કરી અને હસીને તેની મજાક ઉડાવી, તેણે આખા દેશને ચોંકાવી દીધો છે. આ મામલો સોશિયલ મીડિયા પર વાયરલ




થતાં જ ભારે આક્રોશ ફાટી નીકળ્યો. મહારાષ્ટ્ર પોલીસ તાત્કાલિક એક્શનમાં આવી અને આ વિકૃત માનસિકતા ફેલાવનારી યુવતી તેમજ શોના માલિક પ્રણિત મોરે વિરુદ્ધ FIR દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પરંતુ સવાલ માત્ર કાયદાકીય કલમોનો નથી. સવાલ એ છે કે ઉચ્ચ શિક્ષણ મેળવતી, ભવિષ્યની ડૉક્ટર બનવા જઈ રહેલી નવી પેઢીની આ માનસિકતા આપણા સમાજને કઈ ગર્તામાં ધકેલી રહી છે?

૧. મેડિકલ જેવા પવિત્ર વ્યવસાયનું આ અપમાન છે

મેડિકલ એવું ક્ષેત્ર છે જ્યાં માનવ શરીરને અને જીવને ભગવાન સમાન માનવામાં આવે છે. જ્યારે કોઈ વિદ્યાર્થી મેડિકલ કોલેજમાં પ્રવેશે છે, ત્યારે તેને મડદા (કેડેવર) પર પ્રેક્ટિસ કરતા પહેલાં 'એનાટોમિકલ ઓથ' (શપથ) લેવડાવવામાં આવે છે કે તેઓ મૃતદેહનું સન્માન કરશે. આ મૃતદેહો કોઈકના પિતા, ભાઈ, માતા કે દીકરીના હોય છે, જેમને વિજ્ઞાનના વિકાસ માટે દાન કરવામાં આવ્યા હોય છે. આવા પવિત્ર અને સંવેદનશીલ વિષયને કેમેરા સામે આવીને સસ્તા મનોરંજન અને પ્રાઈવેટ પાર્ટની વાતોમાં ફેરવી નાખવો, એ માત્ર અનૈતિક નથી, પણ અમાનવીય છે.

૨. 'વ્યુઝ' ના ભૂખ્યા ડિજિટલ ભિખારીઓ અને સોશિયલ મીડિયાની ગંદકી

આજની નવી જનરેશનમાં રીલ્સ અને યુટ્યુબ વીડિયોઝ દ્વારા રાતોરાત પ્રખ્યાત થઈ જવાની એક ઘેલી વળગી છે. આ ઘેલછામાં તેઓ ભૂલી ગયા છે કે સંસ્કાર, શરમ અને મર્યાદા જેવું કંઈક હોય છે. પ્રણિત મોરે જેવા યુટ્યુબર્સ માત્ર થોડા ડૉલર કમાવવા અને પોતાની ચેનલ ચલાવવા માટે આવા વાહિયાત કન્ટેન્ટને પ્રમોટ કરે છે. ડબલ મિનિંગ જોક્સ અને ગંદી વાતો કરવાને પ્રગતિશીલતા (મોડર્નિઝમ) ગણાવી દેવામાં આવે છે. જો આજે આ ગંદકી અટકાવવામાં નહીં આવે, તો આવતીકાલની પેઢી જીવતા માણસો તો ઠીક, મૃત્યુ પામેલા માણસોની લાશનું સન્માન કરવાનું પણ ભૂલી જશે.

૩. ભવિષ્યના સમાજ પર આની શું અસરો પડશે?

આવી વિકૃત માનસિકતા વાળા વીડિયો જ્યારે લાખો યુવાનો જુએ છે, ત્યારે સમાજમાં સંવેદનશીલતા મરી જાય છે. જો કોઈ મેડિકલની વિદ્યાર્થિની મૃતદેહ વિશે આવું વિચારી શકતી હોય, તો સામાન્ય નાગરિક પાસેથી આપણે શું અપેક્ષા રાખી શકીએ? આનાથી આવનારી પેઢી ક્રૂર, લાગણીવિહોણી અને વિકૃત બનશે. ડૉક્ટર અને દર્દી વચ્ચેનો જે અતૂટ વિશ્વાસનો સંબંધ છે, તેના પર પણ આનાથી મોટો આઘાત લાગશે. લોકો સરકારી હોસ્પિટલો કે મેડિકલ કોલેજોમાં પોતાના સ્વજનોના મૃતદેહ સોંપતા ડરશે.

પાક્કો ગુજરાતનો સણસણતો સવાલ:

મહારાષ્ટ્ર પોલીસે આ કેસમાં FIR કરીને બહુ સારું પગલું ભર્યું છે, પણ શું આટલું પૂરતું છે? આવી વિકૃત માનસિકતા ધરાવતા વિદ્યાર્થીઓને મેડિકલ જેવી પવિત્ર સંસ્થાઓમાંથી કાયમ માટે હાંકી કાઢવા જોઈએ. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સે પણ વ્યુઝના નામે ગંદકી પીરસતા આવા શો પર કડક પ્રતિબંધ મૂકવો જ પડશે. નવી પેઢીને શિક્ષણની સાથે સંસ્કાર અને નૈતિકતાનું ભાથું આપવું હવે અનિવાર્ય બની ગયું છે, નહિતર ડિજિટલ દુનિયાના આ રાક્ષસો આપણા આખા સમાજને ખોખલો કરી નાખશે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

## ઘર છોડવું કે અહંકાર છોડવો? જ્યારે શ્રી કૃષ્ણએ ઉકેલી ત્યાગ અને કર્મની મથામણ!

**શ્રીમદ્ ભગવદ્ ગીતા શ્રેણી: અધ્યાય - 5 (કર્મસંન્યાસ યોગ)**

શું સાચો સાધુ બનવા માટે હિમાલય જવું જરૂરી છે? શું સંસારની જવાબદારીઓ છોડી દેવી એ જ મુક્તિનો એકમાત્ર રસ્તો છે?



ગયા અધ્યાયમાં આપણે જોયું કે જ્ઞાનની તલવારથી સંશયને કાપી નાખવાનો છે. પણ અર્જુન, આપણી જેમ જ, ફરી મૂંઝવણમાં મુકાય છે. તેના મનમાં સવાલ થાય છે 'હે કૃષ્ણ, એક તરફ તમે કર્મોનો ત્યાગ (સંન્યાસ) કરવાનું કહો છો અને બીજી તરફ કર્મો કરવાનું કહો છો. આ બંનેમાંથી શ્રેષ્ઠ શું?'

આપણે પણ ઘણીવાર આવી જ દ્વિધામાં જીવીએ છીએ. સોશિયલ મીડિયા પર 'વેકેશન મોડ' જોઈને કે ઓફિસના કામના ભારથી કંટાળીને આપણને થાય છે કે 'બધું છોડીને ક્યાંક ભાગી જઈએ!' પણ શ્રીકૃષ્ણ આ અધ્યાયમાં સમજાવે છે કે સાચો સંન્યાસ ભાગેડુવૃત્તિ નથી, પણ એક આંતરિક કળા છે.

કૃષ્ણ અર્જુનને બહુ સ્પષ્ટ શબ્દોમાં કહે છે 'કર્મનો સંન્યાસ (બધું છોડી દેવું) અને કર્મયોગ (અનાસક્ત થઈને કર્મ કરવું)આ બંને પરમ કલ્યાણ કરનારા છે. પરંતુ આ બંનેમાં કર્મસંન્યાસ કરતાં કર્મયોગ શ્રેષ્ઠ છે.

ભગવાન સમજાવે છે કે જે વ્યક્તિ ન તો કોઈના પર દ્વેષ કરે છે અને ન તો કોઈ આકાંક્ષા રાખે છે, તે ઘરમાં રહીને, સંસારના તમામ કાર્યો કરીને પણ નિત્ય સંન્યાસી જ છે. સાચો ત્યાગ કપડાં બદલવામાં નથી, પણ મનનો અભિગમ બદલવામાં છે. દીવાની જ્યોત અને પવન તટસ્થતાનું નવું ગણિત

જ્યારે આપણે સંસારમાં કામ કરીએ છીએ, ત્યારે આપણું મન ઈચ્છાઓ અને અપેક્ષાઓના પવનથી સતત ડોલતું રહે છે. ધારો કે એક કાચની ફાનસ (લાલટેન) ની અંદર દીવો બળી રહ્યો છે. બહાર ગમે તેટલો વાવાઝોડા જેવો પવન ફૂંકાતો હોય, પણ કાચની દીવાલના કારણે અંદરની જ્યોત સ્થિર રહે છે, તે જરાય ધ્રુજતી નથી.

આપણું જીવન પણ આવું જ હોવું જોઈએ. આસપાસ ગમે તેટલી ભાગદોડ, નકારાત્મકતા કે પ્રશંસાનો પવન હોય, પણ આપણી અંદરની શાંતિ પરમાત્માના સ્મરણરૂપી 'કાચના કવચ' થી સુરક્ષિત હોવી જોઈએ. કર્મ કરો, પણ બહારના વાતાવરણને તમારી આંતરિક સ્થિરતા ડગાવવા ન દો.સમદર્શી બુદ્ધિ સોનાની સાંકળ અને લોખંડની બેડી

આ અધ્યાયમાં કૃષ્ણ સમદ્રષ્ટિની વાત કરે છે. આપણે ઘણીવાર સારા પરિણામથી હરખાઈ જઈએ છીએ અને ખરાબથી તૂટી જઈએ છીએ. બેડી (હથકડી) લોખંડની હોય કે સોનાની, તે માણસને બાંધી જ રાખે છે. લોખંડની બેડી એટલે દુઃખ અને સોનાની બેડી એટલે સુખ અને અહંકાર.

સાચો જ્ઞાની એ છે જે સમજે છે કે બંને આખરે તો બંધન જ છે. એટલે જ, કૃષ્ણ કહે છે કે સાચો જ્ઞાની પુરુષ એક વિદ્વાન બ્રાહ્મણ, ગાય, હાથી, કૂતરો કે ચાંડાલ બધામાં એક જ પરમાત્માના અંશને જુએ છે. જ્યારે તમે સામેની વ્યક્તિના પદ, પ્રતિષ્ઠા કે જાતિને નહીં, પણ તેનામાં રહેલી માણસાઈને જુઓ છો, ત્યારે તમારા અડધા પ્રશ્નો આપોઆપ ઓગળી જાય છે.

કામ-ક્રોધના વેગને જીતવો સમુદ્ર અને નદીઓનું ગૂઢ રહસ્ય

આ અધ્યાયના ૨૩મા શ્લોકમાં કૃષ્ણ કહે છે કે જે વ્યક્તિ આ શરીરમાં રહેતા રહેતા જ, શરીર છૂટતા પહેલાં કામ અને ક્રોધથી ઉત્પન્ન થતા વેગને સહન કરવા સમર્થ બની જાય છે, તે જ સુખી છે.વિચાર કરો, ચોમાસામાં દેશભરની નદીઓ પોતાના પૂરા પૂર અને વેગ સાથે સમુદ્રમાં ઠલવાય છે. પરંતુ સમુદ્ર એ બધી જ નદીઓના વેગને પોતાની અંદર સમાવી લે છે, છતાં તે પોતાની મર્યાદા છોડતો નથી કે ઉછળીને બહાર નથી આવતો.

આપણું મન પણ આવું જ સમુદ્ર જેવું ગંભીર હોવું જોઈએ. રોજિંદા જીવનમાં અપમાન, ગુસ્સો, કે ઈચ્છાઓની નદીઓ આપણા મનમાં ઠલવાશે, પણ આપણે સમુદ્રની જેમ શાંત રહીને એ વેગને પચાવી લેવાનો છે, બહાર ઉછળીને કોઈનું નુકસાન કરવાનું નથી.

સુખનો સાચો સોર્સ (Source) ક્યાં છે?

આપણે બધા જ બહારની વસ્તુઓમાં સુખ શોધી રહ્યા છીએ. પણ કૃષ્ણ કહે છે કે બહારના વિષયોમાંથી મળતું સુખ તો ક્ષણભંગુર છે અને તે દુઃખનું જ કારણ છે. સાચું અને કાયમી સુખ તો આપણી અંદર જ છે.

અધ્યાયના અંતે કૃષ્ણ આપણને આંતરિક શાંતિનો પરમ મંત્ર આપે છે કે ભગવાનને આપણા પરમ મિત્ર (સુહૃદ) માનીને બધું જ તેમને અર્પણ કરી દેવું.

બધું છોડીને જંગલમાં જવાની જરૂર નથી. ઘરમાં રહીને, તમારી ફરજો પૂરી નિષ્ઠાથી બજાવીને, બસ પરિણામની ચિંતા ઈશ્વર પર છોડી દેવી એ જ સાચો 'કર્મસંન્યાસ' છે.

(ક્રમશ: આગામી અધ્યાય ૬ માં આપણે સમજીશું 'આત્મસંયમ યોગ'– મનને કંટ્રોલ કેવી રીતે કરવું? સોશિયલ મીડિયા અને ડિસ્ટ્રેક્શનના જમાનામાં મનની એકાગ્રતાનું સાયન્સ.)


**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત)**
**સ્પોર્ટ્સ ટીચર**


## અમેરિકામાં યુનિકોર્ન સ્ટાર્ટઅપ ઊભા કરવામાં ભારતીયો મોખરે

અમેરિકાનું વહિવટી તંત્ર વિઝાના નિયમો કડક બનાવીને વિદેશના લોકોને ખાસ કરીને ભારતીયોને અમેરિકામાં પ્રવેશતાં રોકવા માગે છે. અમેરિકામાં અનેક ભારતીયો ટોપ પર છે. બિઝનેસ કમ્યુનિટીમાં ખાસ કરીને મોટેલ બિઝનેસ ભારતીયોના હાથમાં છે. અમેરિકામાં ૧૯૬૦ના દાયકામાં ગયેલા ભારતીયો ત્યાં સેટ થઇ ગયા છે અને પોતાના પરિવારના લોકોને પણ બોલાવીને સેટ કર્યા છે. કેટલાય ભારતીયોની એકાધિક પેઢી અમેરિકામાં વસે છે. અમેરિકા જવાનું સપનું લોકો વર્ષોથી સેવતા આવ્યા છે.

ભારતીયોને નકારવા અમેરિકા માટે બહુ આસાન નથી. સિલિકોન વેલીમાં ભારતીયોની સંખ્યા સતત વધી રહી છે. સિલિકોન વેલીની કેટલીક આઈટી કંપનીઓના કેમ્પસના પ્રવેશ દ્વારે ગણપતિ ભગવાનને સ્થાપિત કરેલા જોવા મળે છે. ભારતીયો આવીને સ્થાનિક લોકોની રોજગારી આંચકી લે છે તેવા અહેવાલો અમેરિકાના સ્થાનિક નાગરિકો માટે ચિંતાજનક હતા.

અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ બરાક ઓબામાએ અમેરિકાના વિદ્યાર્થીઓને કરેલા સંબોધનમાં જાહેરમાં કહ્યું હતું કે તમે ભણો, નહીંતર તમારે ભારતીયોના હાથ નીચે કામ કરવું પડશે. અમેરિકાના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણથી દૂર રહેતા હોવાથી ઓબામાએ તેમને ચેતવ્યા હતા. હવે ઓબામાની વાત સાચી પડી રહી છે તેવી અસર ઊભી થાય છે.



તાજેતરના એક અહેવાલ અનુસાર અમેરિકાનાં ૯૬ યુનિકોર્ન સ્ટાર્ટઅપ એવા છે કે જેમાં કાં તો મૂળ ભારતીય તેના ફાઉન્ડર અથવા તો કો-ફાઉન્ડર છે.

અમેરિકામાં વસતા અન્ય દેશના ઈમિગ્રન્ટ્સની તુલનામાં ભારતીય મૂળિયા ધરાવનારાઓ સૌથી વધુ યુનિકોર્ન સાથે ટોપ પર છે. ઈઝરાયલ, યુકે, ચીન, કેનેડા અને રશિયાના ઈમિગ્રન્ટ્સ આ મામલામાં ભારતીયો કરતાં પાછળ છે.

અમેરિકામાં યુનિકોર્ન સ્ટાર્ટઅપ ઊભું કરવામાં જે ભારતીયોનાં નામ મોખરે છે તેમાં જ્યોતિ બંસલ, અરવિંદ શ્રીનિવાસન,મોહિત અરોરાનો સમાવેશ થાય છે. અરવિંદ શ્રીનિવાસ પરપ્લેક્સિસીટીના કો-ફાઉન્ડર છે, જ્યારે મોહિત સેન સ્ટેલ્થ સ્ટાર્ટઅપના ફાઉન્ડર અને સીઈઓ છે.

અમેરિકાના કેટલાક લોકો એમ માને છેકે વિદેશથી આવતા નોન-ક્વોલિફાઈડ લોકો, અથવા ઈવન ક્વોલિફાઈડ લોકો પણ ઓછા વેતનથી નોકરી સ્વીકારી લે છે, જેને કારણે મૂળ અમેરિકનોની નોકરીઓ છીનવાઈ જાય છે.

મૂળ ભારતીય એવા ઉદ્યોગ સાહસિકોએ અમેરિકામાં ૯૬ અબજ ડોલરનાં સ્ટાર્ટઅપ ઊભાં કર્યા છે. અમેરિકાની સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમ ભારતીયો ચાવીરૂપ બનેલા છે. નેશનલ ફાઉન્ડેશન ફોર અમેરિકન પોલિસીના અહેવાલો અનુસાર યુનિકોર્ન સ્ટાર્ટઅપ ઊભા કરવા એ સ્પર્ધામાં મોખરે રહેવા સમાન છે.

એક તરફ, ઈન્ડિયન ઈમિગ્રન્ટ્સ તેમના વિરોધમાં ચાલતા એનલાઈન પ્રચારનો સામનો કરી રહ્યા છે, અને બીજી તરફ ક્રિયેટીવ આઈડિયાને અમલી બનાવી રહ્યા છે. તેમના વિરુદ્ધ ચાલતા ઓનલાઈન પ્રચારમાં એમ કહેવામાં આવે છે બહારથી આવેલા લાકો, ખાસ કરીને ભારતીયો, અમેરિકાના અર્થતંત્ર પર બોજ સમાન છે, માટે તેમને ટેકો ના આપો.

ટૂંકમાં, ભારતનાં સ્ટાર્ટઅપ સાહસિકો સામા પ્રવાહે તરી રહ્યા છે અને સફળતા મેળવી રહ્યા છે. એચવન-બી વિઝા અને ટેકનિકલ સેક્ટરની જોબ માટે ભારતીયો પ્રત્યે કિન્નાખોરી જોવા મળે છે. હકીકત એ છે કે અમેરિકાના અર્થતંત્રના વિકાસમાં ભારતીય ઈમિગ્રન્ટ્સનો ફાળો મોટો છે. અમેરિકાના ટેકનોલોજી ક્ષેત્રે ભારતીયોનો સાયલન્ટ વિરોધ થઈ રહ્યો છે. તેમ છતાં અમેરિકામાં સોથી વધુ જોબ ઊભી કરતી કંપનીઓમાં ભારતીય મૂળિયાં ધરાવતા ફાઉન્ડરોની કંપનીઓનાં નામ ઝગમગી રહ્યાં છે. અહેવાલો અનુસાર અમેરિકામાં વસતા અન્ય ઈમિગ્રન્ટ્સની તુલનામાં ભારત અને ચીનથી આવેલા ઈમિગ્રન્ટ વધુ સ્માર્ટ છે. એમાંય ખાસ કરીને સ્ટાર્ટઅપ ક્ષેત્રે ભારતીયો આકર્ષક સફળતા મેળવી શક્યા છે.

અમેરિકામાં જ્યારે ભારતીયોની હત્યા થાય છે, ત્યારે હત્યારાના મનમાં ભારતવિરોધી ઝનૂન છવાયેલું હોય છે. નોકરીવિહોણા અમેરિકનોના મનમાં એક વાત ઘર કરી ગઈ છે કે અન્ય દેશો કરતાં ભારતથી આવતા લોકો અમારી નોકરીઓ સૌથી વધારે ઝૂંટવી લે છે. અગાઉ નોંધ્યું તેમ, અમેરિકામાં મૂળ ભારતીયોએ ૯૬ યુનિક્રોન સ્ટાર્ટઅપ ઊભાં કર્યાં છે. તેની સરખામણીમાં ઈઝરાયલના ઈમિગ્રન્ટ્સે ૬૦, યુકેના લોકોએ ૪૭, ચીનના ઈમિગ્રન્ટ્સ ૪૧, કેનેડાના ૩૦ અને રશિયાના ઈમિગ્રન્ટ્સે ૨૩ યુનિકોર્ન સ્ટાર્ટઅપ ઊભા કર્યાં છે.


અમેરિકાનું વહિવટી તંત્ર વિઝાના નિયમો કડક બનાવીને વિદેશના લોકોને ખાસ કરીને ભારતીયોને અમેરિકામાં પ્રવેશતાં રોકવા માગે છે. અમેરિકામાં અનેક ભારતીયો ટોપ પર છે. બિઝનેસ કમ્યુનિટીમાં ખાસ કરીને મોટેલ બિઝનેસ ભારતીયોના હાથમાં છે. અમેરિકામાં ૧૯૬૦ના દાયકામાં ગયેલા ભારતીયો ત્યાં સેટ થઇ ગયા છે અને પોતાના પરિવારના લોકોને પણ બોલાવીને સેટ કર્યા છે. કેટલાય ભારતીયોની એકાધિક પેઢી અમેરિકામાં વસે છે. અમેરિકા જવાનું સપનું લોકો વર્ષોથી સેવતા આવ્યા છે.

ભારતીયોને નકારવા અમેરિકા માટે બહુ આસાન નથી. સિલિકોન વેલીમાં ભારતીયોની સંખ્યા સતત વધી રહી છે. સિલિકોન વેલીની કેટલીક આઈટી કંપનીઓના કેમ્પસના પ્રવેશ દ્વારે ગણપતિ ભગવાનને સ્થાપિત કરેલા જોવા મળે છે. ભારતીયો આવીને સ્થાનિક લોકોની રોજગારી આંચકી લે છે તેવા અહેવાલો અમેરિકાના સ્થાનિક નાગરિકો માટે ચિંતાજનક હતા. અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ બરાક ઓબામાએ અમેરિકાના વિદ્યાર્થીઓને કરેલા સંબોધનમાં જાહેરમાં કહ્યું હતું કે તમે ભણો, નહીંતર તમારે ભારતીયોના હાથ નીચે કામ કરવું પડશે. અમેરિકાના વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણથી દૂર રહેતા હોવાથી ઓબામાએ તેમને ચેતવ્યા હતા. હવે ઓબામાની વાત સાચી પડી રહી છે તેવી અસર ઊભી થાય છે. તાજેતરના એક અહેવાલ અનુસાર અમેરિકાનાં ૯૬ યુનિકોર્ન સ્ટાર્ટઅપ એવા છે કે જેમાં કાં તો મૂળ ભારતીય તેના ફાઉન્ડર અથવા તો કો-ફાઉન્ડર છે.


## ભારતીય કેરીનો ફરી ફજેતો : વિદેશોમાં પ્રતિબંધ મુકાવા લાગ્યા

**એશિયામાં જાપાન પણ ભારતીય કેરીઓનો મુખ્ય આયાતકાર દેશ છે. તે વર્ષે 20 લાખ ડોલર એટલે કે અંદાજે 18 થી 20 કરોડ રૂપિયાની કેરીઓ આયાત કરે છે તેણે બધી આયાત અટકાવી દીધી. બીજી તરફ નેપાળ દ્વારા દર વર્ષે અંદાજે 40 કરોડ રૂપિયાની કિંમતની કેરીઓ આયાત કરવામાં આવે છે. તેમાં દશહરી, માલદા, બમ્બઈ, કેસનો સમાવેશ થાય છે. આ વર્ષે ભારતે પહેલાં 16 ટન કેરીની નિકાસ ત્યાં કરી દીધી હતી પણ તે બધા ઉપર પ્રતિબંધ મુકી દેવાયો હતો, જો કે બાદમાં નેપાળે નિર્ણય બદલીને આયાત યથાવત્ રાખી**

ફળોના રાજા કેરીની સિઝન ચાલી રહી છે. દેશભરમાં લાખો ટન કેરી ખવાઈ રહી છે અને બીજી તરફ લાખો ટન કેરી વિદેશોમાં પણ એક્સપોર્ટ થઈ રહી છે. કેરીના આ ક્રેઝ વચ્ચે એક એવી સ્થિતિ સામે આવી છે જેણે ભારતીય કેરીનો પાછો આંતરરાષ્ટ્રીય સ્તરે ફજેતો કરી નાખ્યો છે. તાજેતરમાં બે દેશો દ્વારા ભારતીય કેરી ઉપર પ્રતિબંધ મુકી દેવાયો છે. ભારતીય કેરીની હાલત એવી થઈ છે કે ક્યારેક જાપાન પ્રતિબંધ મુકી દે છે તો ક્યારેક યુરોપ દ્વારા બેન મુકી દેવામાં આવે છે. ઘણી વખત અમેરિકા દ્વારા કેરીઓ નષ્ટ કરી દેવાય છે. કેરીઓમાં એવા કીડા હોય છે જે કોઈપણ દેશની ફાઈટોસેનેટરી ખરાબ કરી શકે છે તેમ છે અને તેના કારણે તેના ઉપર સમયાંતરે પ્રતિબંધ મુકાતો જ રહે છે.

ઉલ્લેખનીય છે કે, દસ-પંદર દિવસ પહેલાં જ જાપાન દ્વારા ભારતીય કેરીઓ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. આ વાતનો આઘાત હજી સર્યો નહોતો ત્યાં નેપાળ જેવા નાનકડા અને ભારતના પાડોશીએ પણ ભારતીય કેરીઓની આયાત અટકાવી દીધી હોવાના સમચાર આવ્યા હતા. નેપાળે જણાવ્યું હતું કે, ભારતીય કેરીઓમાં નક્કી કરેલા માપદંડો કરતા અનેક ગણા વધારે જંતુનાશકો હતા અને તેના કારણે તેના ઉપર પ્રતિબંધ મુકી દીધો. ભારતની કેસર, દશહરી, લંગડો, આલ્ફાન્ઝો અને અન્ય બીજી જાતની કેરીઓ જૂન મહિનામાં જ સૌથી વધારે નેપાળમાં અને અન્ય દેશોમાં જતી હોય છે. આ સંજોગોમાં પ્રતિબંધ મુકાયો તે આઘાતજનક હતો.

ખાસ વાત એ છે કે, જાપાન પણ ભારતીય કેરીઓનો મુખ્ય આયાતકાર દેશ છે. તે વર્ષે ૨૦ લાખ ડોલર એટલે કે અંદાજે ૧૮ થી ૨૦ કરોડ રૂપિયાની કેરીઓ આયાત કરે છે. તેમાં મહારાષ્ટ્રની આલફાન્ઝો અને ગુજરાતની કેસરનો સમાવેશ થાય છે. તે સીવાય બે-ત્રણ જાતની કેરીઓ જાપાન મંગાવે છે.

આ વખતે ચાર પ્રજાતીની કેરીઓ ઉપર તેણે પણ પ્રતિબંધ મુકી દીધો. તેણે પણ રસાયણોનું વધારે પ્રમાણ હોવાનું જણાવીને આ પ્રતિબંધ મુક્યો છે.

ઉલ્લેખનીય છે કે, નેપાળ દ્વારા દર વર્ષે અંદાજે ૪૦ કરોડ રૂપિયાની કિંમતની કેરીઓ આયાત કરવામાં આવે છે. તેમાં દશહરી, માલદા, બમ્બઈ, કેસનો સમાવેશ થાય છે. આ વર્ષે ભારતે પહેલાં ૧૬ ટન કેરીની નિકાસ ત્યાં કરી દીધી હતી પણ તે બધા ઉપર પ્રતિબંધ મુકી દેવાયો હતો. બાદમાં તેણે નિર્ણય ફેરવી તોળ્યો અને તમામ કેરીઓની આયાત ફરી શરૂ કરી દીધી હતી. જાણકારોના મતે ફાઈટોસેનિટરીના કારણે આ નિર્ણય લેવાયો છે. ફાઈટોસેનિટરી બે ગ્રીક શબ્દોનું સંયોજન છે. તેમાં ફાઈટો એટલે છોડ અને સેનેટરી એટલે તેની સ્વચ્છતા. જે છોડમાં સ્વચ્છતા હોવી જોઈએ તે. તેના માટે દુનિયાભરમાં ફાઈટોસેનેટરી નિયમો બનાવવામાં આવ્યા છે. તેના દ્વારા જ નક્કી કરવામાં આવે છે કે, એક દેશમાંથી બીજા દેશમાં જતા ફળો, શાકભાજી, છોડ, બીજ વગેરેમાં કોઈ જીવજંતુઓ, રોગ કે ફંગસ લઈને ન જાય. આ બધું જ ચકાસવામાં આવે છે. જેમ વિદેશી પ્રવાસીઓ અને નાગરિકોનું ચેકિંગ થાય છે તેમ આયાત કરેલી વસ્તુઓનું પણ ચેકિંગ થાય છે. આ ચેકિંગ માટે બે સંસ્થાઓ કામ કરે છે. ઈન્ટરનેશનલ પ્લાન્ટ પ્રોટેક્શન કન્વેન્શન અને બીજી વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન દ્વારા આ કામ કરવામાં આવે છે. તેઓ ખેતપેદાશો જ્યારે એક દેશમાંથી બીજા દેશમાં જતી હોય છે ત્યારે તેનું ખાસ ચેકિંગ કરે છે.

ઉલ્લેખનીય છે કે, કેરી સૌથી રસદાર અને સ્વાદિષ્ટ ફળ છે.

તેના કારણે તેમાં ઘણા પ્રકારના રોગ લાગે છે અને કિટકો થતા હોય છે. તેનું સૌથી મોટું જોખમ ફ્રૂટ ફ્લાયનું છે. આ એવી માખી છે જે ફુલોને પણ નુકસાન પહોંચાડે છે. આ માખી કેરીની છાલમાં ઈંડા મુકે છે. ત્યારબાદ તેમાંથી નીકળતા લારવા એ કેરીની અંદર જ વિકસિત થાય છે. બહારથી કેરી સામાન્ય દેખાતી હોય છે પણ અંદર કીડાવિકસતા હોય છે. તે સિવાય ફંગસ, બેક્ટેરિયા અને અન્ય ક્વોરેન્ટાઈન કીટકો પણ કેરીને ચેપ લગાડતા હોય છે.

આ કારણે જ ફાયટોસેનેટરીનો નિયમ લાગુ થયો છે. કોઈપણ દેશમાં ફળોમાં કોઈ કીડા ન હોય અને અન્ય આયાતી ફળો દ્વારા તે કીડા આવી જાય તો તેના સમગ્ર પાકને નુકસાન પહોંચાડી શકે છે.




ફળોમાં રહેલા કીટકો અંગે જાપાન જેવા દેશોએ તો ઝીરો ટોલરન્સ નીતિ અપનાવેલી છે.

ભારતીય કેરીઓની સીધે સીધી નિકાસ થતી નથી. તેનું જે રીતે સ્થાનિક બજારમાં વેચાણ થાય છે તે રીતે વૈશ્વિક સ્તરે નિકાસ થતી નથી. તેના માટે વિશેષ પ્રક્રિયાનું અનુસણ કરવું પડે છે.

સૌથી પહેલાં કેરીના બગીચાઓનું જ રક્ષણ અને સતત નિરિક્ષણ કરવામાં આવે છે. તેમાં દરેક આંબા અને તેની ઉપર આવતી કેરીઓનું નિરિક્ષણ થાય છે. ત્યારબાદ કેરીની નિકાસ જે દેશમાં કરવાની છે તેના નિયમો અને માપદંડો પ્રમાણે કેરી ઉપર પ્રોસેસ ક્યોરવામાં આવે છે. કેટલાક દેશોમાં કેરીઓ માટે વેપોર હીટ ટ્રીટમેન્ટ ફરજિયાત છે. તો કેરીઓને ગરમ વરાળમાં રાખવામાં આવે છે જેથી તેમાં રહેલા જીવાણુઓ નાશ પામે. તેવી જ રીતે કેટલાક દેશોમાં હોટ વોટર ટ્રીટમેન્ટ જરૂરી છે તો કેરીઓને ગરમ પાણીમાં રાખીને જંતુમુક્ત કરવામાં આવે છે. તે ઉપરાતં ઈરેડિયેશન કરવામાં આવે છે. આ તમામ કામગીરી પૂરી થાય બાદ તેના માટે ફાઈટોસેનેટરી સર્ટિફિકેટ ઈશ્યૂ કરવામાં આવે છે. તેના દ્વારા જ પ્રમાણિત થાય છે કે, આ કેરીઓ હવે જે-તે દેશ દ્વારા આયાત કરવામાં આવશે.

ભારતીય કેરીઓ ઉપર આ પહેલી વખત પ્રતિબંધ મુકાયો છે તેવું નથી.

આ પહેલાં પણ ઘણી વખત ભારતની કેરીઓ ઉપર પ્રતિબંધ મુકાયા છે. જાપાનની વાત કરીએ તો તેની ખેત પેદાશોની આયાતમાં ઝીરો ટોલરન્સ પોલિસી છે. તેના કારણે તેના દેશમાં કોઈપણ એવી પ્રોડક્ટને એન્ટ્રી મળતી નથી જેનાથી ત્યાંની ખેતીને કે ખેત પેદાશોનો નુકસાન થાય. ભારત અને જાપાન વચ્ચે આ મુદ્દે કેટલીક સુવિધાઓ વિકસાવવામાં આવી છે છતાંય ભારતીય કેરીઓ ઉપર પ્રતિબંધ લાગ્યો જ છે. તેની સાથે એવું પણ છે કે, યુરોપ દ્વારા પણ આ દિશામાં તપાસ કરાઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, ભારતીય કેરીઓ ઉપર ૨૦૧૪માં યુરોપીયન યુનિયન દ્વારા પ્રતિબંધ મુકાયો હતો. તે સમયે આલ્ફાન્ઝો કેરી અને કેટલાક શાકભાજી ઉપર અસ્થાયી સમય સુધી પ્રતિબંધ મુકાયો હતો.

કેરીઓમાં ફ્રૂટ ફ્લાય અને અન્ય કીટકો મળી આવતા આ નિર્ણય લેવાયો હતો. આ દિશામાં ભારતે કડક કામગીરી કરી અને થોડા સમય બાદ યુરોપે પ્રતિબંધ હટાવી લીધો હતો.

આમ જોવા જઈએ તો માત્ર ભારત જ ઉપર આવા પગલાં લેવાય છે તેવું નથી. ઓસ્ટ્રેલિયા, અમેરિકા, ન્યૂઝીલેન્ડ, જાપાન, યુરોપીયન સંઘ અને દુનિયાના બીજા ઘણા દેશો એકબીજાની ખેત પેદાશો ઉપર પ્રતિબંધ મુકે છે અથવા વધારાની વિશેષ તપાસના આદેશ આપે છે. અત્યાર સુધીમાં ઘણી વખત અમેરિકાના ફળો અને શાકભાજી ઉપર વિદેશોમાં પ્રતિબંધ મુકાયો છે કે તેને અટકાવાયા છે. ઘણી વખત ઓસ્ટ્રેલિયાએ વિવિધ દેશોના ઉત્પાદનો અટકાવી દીધા છે. યુરોપીયન યુનિયન દ્વારા તો સમયાંતરે એકબીજાના ખેત ઉત્પાદનો ઉપર વધારાના નિયંત્રણો લાગુ કરવામાં અને દૂર કરવામાં આવતા જ હોય છે.

20 વર્ષ બાદ જાપાનનો પ્રતિબંધ હટયો હતો અને ફરીથી લાગુ થઈ ગયો

મહત્ત્વની વાત એ છે કે, જાપાન દ્વારા હાલમાં જે પ્રતિબંધ મુકાયો તેના વ્યાપક પડઘા પડયા છે. જાપાનની નીતિઓને પગલે આ નિર્ણય વધારે નુકસાનકારક સાબિત થાય તેમ છે. જાપાને આ પહેલી વખત નથી કર્યું.

જાપાને ૧૯૮૬માં ભારતની કેરીઓ ઉપર પ્રતિબંધ મુકી દીધો હતો. તે સમયે પણ ફ્રૂટ ફ્લાયના સંક્રમણની જ ચેતવણી આપવામાં આવી હતી.

જાપાને આ પ્રતિબંધ ૨૦ વર્ષ સુધી લાગુ રાખ્યો હતો. તેણે ૨૩ જૂન ૨૦૦૬માં આ પ્રતિબંધ હટાવ્યો હતો. તે સમયે જાપાન અને ભારતે તેને મજબૂત સંબંધોનું પ્રતિક ગણાવ્યું હતું. જો કે આ સ્થિતિ માત્ર ૨૦ વર્ષ ચાલી અને ફરી એક વખત જાપાને ભારતીય કેરીઓ ઉપર પ્રતિબંધ મુકી દીધો છે. તેમાં વેપોર હીટ ટ્રીટમેન્ટ યોગ્ય રીતે થતી ન હોવાનું તારણ આવ્યું છે. ૨૦ વર્ષ બાદ પણ કેસર, આલ્ફાન્ઝો, લંગડા, ચૌસા અને મલિકા જેવી કરીઓને મંજૂરી અપાઈ હતી પણ ફરીથી તેને અટકાવી દેવાઈ છે. ઉલ્લેખનીય છે કે, ભારતીય કેરીઓની સૌથી મોટી નિકાસ યુએઈ, અમેરિકા, બ્રિટન, કુવૈત અને કતારમાં થાય છે. જાપાન ભારતીય કેરીઓનો મોટો આયાતકાર નથી. ભારતે વર્ષ ૨૫માં દુનિયાભરમાં ૩૦ હજાર મેટ્રિક ટન કેરીઓની નિકાસ કરી હતી. તેના દ્વારા તેને ૫૭ મિલિયન ડોલરની આવક થઈ હતી. વર્ષ ૨૦૨૫-૨૬માં જાપાનને ભારતે ૧૫ લાખ ડોલરની કેરીઓ મોકલાવી હતી. તેમાં ગુજરાતની કેસરનો સૌથી મોટો જથ્થો હતો. હવે આ તમામ કેરીઓ અટકી ગઈ છે અને પરત આવી રહી છે. ભારતને અને ખાસ કરીને ગુજરાતના કેરી ઉત્પાદકોને તેનાથી વ્યાપક નુકસાનની ભીતિ સેવાઈ રહી છે.

## ડેટા સેન્ટરો સામે દેખાવો : 130 કરોડ લોકોના ભાગનું પાણી AI પી જશે

વૉશિંગ્ટન : એઆઈ ડેટા સેન્ટર્સને માતબર સંખ્યામાં વીજળી-પાણીની જરૂર પડે છે. એઆઈના ડેટા સેન્ટર્સ વધશે તેમ એને વીજળી અને પાણી પણ વધારે જોઈશે. અમેરિકા અને કેનેડામાં પહેલી વખત એઆઈ ડેટા સેન્ટર્સ સામે વિરોધ ઉઠયો છે. કેટલાય શહેરોમાં નવા ડેટા સેન્ટર્સ બનાવવાના પ્રોજેક્ટ અટકી પડયા છે. લોકોએ પાણી-વીજળીની અછતનો મુદ્દો ઉઠાવીને ભારે વિરોધ કર્યો હોવાથી કંપનીઓએ કે સ્થાનિક સરકારી તંત્રએ પ્રોજેક્ટ અટકાવી દેવાની ફરજ પડી છે. એઆઈ ટેક્નોલોજી વિકસી છે તેની સાઈડ ઈફેક્ટ પણ સામે આવી છે. શરૂઆતમાં એઆઈ ટેક્નોલોજીનો ઉપયોગ લોકો ખૂબ હોંશથી કરતા હતા, પરંતુ એઆઈ ટેક્નોલોજી વિકસાવવા પાછળ, તેને ચલાવવા માટે જે રીતે કુદરતી રિસોર્સીસની જરૂર પડે છે એ બહાર આવ્યું છે ત્યારથી લોકોમાં એની સામે અવેરનેસ આવી છે. એઆઈ ડેટા સેન્ટર્સ અત્યારે દુનિયામાં ૧૨૦ કરોડ લોકોના ભાગનું પાણી પી જાય છે, વળી જાપાન જેવા કોઈ આખા દેશને પૂરી પાડી શકાય એટલી વીજળી એઆઈ ડેટા સેન્ટર્સને જરૂર પડે છે. ૨૦૩૦ સુધીમાં વર્ષે ૯૪૫ ટેરાવોટ વીજળીના વપરાશ થતો હશે. અત્યારે જ દુનિયાની કુલ વીજળીમાંથી ૩ ટકા વીજળી એઆઈ ડેટા સેન્ટર્સ પાછળ વપરાઈ જાય છે. એઆઈ ટેક્નોલોજી દુનિયાભરની વિગતો પળવારમાં આપે છે. ફોટોથી લઈને વીડિયો બનાવી આપે છે. જે પૂછો એનો જવાબ આપે છે, તેની સામે એને પ્રોસેસિંગ માટે વીજળીની જરૂર પડે છે. કોઈ પણ ડેટા સેન્ટર્સમાં વીજળીની જરૂર તો પડે છે, પરંતુ એઆઈ ડેટા સેન્ટર્સમાં એની જરૂર વધી જાય છે. એ જ રીતે એઆઈ ડેટા સેન્ટર્સને કૂલ રાખવા માટે પાણીની જરૂર પડે છે. આ બંનેની અછત આખી દુનિયામાં હજુય રહે છે. ૨૧મી સદીમાં પણ હજુ કરોડો લોકો પાણીની અછતનો સામનો કરે છે અને વીજળી ગૂલ થવાના બનાવો તો વિકસિત દેશોમાં પણ રોજિંદા છે. આવી સ્થિતિમાં અમેરિકા અને કેનેડામાં લોકોએ એઆઈ ડેટા સેન્ટર્સનો વિરોધ શરૂ કર્યો છે. એકલા અમેરિકામાં જ ૨૦૦ અબજ ડોલરના ડેટા સન્ટર્સના પ્રોજેક્ટ અટકી પડયા છે. સ્થાનિક લોકોના વિરોધના પગલે ડેટા સેન્ટર્સનું કામ અટકાવી દેવું પડયું છે. ધીમે ધીમે લોકોમાં અવેરનેસ આવી રહી હોવાથી હવે આ મુદ્દે માત્ર ટેક્નોલોજીનો રહ્યો નથી, પરંતુ પર્યાવરણ અને ભવિષ્યની સલામતીનો મુદ્દો બની ચૂક્યો છે. યુએને પણ એઆઈ ટેક્નોલોજીથી પાણી, વીજળી ઉપરાંત જમીનના ક્લાઈમેટ પર અસર થશે એવી ચેતવણી આપી છે.

પાક્કો ગુજરાત

રવિવાર | 14 જૂન 2026 | અમદાવાદ

1નું ઘટનાસ્થળે જ્યારે 2ના સારવાર દરમિયાન મોતથી માતમ, પોલીસ તપાસ શરૂ

# રક્ષણ આપનારો થાંભલો જ ભક્ષક બન્યો..! : કામગીરી દરમિયાન અચાનક વીજ પોલ ઝૂકી જતાં સર્જાઈ કટોકટી

ડભોઇ, ફકીરા ખત્રી

ડભોઈ તાલુકાના ભાવપુરા ગામેથી એક અત્યંત હૃદયદ્રાવક અને ચકચારી દુર્ઘટના સામે આવી છે. અહીં પાવર ગ્રીડ કંપનીના વીજ થાંભલા પર મેન્ટેનન્સની કામગીરી કરી રહેલા પરપ્રાંતિય શ્રમજીવીઓ પર કાળ ત્રાટક્યો હતો. કામ ચાલુ હતું તે દરમિયાન અચાનક જ કંપનીનો ભારેખમ લોખંડી વીજ થાંભલો એકતરફ નમી પડ્યો હતો અને જોતજોતામાં જમીનદોસ્ત થઈ ગયો હતો. આ ભયાનક અકસ્માતમાં ઊંચાઈ પરથી પટકાયેલા અને થાંભલા નીચે દબાયેલા કુલ ૩ શ્રમજીવીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે, જ્યારે અન્ય શ્રમજીવીઓ હજુ પણ હોસ્પિટલના બિછાને જિંદગી અને મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે.



વિગતો અનુસાર, વડોદરાના તરસાલી દેસાઈનગરમાં રહેતા અંજૈયા નરસૈયા ગોડાએ ડભોઈ પોલીસ મથકમાં આ સમગ્ર મામલે સત્તાવાર જાહેરાત કરી છે. નવમી તારીખે સવારે અંદાજે ૯:૩૦ વાગ્યે ભાવપુરા ગામે પાવર ગ્રીડ કંપનીના ટાવર/થાંભલા પર પશ્ચિમ બંગાળના ગોડાગ ગામના શ્રમજીવીઓ મેન્ટેનન્સનું કામ કરવા ચઢ્યા હતા. આ શ્રમજીવીઓમાં ખાનો કાલુ મારડી, બબલુ બાસકી, મંગલા કોલ, રાજેન્દ્ર હેમબરામ, ધનંજય સરકાર અને સંદીપ સરકારનો સમાવેશ થતો હતો.

શ્રમજીવીઓ જ્યારે ઉપર કામ કરી રહ્યા હતા, ત્યારે જ અચાનક વીજ થાંભલો ઝૂકીને તૂટી પડ્યો હતો. આ દુર્ઘટનામાં પશ્ચિમ બંગાળના ૩૦ વર્ષીય યુવાન કાનો ભાઈ કાલુભાઈ મારદીનું ગંભીર ઈજાઓના કારણે ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય ઈજાગ્રસ્તોને તાત્કાલિક વડોદરાની એસ.એસ.જી. (સયાજી) હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન વધુ બે શ્રમજીવીઓ રાજેન્દ્ર સુનીરામ હેમરા (ઉંમર વર્ષ ૨૭) અને બબલુ ઘેના બાસ્કી (ઉંમર વર્ષ ૩૭) એ દમ તોડી દેતાં કુલ મૃત્યુઆંક ૩ પર પહોંચ્યો છે. અન્ય ઈજાગ્રસ્તો હાલ સારવાર હેઠળ છે.

'પાક્કો ગુજરાત' નો સવાલ: શ્રમજીવીઓની સુરક્ષા ભગવાન ભરોસે કેમ?

આ ઘટનાએ પાવર ગ્રીડ કંપનીની મેન્ટેનન્સ પદ્ધતિ અને કામદારોની સુરક્ષા સામે મોટા સવાલો ઊભા કરી દીધા છે.

જ્યારે આટલી ઊંચાઈ પર શ્રમજીવીઓને કામ માટે ચઢાવવામાં આવે છે, ત્યારે થાંભલાની મજબૂતીનું અગાઉ ચેકિંગ કેમ કરવામાં ન આવ્યું?

શું શ્રમજીવીઓ પાસે સેફ્ટી બેલ્ટ કે અન્ય સુરક્ષાના સાધનો પૂરતા પ્રમાણમાં હતા ખરા?

પેટનો ખાડો પૂરવા હજારો કિલોમીટર દૂરથી આવેલા આ ગરીબ શ્રમજીવીઓના મોતના અસલી ગુનેગાર કોણ? કંપનીના જવાબદારો સામે ક્યારે લાલ આંખ થશે?

હાલ આ સમગ્ર મામલે ડભોઈ પોલીસે ગુનો દાખલ કરીને આગળની કાયદેસરની તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. 'પાક્કો ગુજરાત' આશા રાખે છે કે મૃતક શ્રમજીવીઓના પરિવારોને ન્યાય મળે અને બેદરકારો સામે કડકમાં કડક કાર્યવાહી થાય.


ટ્રક ડ્રાઇવરની બેદરકારીની સજા નિર્દોષ પશુઓને..!

# ગુરુ ગોવિંદ લીમડીના ગોધરા રોડ પર ગમખ્વાર અકસ્માત, અનેક પશુઓના મોત

બેફામ ગતિએ દોડતા ભારે વાહને સર્જી દુર્ઘટના, ચાલક ફરાર થતા સ્થાનિકોમાં રોષ

ઝાલોદ, પંકજ પંડિત

દાહોદ જિલ્લાના ગુરુ ગોવિંદ લીમડી નગરના ગોધરા રોડ પર સાંજના સમયે એક કરુણ અને ચિંતાજનક અકસ્માત સર્જાયો હતો. બેફામ ગતિએ દોડી રહેલા ભારે વાહન (ટ્રક)ની અડફેટે આવતા નિર્દોષ પશુઓના મોત નિપજ્યા હોવાનું સામે આવ્યું છે. અકસ્માત બાદ વાહનચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ જતાં સ્થાનિકોમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે.



પ્રાપ્ત માહિતી અનુસાર, ગોધરા રોડ વિસ્તારમાં વાહનોની અવરજવર સાથે પશુઓની પણ સતત અવરજવર રહેતી હોય છે. આવી સ્થિતિમાં વાહનચાલકોએ વિશેષ સાવચેતી રાખવી જરૂરી હોવા છતાં કેટલાક ભારે વાહનચાલકો ગતિ મર્યાદાનો ભંગ કરીને બેદરકારીપૂર્વક વાહનો હંકારતા હોવાનું સ્થાનિકોનું કહેવું છે. જેના કારણે અકસ્માતોનું જોખમ સતત વધી રહ્યું છે.

આ દુર્ઘટનામાં નિર્દોષ પશુઓના જીવ જતા સ્થાનિકોમાં ભારે દુઃખ અને આક્રોશ જોવા મળ્યો હતો. લોકોનું કહેવું છે કે માર્ગો પર બેફામ દોડતા ભારે વાહનો સામે અસરકારક કાર્યવાહી ન થવાના કારણે વારંવાર આવી ઘટનાઓ બની રહી છે. અકસ્માત સર્જીને ચાલકનું ફરાર થઈ જવું પણ તેની ગંભીર બેદરકારી દર્શાવે છે.

આ ઘટનાએ ફરી એકવાર પરિવહન તંત્ર અને માર્ગ સુરક્ષા વ્યવસ્થાની કામગીરી સામે અનેક પ્રશ્નો ઊભા કર્યા છે. સ્થાનિક નાગરિકોએ માંગ કરી છે કે ભારે વાહનોની નિયમિત તપાસ, GPS મોનિટરિંગ, ફિટનેસ સર્ટિફિકેટની ચકાસણી તેમજ ચાલકોના ડ્રાઈવિંગ રેકોર્ડની કડક સમીક્ષા કરવામાં આવે.

સ્થાનિક લોકોએ જવાબદાર વાહનચાલકને તાત્કાલિક શોધી તેની સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની માંગ કરી છે. સાથે જ ગોધરા રોડ પર સ્પીડ નિયંત્રણ, ટ્રાફિક દેખરેખ અને માર્ગ સુરક્ષા માટે જરૂરી પગલાં ભરવાની પણ રજૂઆત કરી છે.

નિર્દોષ પશુઓના મોતની આ ઘટના માત્ર એક અકસ્માત નથી, પરંતુ બેફામ વાહનચાલન અને માર્ગ સુરક્ષા પ્રત્યેની બેદરકારીનું ગંભીર ઉદાહરણ છે. સમયસર કડક કાર્યવાહી નહીં થાય તો ભવિષ્યમાં વધુ જાનહાનિ સર્જાવાની ભીતિ સ્થાનિકોમાં વ્યક્ત થઈ રહી છે.

રેલવે સ્ટેશન પર પ્રતિકાત્મક વિરોધ

# ભરૂચમાં કોંગ્રેસનું મોંઘવારી વિરુદ્ધ પ્રદર્શન : વિવિધ મુદ્દે સરકારને ઘેરી

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા રેલવે સ્ટેશન ખાતે મોંઘવારી, પેટ્રોલ-ડીઝલના ભાવવધારા, NEET પેપર લીક કૌભાંડ અને ખેડૂતોને ખાતર ન મળવા જેવા મુદ્દે વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આ પ્રદર્શન દરમિયાન પોલીસે કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરોની અટકાયત કરી હતી. ભરૂચ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ રાજેન્દ્રસિંહ રણાના નેતૃત્વ હેઠળ આ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યકરોએ પ્રતિકાત્મક રીતે વિરોધ નોંધાવ્યો હતો. તેમણે લારી પર મોપેડ મૂકી પેટ્રોલ-ડીઝલના વધતા ભાવથી સામાન્ય જનતા પર પડતા આર્થિક બોજને ઉજાગર કર્યો હતો. આ ઉપરાંત, ‘મોંઘવારીની જેલ‘નું પ્રતિકાત્મક નિર્માણ કરીને સરકારની આર્થિક નીતિઓનો વિરોધ કરવામાં આવ્યો હતો. કોંગ્રેસના આગેવાન રાજેન્દ્રસિંહ રણાએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારના શાસનમાં જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ સતત વધી રહ્યા છે. આના કારણે મધ્યમવર્ગ અને



ગરીબ વર્ગના લોકોનું જીવન મુશ્કેલ બન્યું છે. તેમણે રસોઈ ગેસ, ઈંધણ, ખાદ્ય ચીજવસ્તુઓ અને કૃષિ ખર્ચમાં થયેલા વધારાથી સામાન્ય પરિવારોના બજેટ ખોરવાઈ ગયા હોવાનો દાવો કર્યો હતો. આ પ્રદર્શનમાં પૂર્વ જિલ્લા પ્રમુખ પરિમલસિંહ રણા, શહેર કોંગ્રેસ પ્રમુખ સલીમ અમદાવાદી, નગરસેવક હેમેન્દ્ર કોઠીવાલા, જીગ્નેશ બ્રહ્મભટ્ટ, ઝુબેર પટેલ, જિલ્લા મહિલા કોંગ્રેસ પ્રમુખ જ્યોતિ તડવી સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

અકસ્માતને ખુલ્લું આમંત્રણ

# ડભોઈ-સ્ટેચ્યુ ઓફ યુનિટી રોડ પર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરની જીવલેણ બેદરકારી સામે આવી

ડભોઇ, ફકીરા ખત્રી

ડભોઈ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ને જોડતા મુખ્ય માર્ગ પર ડભોઈ નાંદોદી ભાગોળ નર્મદા કેનાલ પાસે પાસે સ્થાનિક તંત્ર અને કોન્ટ્રાક્ટરની એક મોટી અને જીવલેણ બેદરકારી સામે આવી છે રોડની સાઈડમાં નાખવાના મોટા ભૂંગળા (પાઈપો) કોઈ પણ જાતના સાઈન બોર્ડ કે રેડિયમ વિના સીધા ચાલુ રોડ પર જ અડચણરૂપ બને તે રીતે મૂકી દેવાયા છે સ્થાનિક વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને સવાલ ઉઠી રહ્યો છે કે જો કોઈ મોટી દુર્ઘટના થશે, તો તેનો જવાબદાર કોણ રાત્રિના અંધારામાં 'મોતનો છટકું .દિવસના સમયે તો વાહનચાલકોને આ ભૂંગળા દેખાઈ જાય છે અને તેઓ બચી જાય છે, પરંતુ ખરી આફત રાત્રિના સમયે સર્જાય છે કોઈ રેડિયમ નહીં ભૂંગળા



પર કોઈ પણ પ્રકારના લાલ રેડિયમ પટ્ટા લગાવવામાં આવ્યા નથી કોઈ લાઈટ કે સંકેત નહીં: ત્યાં ન તો કોઈ લાલ લાઈટ (બ્લિંકર) મૂકવામાં આવી છે કે ન તો કોઈ ચેતવણી આપતું બોર્ડ અંધારામાં અકસ્માતનો ભય રાત્રે અંધારામાં સ્પીડમાં આવતા વાહનચાલકોને આ ભૂંગળા દેખાતા નથી, જેથી અહીં ગમે ત્યારે મોટો અને જીવલેણ અકસ્માત થઈ શકે છે દેશ-વિદેશના પ્રવાસીઓની અવરજવર, છતાં તંત્ર નિષ્ક્રિય!

આ કોઈ સામાન્ય ગ્રામ્ય માર્ગ નથી, પરંતુ સ્ટેચ્યુ ઓ ફ યુનિટી જવાનો મુખ્ય હાઈવે છે. અહીંથી દરરોજ હજારો સ્થાનિક વાહનો ઉપરાંત દેશ અને વિદેશના પ્રવાસીઓ પસાર થાય છે. વારંવાર ડભોઈ તાલુકામાં આવી બેદરકારીની ઘટનાઓ સામે આવતી રહે છે, છતાં જવાબદાર કોન્ટ્રાક્ટરો કે અધિકારીઓના પેટનું પાણી પણ હલતું નથી અહીં તાત્કાલિક ધોરણે લાલ કે પીળા રેડિયમ વાળા બોર્ડ, લાલ લાઈટો (સૂચના બોર્ડ) લગાવવામાં આવે અથવા આ ભૂંગળાને રોડ પરથી હટાવી યોગ્ય જગ્યાએ મૂકવામાં આવે, જેથી કોઈ નિર્દોષનો જીવ ન જાય કોન્ટ્રાક્ટરની આ આડોડાઈ અને બેદરકારી સામે સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ છે શું તંત્ર કોઈ મોટી દુર્ઘટના ઘટે તેની રાહ જોઈ રહ્યું છે ?

# બોડેલી ફેમિલી કોર્ટમાં ભરણપોષણ કેસમાં સજા પામેલ આરોપી ઝડપાયો

પાનવડ પોલીસે 190 દિવસથી ફરાર આરોપીને ઝડપી પાડ્યો

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

છોટાઉદેપુર જિલ્લામાં કોર્ટના વોરંટ ધરાવતા આરોપીઓ સામે પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી ઝુંબેશ હેઠળ પાનવડ પોલીસે મહત્વની સફળતા મેળવી છે. બોડેલી ફેમિલી કોર્ટમાં ભરણપોષણના કેસમાં સજા પામ્યા બાદ લાંબા સમયથી ફરાર રહેલા આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે.

પોલીસ મહાનિરીક્ષક વડોદરા રેન્જ તથા છોટાઉદેપુર જિલ્લા પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ નાસતા-ફરતા આરોપીઓ અને કોર્ટના બિનજામીનપાત્ર વોરંટવાળા આરોપીઓને શોધી કાઢવા માટે ખાસ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. તે અંતર્ગત પાનવડ પોલીસ સ્ટેશનની ટીમે ચોક્કસ બાતમીના આધારે કાર્યવાહી કરી હતી. મળતી માહિતી મુજબ, ફેમિલી કોર્ટ બોડેલીના કેસ નં. 176/2025માં આરોપી મુકેશભાઈ રમેશભાઈ રાઠવા (રહે. સુખારી ફળીયા, તાલુકો કવાંટ, જિલ્લો છોટાઉદેપુર) વિરુદ્ધ સજાનો હુકમ આપવામાં આવ્યો હતો. આરોપી છેલ્લા 190 દિવસથી ફરાર હતો. પોલીસે બાતમીના આધારે તેના નિવાસસ્થાને દરોડો પાડી તેને ઝડપી પાડ્યો હતો.

આરોપીને કોર્ટના સજા વોરંટ અંગે જાણ કરી કાયદેસરની કાર્યવાહી બાદ છોટાઉદેપુર સબ જેલ ખાતે હવાલે કરવામાં આવ્યો હોવાનું પોલીસ દ્વારા જણાવાયું છે.

આ કામગીરીમાં પાનવડ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.કે. પરમારના માર્ગદર્શન હેઠળ ASI જ્યેથીસિંહ મકનસિંહ, ASI બનવતભાઈ આપરસિંગભાઈ, હેડ કોન્સ્ટેબલ દિનેશભાઈ રમેશભાઈ તથા પોલીસ કોન્સ્ટેબલ ફતેસિંગભાઈ બુથાભાઈએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

સાંસદ જશવંતસિંહ ભાભોર અને ધારાસભ્ય મહેશ ભૂરિયાની પ્રેરક ઉપસ્થિતિમાં

# વડાપ્રધાન મોદીના નેતૃત્વના 12 વર્ષ પૂર્ણ થતા મહાઆરતી, ધ્વજારોહણ અને વૃક્ષારોપણ યોજાયું

ઝાલોદ, પંકજ પંડિત

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ગોવિંદ ગુરુ લીમડી ખાતે આવેલ પવિત્ર હનુમાન ટેકરી મંદિર આજે ભક્તિ અને રાષ્ટ્રચેતનાના રંગે રંગાયું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સફળ નેતૃત્વના ૧૨ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરે ‘વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણ’ અભિયાન અંતર્ગત અહીં એક ભવ્ય ધાર્મિક અને સામાજિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દાહોદના લોકપ્રિય સાંસદ જશવંતસિંહ ભાભોર અને ઝાલોદના ધારાસભ્ય મહેશ ભૂરિયા વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં સાંસદ જશવંતસિંહ ભાભોરનું આગમન થતાં જ ઢોલ-નગારાના ગગનભેદી



નાદ સાથે તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરાયું હતું. બાળાઓ દ્વારા કુમકુમ તિલક કરી ભારતીય સંસ્કૃતિ અનુસાર આવકાર અપાયો હતો. ત્યારબાદ સંત-મહંતોના દિવ્ય સાનિધ્યમાં હનુમાનજી મહારાજની ભવ્ય મહાઆરતી અને વિશેષ પૂજન અર્ચન કરવામાં આવ્યું હતું, જેમાં વડાપ્રધાનના દીર્ઘાયુ અને દેશની સમૃદ્ધિ માટે પ્રાર્થના કરાઈ હતી. મહાઆરતી બાદ નેતાઓના હસ્તે મંદિર પર પરંપરાગત ધ્વજારોહણ અને પર્યાવરણની જાળવણીના સંકલ્પ સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વૃક્ષારોપણ બાદ આયોજિત વિશાળ જનસભામાં મહામંડલેશ્વર જગદીશ પ્રસાદ મહારાજે આશીર્વચન પાઠવ્યા હતા અને મહાનુભાવોને પાઘડી તેમજ શાલ અર્પણ કરી સન્માનિત કર્યા હતા. ધારાસભ્ય મહેશ ભૂરિયાએ જણાવ્યું કે, વડાપ્રધાન મોદીના સુશાસનમાં છેલ્લા ૧૨ વર્ષમાં દેશે ગરીબો, ખેડૂતો, યુવાનો અને મહિલાઓના ઉત્થાન માટે ઐતિહાસિક સિદ્ધિઓ હાસલ કરી છે. જ્યારે સાંસદ જશવંતસિંહ ભાભોરે ઉમેર્યું કે, કેન્દ્ર સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ આજે સમાજના અંતિમ છેડાના વ્યક્તિ સુધી પહોંચી રહી છે અને મોદીજીના દ્રઢ નેતૃત્વમાં ભારત વૈશ્વિક સ્તરે ડંકો વગાડી રહ્યું છે.

આ ભવ્ય કાર્યક્રમમાં જિલ્લા-તાલુકા પંચાયતના સભ્યો, સ્થાનિક સરપંચો, ભાજપ સંગઠનના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉમટી પડ્યા હતા. સમગ્ર કાર્યક્રમ ભક્તિ, પર્યાવરણ જાગૃતિ અને જનકલ્યાણના દિવ્ય સંદેશ સાથે સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

# ઝઘડિયા તાલુકાના તલોદરા ફાર્મ હાઉસમાં દીપડાનો આતંક : પાલતુ શ્વાનનો શિકાર

ઝઘડિયા, ઈરફાન ખત્રી

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાના તલોદરા ગામે દીપડાના આતંકનો સામે આવ્યો છે. તલોદરા ગામના દિનેશભાઈ રવજીભાઈ વસાવાના ફાર્મ હાઉસ ખાતે દીપડાએ પાલતુ શ્વાનનો શિકાર કરતા વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો છે.મળતી માહિતી મુજબ, તલોદરા ગામે આવેલ દિનેશભાઈ રવજીભાઈ વસાવાના ફાર્મ હાઉસમાં રાત્રિના સમયે દીપડો ઘૂસી આવ્યો હતો. દીપડાએ ત્યાં રહેલા પાલતુ શ્વાન પર હુમલો કરી તેને ફાડી ખાધો હતો. સવારે ઘટના પ્રકાશમાં આવતા ફાર્મ હાઉસના માલિક સહિત સ્થાનિકોમાં ચિંતા ફેલાઈ હતી.આ બનાવથી આસપાસના ગ્રામજનોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી ગ્રામ્ય વિસ્તારોમાં દીપડાની અવરજવર વધતી હોવાના અહેવાલો સામે આવી રહ્યા છે, જેના કારણે લોકોમાં સુરક્ષાને લઈને ચિંતા વધી છે.સ્થાનિકોએ વન વિભાગને દીપડાની હિલચાલ પર નજર રાખવા તેમજ જરૂરી પગલાં લેવા માંગ કરી છે. હાલ સમગ્ર ઘટનાને લઈને વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે.

વાવ-થરાદ પોલીસે પાંચ આરોપીઓને દબોચ્યા

# કુવાણા મર્ડર કેસનો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલાયો : જૂની અદાવતનો બદલો લેવા રચાયું હતું લોહિયાળ કાવતરું

બનાસકાંઠા

દિયોદર તાલુકાના કુવાણા ગામ નજીક પાન પાલડર વિસ્તારમાં થયેલા ચકચારભર્યા હત્યાકાંડનો ભેદ વાવ-થરાદ જિલ્લા પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી નાખ્યો છે. ગત ૧૨ જૂનના રોજ રાજસ્થાનના ભલીસરના વતની શામળાભાઈ ભીલ પર સ્કોર્પિયો અને ઈનોવા કારમાં આવેલા સશસ્ત્ર હુમલાખોરોએ પિસ્તોલથી ફાયરિંગ કરી તેમજ ધારિયા જેવા ઘાતક હથિયારોથી ક્રૂર હત્યા કરી હતી.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, ગત વર્ષે બુકણા ગામના અભાભાઈ ગોહિલની હત્યા થઈ હતી, જેનો મુખ્ય આરોપી શામળાભાઈ ભીલ હતો. તે થરાદ કોર્ટમાં મુદત માટે આવ્યો હોવાની બાતમી મળતાં જ આરોપીઓએ તેની રેકી કરી હતી. કુવાણા ગામ નજીક તક મળતાં જ સ્કોર્પિયોમાંથી ઉતરેલા કિરણભાઈ ગોહિલે પિસ્તોલથી બે




રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું અને મહેશભાઈ ગોહિલે ધારિયાના ઘા ઝીંકી શામળાભાઈને મોતને ઘાટ ઉતાર્યા હતા.

શાતિર આરોપીઓ પકડાઈ ન જાય તે માટે ઘટનાના દિવસે પોતાના મોબાઈલ ફોન ઘરે મૂકીને આવ્યા હતા. પરંતુ, બનાસકાંઠા રેન્જ આઈજી પરીક્ષિતા રાઠોડ અને એસપી ચિંતન તેરૈયાના માર્ગદર્શન હેઠળ એલસીબી અને એસઓજી સહિતની ૧૦ ટીમોએ ગાંધીનગર સુધીના ૧૦૦થી વધુ CCTV, ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના જોરે આખી ગેંગને ટ્રેસ કરી લીધી હતી.

કાયદો અને વ્યવસ્થાને પડકાર ફેંકીને બદલાની ભાવનાથી સરેઆમ હથિયારો ઉછાળતી આ ગુનાહિત માનસિકતા સમાજને કઈ તરફ લઈ જઈ રહી છે? પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીઓને જેલ ભેગા કરીને પ્રશંસનીય કામગીરી કરી છે.

વાહનચાલકોને81.21 લાખથી વધુનો દંડ ફટકારવામાં આવ્યો

# ભરૂચમાં આરટીઓએ 3,351 કેસ કર્યા, ઓવરસ્પીડના સૌથી વધુ 972 નોંધાયા

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચમાં ટ્રાફિક નિયમ ભંગ બદલ એક મહિનામાં 3351 વાહનચાલકોને રૂ.81.21 લાખથી વધુનો દંડ ફટકાર્યો છે. ભરૂચ જિલ્લામાં આરટીઓ વિભાગ થકી માર્ગ સલામતી અભિયાન ચલાવવામાં ચલાવવામાં આવે છે, તે અંતર્ગત વિવિધ કાર્યક્રમો કરી લોકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા માટે સલાહ આપવામાં આવે છે.

તેમ છતાં નિયમોનું પાલન નહિં કરનાર સામે આરટીઓ વિભાગે દંડાત્મક પગલાં લઈ રહ્યા છે. ત્યારે આરટીઓ વિભાગની ટિમ જિલ્લા ભરમાં અલગ અલગ વિસ્તારોમાં ફરીને નિયમ ભંગ કરનાર વાહન ચાલકો સામે દંડાત્મક કાર્યવાહી કરી હતી.

જેમાં એક મહિનામાં ઓવરલોડ, સીટ બેલ્ટ, હેલ્મેટ, ઈન્સ્યોરન્સ, ઓવરસ્પીડ, નો પાર્કિંગ, રિફલેક્ટર નહીં લગાવી નિયમ ભંગ કરનાર 3351 સામે દંડાત્મક કાર્યવાહી એક મહિનામાં કરવામાં આવી છે. જેમાં સૌથી વધુ ઓવરસ્પીડના 972 કેસ કરવામાં આવ્યા છે જેમને રૂપિયા 20.69 લાખનો દંડ કરવામાં આવ્યો છે. આમાં અલગ અલગ 3351 કેસ કરીને કુલ રૂપિયા 81.21 લાખથી વધુનો દંડ ફટકારવામાં આવ્યો છે.

# જેતપુરના સ્ટેશન વાવડી ગામની સીમમાં ચાલતા જુગારધામ પર LCBનો દરોડો : 8 શખ્સો ઝડપાયા

જેતપુર, સુરેશ ભાલીયા

રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજય સિંહ ગુર્જર દ્વારા પ્રોહિબિશન અને જુગારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સદંતર નાબૂદ કરવા આપેલી કડક સૂચના અન્વયે પોલીસ તંત્ર કાર્યરત બન્યું છે. જે અંતર્ગત રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ જેતપુર તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન એલ. સી.બી.ના હેડ કોન્સ્ટેબલ મનીષભાઈ વરૂ, મનદીપસિંહ જાડેજા તથા કોન્સ્ટેબલ ભરતભાઈ ગમારાને ટેકનિકલ અને



હ્યુમન સોર્સ દ્વારા પાકી બાતમી મળી હતી કે, જેતપુરના સ્ટેશન વાવડી ગામની સીમમાં આવેલી અનીલભાઈ પોપટભાઈ ખોરાસીયાની વાડીના સેઢા પાસે જાહેરમાં કેટલાક ઈસમો ગંજીપાના વડે હારજીતનો જુગાર રમી રહ્યા છે. બાતમીના આધારે પોલીસે તુરંત જ દરોડો પાડી જુગાર રમતા ૮ શખ્સોને રંગેહાથ ઝડપી લીધા હતા.

પોલીસના આ દરોડામાં પકડાયેલા આરોપીઓમાં અનીલભાઈ પોપટભાઈ ખોરાસીયા (રહે. સ્ટેશન વાવડી ગામ, તા. જેતપુર), વિજયભાઈ એલભલભાઈ આલાણી (રહે. કુકાવાવ, જી. અમરેલી), રમેશભાઈ હાજાભાઈ ભુવા (રહે. ખજુરી ગુંદાળા ગામ, તા. જેતપુર), રણછોડભાઈ મુળાભાઈ માવલીયા (રહે. કુકાવાવ, જી. અમરેલી), પ્રતાપભાઈ ધીરૂભાઈ રાઠોડ (રહે. કુકાવાવ, જી. અમરેલી), કિશોરભાઈ વજુભાઈ ઢોલરીયા (રહે. સ્ટેશન વાવડી, તા. જેતપુર), વિજયભાઈ વિક્રમભાઈ ખોરાસીયા (રહે. સ્ટેશન વાવડી, તા. જેતપુર) અને વાલાભાઈ રણમલભાઈ આલાણી (રહે. અમરનગર ગામ, તા. જેતપુર)નો સમાવેશ થાય છે. ઘટનાસ્થળેથી રોકડા રૂ. ૩૯,૬૦૦, રૂ. ૧,૩૦,૦૦૦ની કિંમતના ૪ વાહનો અને રૂ. ૫૦,૦૦૦ની કિંમતના ૮ નંગ મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૨,૧૯,૬૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

50 લાખના મુદ્દામાલ સાથે ટ્રક સીઝ

# નેત્રંગમાં બિનઅધિકૃત ખનીજ વહન સામે કાર્યવાહી

ભરૂચ, રંગુની જાકીર

નેત્રંગ તાલુકામાં બિનઅધિકૃત ખનીજ વહન સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. મામલતદાર કલ્પેશ બી. ગળિયાના માર્ગદર્શન હેઠળ ટીમે કેલ્વીકુવા રોડ પરથી રોયલ્ટી વગર અને ઓવરલોડ ખનીજનું પરિવહન કરતા એક ટ્રકને ઝડપી પાડ્યો હતો. તપાસમાં ટ્રક નંબર GJ-16-AV-7257 માં ખનીજ પરિવહનના નિયમોનો ભંગ થતો હોવાનું સામે આવ્યું હતું. આથી, વાહનને તાત્કાલિક સીઝ કરીને ખનીજ કાયદા અને નિયમો હેઠળ કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ કાર્યવાહીમાં અંદાજે રૂ. 50 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે, જેમાં સીઝ કરાયેલ ટ્રક અને ખનીજનો



સમાવેશ થાય છે.

હાલમાં સીઝ કરાયેલ ટ્રકને નેત્રંગ મામલતદાર કચેરી ખાતે નેત્રંગ પોલીસની કસ્ટડીમાં સુરક્ષિત રાખવામાં આવ્યો છે.

તાલુકા વહીવટીતંત્ર દ્વારા બિનઅધિકૃત ખનીજ ખનન અને પરિવહન સામે સતત કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે, અને ભવિષ્યમાં પણ આ પ્રકારની કામગીરી ચાલુ રહેશે તેમ જણાવાયું છે.



કંગનાએ કહ્યું કે જેમ કોઈ આ સ્ટાર્સને બદલી શકતું નથી, તેવી જ રીતે દીપિકા પાદુકોણ જેવી બીજી કોઈ અભિનેત્રી નથી

# વૈરભાવ ભૂલી કંગના રણૌતે કર્યા દીપિકા પાદુકોણના વખાણ

મુંબઈ

બોલિવૂડમાં કંગના રનૌત અને દીપિકા પાદુકોણના નામ ચર્ચામાં આવ્યા વિના એકસાથે દેખાય તે દુર્લભ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, કંગનાએ ખુલ્લેઆમ દીપિકાની ફિલ્મો, નિર્ણયો અને નિવેદનોની ટીકા કરી છે. પરંતુ હવે, વાર્તામાં એક નવો વળાંક આવ્યો છે. ભૂતકાળમાં વારંવાર દીપિકા પર સવાલ ઉઠાવનાર કંગના હવે તેના વખાણ કરતી જોવા મળી રહી છે. વધુમાં, કંગનાએ એમ પણ કહ્યું કે તેણે દીપિકા પાસેથી ઘણું શીખ્યું છે. આ નિવેદનથી ચાહકો આશ્ચર્યચકિત થયા છે અને સોશિયલ મીડિયા પર નવી ચર્ચા શરૂ થઈ છે. કંગનાએ દીપિકા પાસેથી શું શીખી?

તેની ફિલ્મ “ભારત ભાગ્ય વિધાતા” ના પ્રમોશન દરમિયાન, કંગનાએ એન્ટરટેઈનમેન્ટ લાઈફ સાથેના એક ઈન્ટરવ્યુમાં ખુલાસો કર્યો હતો કે જ્યારે તે નાની ઉંમરે મુંબઈ માટે ઘરેથી નીકળી હતી, ત્યારે તેને દુનિયા વિશે બહુ સમજ નહોતી. તેણે આસપાસના લોકોને જોઈને ઘણું શીખી હતી. દીપિકા પાદુકોણનો ઉલ્લેખ કરતા, કંગનાએ કહ્યું કે તેની પાસે રમતગમતની બેગ્રાઉન્ડ છે અને તેણીને જોઈને તેણીને ફિટનેસનું મહત્વ શીખવવામાં આવ્યું. તેણીએ ઉમેર્યું કે તે હંમેશા બીજાઓના સકારાત્મક ગુણો અપનાવવાનો પ્રયાસ કરે છે. એટલું જ નહીં, તેણીએ દીપિકાને તેના સમયની એક ખાસ અભિનેત્રી તરીકે પણ વર્ણવી હતી. કંગનાએ કહ્યું કે જેમ માધુરી દીક્ષિત, કરિશ્મા કપૂર અને અન્ય દિગ્ગજ અભિનેત્રીઓની પોતાની અલગ ઓળખ છે, તેવી જ રીતે દીપિકા પાદુકોણ જેવી કોઈ નથી. તેમના મતે, દરેક કલાકાર પોતાના સમયમાં એક અનોખી ઓળખ બનાવે છે, અને દીપિકા તે સ્ટાર્સમાંથી એક છે. કંગના કહે છે કે કોઈના સારા ગુણો અપનાવવામાં કંઈ ખોટું નથી. તેણીએ કહ્યું કે જ્યારે પણ તે કોઈમાં સારી આદત કે ગુણ જુએ છે, ત્યારે તે તેમાંથી પ્રેરણા લેવાનો પ્રયાસ કરે છે. કંગનાના મતે, ફક્ત ખામીઓ શોધવાને બદલે, લોકોએ બીજામાં સારા ગુણો પણ શોધવા જોઈએ. આ વિચાર વ્યક્તિને આગળ વધવામાં મદદ કરે છે. વાતચીત દરમિયાન, કંગનાએ વર્તમાન યુવા પેઢી વિશે પણ પોતાના વિચારો શેર કર્યા. તેણીએ કહ્યું કે આજકાલ ઘણી નકારાત્મકતા છે. એકબીજાને ટેકો આપવાને બદલે, લોકો ઘણીવાર એકબીજાની ટીકા કરે છે. કંગનાએ આને સારી વાત માનતી ન હતી અને કહ્યું કે આવી વિચારસરણી બદલવાની જરૂર છે. તેણીના મતે, એકબીજા પાસેથી શીખવાની અને પ્રશંસા કરવાની આદત વાતાવરણને સુધારી શકે છે. જ્યારે કંગનાને પૂછવામાં આવ્યું કે તેના જેવી બીજી કોઈ અભિનેત્રી કેમ ઉભરી નથી, ત્યારે તેણે ઘણી દિગ્ગજ અભિનેત્રીઓનું નામ લીધું.

**તેણે દીપિકાની 8 કલાકના દિવસની માંગને પણ ટેકો આપ્યો**

# બેબી બમ્પ ફ્લોન્ટ કરતી સુરભી જ્યોતિ

## ટીવી અભિનેત્રી સુરભી જ્યોતિએ તાજેતરમાં ઇન્સ્ટાગ્રામ પર ઘણી સુંદર તસવીરો શેર કરી છે, જે એકદમ સુંદર લાગી રહી છે

મુંબઈ

ટીવી અભિનેત્રી સુરભી જ્યોતિએ તાજેતરમાં ઈન્સ્ટાગ્રામ પર ઘણી સુંદર તસવીરો શેર કરી છે, જે એકદમ સુંદર લાગી રહી છે. આ તસવીરોમાં, સુરભીનો લુક 90ના દાયકાનો માહોલ દર્શાવે છે, અને તેનો ચહેરો તેની ગર્ભાવસ્થાનો ચમક દર્શાવે છે. આ તસવીરો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. આ દરમિયાન, ચાલો તેના પર એક નજર કરીએ. આ ફોટોશૂટ માટે સુરભી જ્યોતિએ બ્રાઉન અને વ્હાઈટ પોલ્કા ડોટ પ્રિન્ટ સાથે ફ્લોઇ મેક્સી ડ્રેસ પહેર્યો હતો. હોલ્ટર નેક ડિઝાઈન તેના બેબી બમ્પને સુંદર રીતે હાઈલાઈટ કરે છે. તેણીએ બંને હાથ પર કાળા લેસ ગ્લોવ્ઝ પહેર્યા છે, જે તેના આખા લુકને વિન્ટેજ અને સ્ટાઈલિશ ટચ આપી રહ્યા છે. સુરભીએ બહુ-સ્તરીય મોતી ચોકર ગળાનો હાર પહેર્યો હતો, જે તેણીને ભવ્ય અને શાહી દેખાતો હતો. તેણીએ નીચો બન પસંદ કર્યો, જેમાં તેના ચહેરાની બંને બાજુ નરમ કર્લ્સ હતા, જે તેના દેખાવમાં ગ્રેસ અને સુંદરતા ઉમેરતા હતા. તેના વાળમાં કાળા રંગની નેટ હેર એસેસરી તેના આઉટફિટને ક્લાસિક અને ફેશનેબલ લુક આપી રહી છે. તેનો મેકઅપ કુદરતી છે, જે તેની ગર્ભાવસ્થાની ચમક વધારે છે. સુરભીએ સફેદ હીલ્સ સાથે પોતાનો લુક પૂર્ણ કર્યો. બેબી બમ્પ પર હાથ રાખીને તેનો પોઝ ફોટાને મનોહર અને ખાસ બનાવે છે. ટીવી અભિનેત્રી સુરભી જ્યોતિએ તાજેતરમાં ઈન્સ્ટાગ્રામ પર ઘણી સુંદર તસવીરો શેર કરી છે, જે એકદમ સુંદર લાગી રહી છે. આ તસવીરોમાં, સુરભીનો લુક 90ના દાયકાનો માહોલ દર્શાવે છે, અને તેનો ચહેરો તેની ગર્ભાવસ્થાનો ચમક દર્શાવે છે. આ તસવીરો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. આ દરમિયાન, ચાલો તેના પર એક નજર કરીએ. આ ફોટોશૂટ માટે સુરભી જ્યોતિએ બ્રાઉન અને વ્હાઈટ પોલ્કા ડોટ પ્રિન્ટ સાથે ફ્લોઇ મેક્સી ડ્રેસ પહેર્યો હતો. હોલ્ટર નેક ડિઝાઈન તેના બેબી બમ્પને સુંદર રીતે હાઈલાઈટ કરે છે. તેણીએ બંને હાથ પર કાળા લેસ ગ્લોવ્ઝ પહેર્યા છે, જે તેના આખા લુકને વિન્ટેજ અને સ્ટાઈલિશ ટચ આપી રહ્યા છે.



# બોલિવૂડનો 'ગ્રીક ગોડ' હવે હોલીવુડમાં ધૂમ મચાવશે!

## હ્રતિક રોશને ગ્લોબલ ટેલેન્ટ કંપની સાથે કરાર કર્યો; 'ક્રિશ-4' પહેલાં મોટો નિર્ણય લીધો

મુંબઈ

હ્રતિક રોશન હવે માત્ર બોલિવૂડ સ્ટાર નથી, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્ક્રીન પ્રેઝન્સ તરફ આગળ વધી રહ્યો છે. તેનો કરાર ગ્લોબલ મીડિયા અને ટેલેન્ટ કંપની એનોનિમસ કન્ટેન્ટ સાથે થયો છે. આ એ જ કંપની છે, જે વિશ્વભરના મોટા ફિલ્મ નિર્માતાઓ, લેખકો અને કલાકારો સાથે કામ કરવા અને આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સને આકાર આપવા માટે જાણીતી છે. જોકે, સત્તાવાર રીતે હજુ સુધી કોઈ હોલીવુડ ફિલ્મની જાહેરાત થઈ નથી, પરંતુ ઈન્ડસ્ટ્રીમાં હ્રતિકના આ પગલાને કારકિર્દીના આગામી મોટા વિસ્તરણના સંકેત તરીકે જોવામાં આવી રહ્યું છે. હ્રતિક એકસાથે એક્ટર, ડિરેક્ટર અને પ્રોડ્યુસરની ભૂમિકાઓમાં પોતાની હાજરી વધારી રહ્યો છે ઈન્ડસ્ટ્રી માની રહી છે કે, આ માત્ર વિદેશમાં એજન્ટ બદલવા જેવું પગલું નથી, પરંતુ ઈન્ટરનેશનલ કો-પ્રોડક્શન, ગ્લોબલ કન્ટેન્ટ અને ક્રોસ-માર્કેટ હાજરીની રણનીતિનો પણ એક ભાગ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ઘણા ભારતીય કલાકારોએ આંતરરાષ્ટ્રીય એજન્સીઓ સાથે ભાગીદારી કરી છે. આ જ કડીમાં હ્રતિકનું નવું પગલું થોડું અલગ માનવામાં આવી રહ્યું છે. કારણ માત્ર હોલીવુડમાં સંભાવનાઓ નથી, પરંતુ એ પણ છે કે આ નિર્ણય એવા સમયે આવ્યો છે, જ્યારે હ્રતિક એક સાથે એક્ટર, ડિરેક્ટર અને નિર્માતા ત્રણેય ભૂમિકાઓમાં પોતાની હાજરી વધારી રહ્યો છે. રસપ્રદ વાત એ છે કે હજુ સુધી કોઈ હોલીવુડ ફિલ્મ કે સિરીઝની સત્તાવાર જાહેરાત થઈ નથી. એક તરફ એક્ટર તરીકે હ્રતિક પોતાની સૌથી મોટી ફ્રેન્ચાઇઝ ‘ક્રિશ 4’ની તૈયારીમાં વ્યસ્ત છે, તો બીજી તરફ પ્રોડ્યુસર તરીકે પોતાના બેનર HRX Filmsનું વિસ્તરણ થઈ રહ્યું છે. આવા સમયે નવી ગ્લોબલ ડીલ હ્રતિક માટે આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટ્સ, કો-પ્રોડક્શન, ગ્લોબલ સ્ટ્રીમિંગ કન્ટેન્ટ અને નવા ક્રિએટિવ સહયોગોના રસ્તા ખોલી શકે છે.

‘ક્રિશ 4’ માં પહેલીવાર ડિરેક્ટરની કમાન પણ સંભાળી રહ્યો છે. HRX ફિલ્મ્સ દ્વારા પ્રોડક્શનમાં સક્રિય વિસ્તરણ કરી રહ્યો છે. પ્રાઈમ વીડિયો માટે બે મોટા પ્રોજેક્ટ્સ પર કામ કરશે. ભારતમાં લીડ હીરો તરીકે સફર સતત ચાલુ રહેશે. ઈન્ટરનેશનલ ફિલ્મો અને સિરીઝ માટે નવી તકોની સંભાવના ખુલશે.

હોલીવુડ સ્ટુડિયો અને સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ્સ સુધી સીધી પહોંચ બનશે.

નિર્માતા તરીકે પણ ગ્લોબલ વિસ્તરણની તૈયારી છે.





# ફિલ્મ 'ધમાલ 4' માટે અજય દેવગન કેમ છે ટેન્શનમાં?

## બોલિવૂડમાં સીક્વલ ફિલ્મો કેમ આટલી સફળ થાય છે?

મુંબઈ

બોલિવૂડના સુપરસ્ટાર અજય દેવગનની લોકપ્રિય કોમેડી ફ્રેન્ચાઈઝી ’ધમાલ’ની ચોથી ફિલ્મ ’ધમાલ 4’ની ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. શુક્રવારે આ મોસ્ટ અવેટેડ ફિલ્મનું ટ્રેલર ધમાકેદાર અંદાજમાં લોન્ચ કરવામાં આવ્યું હતું, જેમાં ફિલ્મની આખી સ્ટાર કાસ્ટ હાજર રહી હતી. ટ્રેલર લોન્ચિંગ દરમિયાન અજય દેવગને ખુલ્લા દિલથી સ્વીકાર્યું હતું કે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આટલા વર્ષો વિતાવ્યા હોવા છતાં, આજે પણ દરેક ફિલ્મની રિલીઝ પહેલા તેઓ નર્વસ થઈ જાય છે. આ સાથે જ તેમણે બોલિવૂડમાં સીક્વલ ફિલ્મોના સફળ ટ્રેન્ડ વિશે પણ રસપ્રદ વાત કરી હતી. શું દરેક ફિલ્મની રિલીઝ પહેલા અજય દેવગનને પ્રેશર ફીલ થાય છે? ટ્રેલર લોન્ચ દરમિયાન મીડિયાએ અજય દેવગનને પૂછ્યું કે, ‘શું ફિલ્મની રિલીઝ પહેલા બોક્સ ઓફિસ કલેક્શનનું પ્રેશર તેમના પર અસર કરે છે?‘ ત્યારે સિંઘમ સ્ટારે કોઈપણ ખચકાટ વિના ઈમાનદારીથી જવાબ આપ્યો હતો. અજય દેવગને કહ્યું કે ‘થોડું-ઘણું પ્રેશર તો રહે જ છે. જ્યારે તમે કોઈ પ્રોજેક્ટ પાછળ આટલી બધી મહેનત કરી હોય, ત્યારે સ્વાભાવિક છે કે ફિલ્મ દર્શકોને પસંદ આવવી જોઈએ અને થિયેટરોમાં ચાલવી જોઈએ. અમારો પ્રયાસ હંમેશા એવી ફિલ્મ બનાવવાનો હોય છે જે લોકોને ભરપૂર મનોરંજન પૂરું પાડે. તેથી જ્યારે ફિલ્મ રિલીઝ થવાની હોય, ત્યારે થોડું પ્રેશર તો દરેક કલાકાર કે મેકર પર આવે જ છે.‘ આજના સમયમાં સીક્વલ ફિલ્મો બોક્સ ઓફિસ પર કેમ ધૂમ કમાણી કરી રહી છે? તે સવાલના જવાબમાં અજયે પોતાના અનુભવના આધારે સરસ વાત કહી. તેમણે કહ્યું કે, ‘મને લાગે છે કે કોઈપણ સીક્વલ ફિલ્મ ત્યારે જ કામ કરે છે જ્યારે તેના પાત્રો દર્શકોના દિલમાં વસી ગયા હોય. તમે પછી આ ફિલ્મ ’ધમાલ 4’નું ઉદાહરણ લો કે ’ગોલમાલ’નું, વાચકો અને ચાહકો આ ફિલ્મોના પાત્રોને તેમના નામથી ઓળખે છે. એકવાર દર્શકો પાત્રો સાથે ઈમોશનલી જોડાઈ જાય, ત્યાર પછી જ અમે વાર્તાને આગળ વધારી શકીએ છીએ.‘ કોમેડીના શોખીનો માટે ’ધમાલ’ સિરીઝ હંમેશા ખાસ રહી છે વર્ષ 2007: આ સફરની શરૂઆત વર્ષ 2007માં પહેલી સુપરહિટ ફિલ્મ ’ધમાલ’થી થઈ હતી, જેને લોકો આજે પણ ટીવી પર જોવાનું પસંદ કરે છે.

વર્ષ 2011: આ પાત્રોની લોકપ્રિયતાને કારણે 2011માં તેની સીક્વલ ‘ડબલ ધમાલ’ રિલીઝ થઈ.

# જાહ્નવી કપૂર પણ હવે હોરર ફિલ્મોની હોડમાં સામેલ થશે, તુમ્બાડના ડિરેક્ટરની ફિલ્મ ઓફર થઈ

મુંબઈ

આજકાલ ’પેદ્દી’ની સફળતા બાદ ફૂલી ન સમાતી જાહ્નવી  કપૂર હવે પછીની ફિલ્મ બહું ગણતરીપૂર્વક સાઈન કરવાની છે. ’તુમ્બાડ’ ફિલ્મનું દિગ્દદર્શન કરનારા રાહી અનિલ બર્વેની આગામી ક્રિએચર હોરર ફિલ્મમાં જાહ્નવી કપૂરને લેવા માટે ચર્ચા ચાલી રહી છે. જો આ ફિલ્મ કરવા માટે જાહ્નવી તૈયાર થશે તો તેના માટે આ એક સાવ અલગ પ્રકારની ફિલ્મ બની રહેશે.

આ ફિલ્મ મોટા બજેટની ફિલ્મ છે. નિર્માતાઓ આ વર્ષના અંત ભાગમાં ફિલ્મનું પ્રોડકશન શરૂ કરવાની આશા રાખી રહ્યા છે.એકવાર ફિલ્મ સાઈન થઈ જાય તે પછી જાહ્નવી તેના પાત્રને સુપેરે સમજવા માટે વર્કશોપ કરશે તેમ મનાય છે.હાલ હોરર ફિલ્મો જે રીતે સફળતાને વરી રહી છે તે જોતાં જાહ્નવીની આ પસંદગી મહત્વની બની રહેશે. શ્રદ્ધા કપૂર  સહિતની હિરોઈનોને તેમની કેરિયરમાં હોરર ફિલ્મો ફળી ચૂકી છે.  તેમાં પણ ’તુમ્બાડ’ જેવી સફળ ફિલ્મના નિર્દેશક સાથે કામ કરવાની તક મળતી હોય તો જાહ્નવી તેને છોડશે નહીં.  આજકાલ ’પેદ્દી’ની સફળતા બાદ ફૂલી ન સમાતી જાહ્નવી  કપૂર હવે પછીની ફિલ્મ બહું ગણતરીપૂર્વક સાઈન કરવાની છે. ’તુમ્બાડ’ ફિલ્મનું દિગ્દદર્શન કરનારા રાહી અનિલ બર્વેની આગામી ક્રિએચર હોરર ફિલ્મમાં જાહ્નવી કપૂરને લેવા માટે ચર્ચા ચાલી રહી છે. જો આ ફિલ્મ કરવા માટે જાહ્નવી તૈયાર થશે તો તેના માટે આ એક સાવ અલગ પ્રકારની ફિલ્મ બની રહેશે.

આ ફિલ્મ મોટા બજેટની ફિલ્મ છે. નિર્માતાઓ આ વર્ષના અંત ભાગમાં ફિલ્મનું પ્રોડકશન શરૂ કરવાની આશા રાખી રહ્યા છે.એકવાર ફિલ્મ સાઈન થઈ જાય તે પછી જાહ્નવી તેના પાત્રને સુપેરે સમજવા માટે વર્કશોપ કરશે તેમ મનાય છે.હાલ હોરર ફિલ્મો જે રીતે સફળતાને વરી રહી છે.



### વિલિયમસન એક અદ્ભુત કેપ્ટન: ન્યૂઝીલેન્ડને બનાવ્યું 'વિશ્વ વિજેતા'

# ક્રિકેટ જગતના 'જેન્ટલમેન' કેન વિલિયમસનની નિવૃત્તિની જાહેરાત

નવી દિલ્હી

વિશ્વ ક્રિકેટના આધુનિક યુગના સૌથી શાંત અને ભરોસાપાત્ર બેટ્સમેનોમાં જેમની ગણતરી થાય છે તેવા ન્યૂઝીલેન્ડના પૂર્વ ક્રિકેટ ટીમ કેપ્ટન કેન વિલિયમસને ક્રિકેટ ચાહકોને મોટો આંચકો આપ્યો છે. બ્લેકકેપ્સના આ મહાન ખેલાડીએ 12 જૂન 2026ના રોજ આંતરરાષ્ટ્રીય ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી તાત્કાલિક અસરથી નિવૃત્તિની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. ન્યૂઝીલેન્ડ ક્રિકેટના ઈતિહાસમાં સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ ધરાવતા 35 વર્ષીય વિલિયમસને ભાવુક થઈને જણાવ્યું કે, આ નિર્ણય પાછળ તેઓ લાંબા સમયથી વિચારમંથન કરી રહ્યા હતા.

સત્તાવાર નિવેદનમાં કેન વિલિયમસને જણાવ્યું કે, 'હું લાંબા સમયથી આ નિવૃત્તિ વિશે વિચારી રહ્યો હતો, પરંતુ છેલ્લા કેટલાક દિવસોની અંદર જ મને સંપૂર્ણ સ્પષ્ટતા થઈ ગઈ કે આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહેવાનો હવે આ જ સૌથી યોગ્ય અને સાચો સમય છે.' કેન વિલિયમસને વર્ષ 2010ના તે જ ઐતિહાસિક ભારત પ્રવાસ દરમિયાન પોતાની પ્રથમ વન-ડે મેચ પણ રમી હતી. તેમણે મર્યાદિત ઓવરોના ક્રિકેટમાં પણ પોતાની ક્લાસિક બેટિંગની ધાક જમાવી રાખી હતી.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ઉપરાંત, કેન વિલિયમસન ભારતીય લીગ IPLમાં સનરાઈઝર્સ હૈદરાબાદ (SRH) અને ગુજરાત ટાઈટન્સ (GT) જેવી ફ્રેન્ચાઈઝીઓ માટે રમી ચૂક્યા છે. સનરાઈઝર્સ હૈદરાબાદને તેમણે પોતાની કેપ્ટનશિપ હેઠળ ફાઈનલ સુધી પણ પહોંચાડી હતી. આઈપીએલમાં તેમનો ઓવરઓલ સ્ટ્રાઈક રેટ 125.6નો રહ્યો છે. કેન વિલિયમસન માત્ર એક મહાન



બેટ્સમેન જ નહીં, પણ ક્રિકેટ ઈતિહાસના સૌથી સફળ અને વિનમ્ર કેપ્ટન તરીકે હંમેશાં યાદ રહેશે. તેમની કેપ્ટનશિપ અને નેતૃત્વ હેઠળ ન્યૂઝીલેન્ડની ટીમે આઈસીસી ટૂર્નામેન્ટ્સમાં નવો ઈતિહાસ લખ્યો હતો: જૂન 2021: વિલિયમસનની કેપ્ટનશિપ હેઠળ ન્યૂઝીલેન્ડે ફાઈનલમાં ભારતને હરાવીને સર્વપ્રથમ ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો હતો. નવેમ્બર 2021: ટીમને પોતાની કેપ્ટનશિપ હેઠળ પ્રથમ વખત ICC મેન્સ T20 વર્લ્ડ કપની ફાઈનલમાં પહોંચાડી હતી. ક્રિકેટ વર્લ્ડ કપની રોમાંચક ફાઈનલમાં પણ ન્યૂઝીલેન્ડની ટીમનું શાનદાર નેતૃત્વ કર્યું હતું. આ ઉપરાંત તેઓ 2015 ક્રિકેટ વર્લ્ડ કપ અને 2025 આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીમાં રનર-અપ રહેલી કીવી ટીમના મુખ્ય સભ્ય રહ્યા હતા. મેદાન પર ક્યારેય આક્રમકતા ન બતાવવી, સ્લેજિંગથી દૂર રહેવું અને માત્ર પોતાના બેટથી જવાબ આપવો એ કેન વિલિયમસનની ઓળખ રહી છે. પ્રત્યેક દેશના ક્રિકેટ ચાહકો તેમના આ અદભુત રમત પ્રત્યેના અભિગમનો આદર કરે છે. તેમની નિવૃત્તિ સાથે જ ન્યૂઝીલેન્ડ ક્રિકેટના સૌથી તેજસ્વી અને સુવર્ણ પ્રકરણનો અંત આવ્યો છે. કીવી ટીમના આ 'જેન્ટલમેન' રન મશીનને ભવિષ્યની સફર માટે સમગ્ર ક્રિકેટ જગત સલામી આપી રહ્યું છે.

## વુમન્સ T20 વર્લ્ડકપ- યજમાન ઇંગ્લેન્ડની જીતથી શરૂઆત

મુંબઈ

યજમાન ઈંગ્લેન્ડે વુમન્સ T20 વર્લ્ડ કપમાં પોતાના અભિયાનની શરૂઆત જીત સાથે કરી છે. તેણે શુક્રવારે રાત્રે ઓપનિંગ મેચમાં શ્રીલંકાને 87 રનથી હરાવ્યું. બર્મિંગહામના એજબેસ્ટન મેદાન પર શ્રીલંકાએ ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી. ઈંગ્લેન્ડે પહેલા બેટિંગ કરતા 20 ઓવરમાં એક વિકેટે 219 રન બનાવ્યા. જવાબમાં શ્રીલંકાની ટીમ 20 ઓવરમાં 10 વિકેટે 132 રન જ બનાવી શકી. 21 વર્ષીય ફ્રેયા કેમ્પે પોતાની T20 વર્લ્ડ કપ ડેબ્યૂ મેચમાં 4 વિકેટ ઝડપી. ઈંગ્લિશ ઓપનર ડેની વાયટ-હોજને સદીની ઈનિંગ્સ માટે પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ કરી છે. ઈંગ્લેન્ડે વુમન્સ T20 વર્લ્ડકપ ઈતિહાસનો સૌથી મોટો ટીમ સ્કોર બનાવ્યો. તેણે પોતાના જ રેકોર્ડને સુધાર્યો. તેણે 2023માં કેપટાઉનમાં પાકિસ્તાન સામે 5 વિકેટે 213 રન બનાવ્યા હતા. મા બન્યા પછી વ્યાટ-હોજની પ્રથમ સદી ઈંગ્લિશ ઓપનર ડેની વ્યાટ-હોજે અણનમ 105 રનની સદીની ઈનિંગ્સ રમી. તેણે 62 બોલની ઈનિંગ્સમાં 13 ચોગ્ગા અને એક છગ્ગો ફટકાર્યો. વાયટ-હોજે મા બન્યા પછી પ્રથમ સદી ફટકારી છે. 35 વર્ષની આ સિનિયર બેટરે T20 ઈન્ટરનેશનલમાં ત્રીજી સદી ફટકારી છે. તેણે 33મી બોલ પર ચોગ્ગો ફટકારીને અડધી સદી પૂરી કરી. પછી બ્રાઝિલિયન ફૂટબોલર બેબેટોની સ્ટાઈલમાં 'રોક-એ-બેબી' (બાળકને ઝુલાવવું) સેલિબ્રેશન કર્યું. તેણે આ સદી પોતાની દીકરી ડેઝીને સમર્પિત કરી. વાયટ-હોજ આઠમો T20 વર્લ્ડ કપ રમી રહી છે.મેચમાં શ્રીલંકાની કેપ્ટન ચમારી અટ્ટાપટ્ટુએ ટૉસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. તેણે કહ્યું હતું કે તે અહીંની પરિસ્થિતિઓથી સંપૂર્ણપણે પરિચિત નથી. અહીં એક દિવસ પહેલા વરસાદ પણ થયો હતો. જોકે, આ નિર્ણય ખોટો સાબિત થયો. ઈંગ્લેન્ડની ઓપનિંગ જોડી વ્યાટ-હોજ અને એમી જોન્સ (50 રન)એ શરૂઆતથી જ આક્રમક બેટિંગ કરતા 82 બોલમાં 135 રનની ભાગીદારી કરી.

### અમેરિકાનો વિજય શંખનાદ: બાલોગુન અને રેના ચમક્યા

## ઘરઆંગણે અમેરિકાનો ધમાકો, પરાગ્વે સામે 4-1થી મેળવી એકતરફી જીત

મુંબઈ

વૈશ્વિક ફૂટબોલના સૌથી મહાકુંભ 'ફિફા વર્લ્ડ કપ 2026'ની ધમાકેદાર શરૂઆત થઈ ચૂકી છે. સહ-યજમાન દેશોએ પોતાના ઘરઆંગણે ચાહકોને રોમાંચથી ભરી દીધા છે. કેલિફોર્નિયાના ઈન્ગલવુડ સ્થિત પ્રતિષ્ઠિત સોફી સ્ટેડિયમ ખાતે રમાયેલી ગ્રુપ-Dની હાઈ-વોલ્ટેજ મેચમાં યજમાન અમેરિકાએ પરાગ્વેને 4-1ના મોટા અંતરથી હરાવીને ટૂર્નામેન્ટમાં રણશિંગું ફૂંક્યું છે. બીજી તરફ, અન્ય સહ-યજમાન દેશ કેનેડાએ પણ જોરદાર વાપસી કરીને બોસ્નિયા-હર્ઝેગોવિના સામેની મેચ 1-1થી ડ્રો કરાવી મહત્ત્વનો એક પોઈન્ટ મેળવ્યો છે. અમેરિકાનો વિજય શંખનાદ: બાલોગુન અને રેના ચમક્યા વર્ષ 1994 પછી પહેલીવાર પોતાના હોમ ગ્રાઉન્ડ પર વર્લ્ડ કપ રમી રહેલી



યુએસએની ટીમ શરૂઆતથી જ વિસ્ફોટક મૂડમાં જોવા મળી હતી. અમેરિકાએ શરૂઆતથી જ આક્રમણ વધારીને પરાગ્વેને પ્રેશરમાં લાવી દીધું હતું. બાલોગુનનો ડબલ ધમાકો: આ મેચનો અસલી હીરો ફોલારિન બાલોગુન રહ્યો હતો. 31મી મિનિટે કેપ્ટન ક્રિશ્ચિયન પુલિસિચના શાનદાર થ્રૂ પાસને બાલોગુને ગોલમાં ફેરવી સ્કોર 2-0 કર્યો.

આ પહેલાં તેનો એક ગોલ ઓફસાઈડ જાહેર થયો હતો. પ્રથમ હાફના ઈન્જરી ટાઈમમાં બાલોગુને માલિક ટિલમેનના પાસ પર બે ડિફેન્ડરોને હંફાવીને એક અદ્ભુત કર્લિંગ શોટ વડે બોલને ટોપ કોર્નરમાં મોકલી અમેરિકાને 3-0ની મજબૂત સ્થિતિમાં લાવી દીધું હતું. બીજા હાફમાં પરાગ્વેએ લડત આપવાનો પ્રયાસ કર્યો. 73મી મિનિટે જુલિયો એન્સિસોના પાસ પર મૌરિસિયોએ ગોલ કરીને સ્કોર 3-1 કર્યો હતો.

## બાંગ્લાદેશે પહેલીવાર ઓસ્ટ્રેલિયાને વન-ડે સિરીઝમાં હરાવ્યું

### કેપ્ટન મેહદી હોસ્પિટલ પહોંચ્યો: માથા પર બોલ વાગ્યા પછી પણ મેદાન પર ટકી રહ્યો

ઢાકા

બાંગ્લાદેશે ઢાકા સ્ટેડિયમમાં રમાયેલી બીજી વન-ડેમાં ઓસ્ટ્રેલિયાને 5 વિકેટે હરાવ્યું. આ સાથે જ બાંગ્લાદેશે 3 મેચની સિરીઝમાં 2-0થી અજેય લીડ મેળવી લીધી. ક્રિકેટ ઈતિહાસમાં આ પહેલીવાર બન્યું છે, જ્યારે બાંગ્લાદેશે ઓસ્ટ્રેલિયાને વન-ડે સિરીઝમાં હરાવ્યું હોય. જીત બાદ બાંગ્લાદેશ ટીમના કેપ્ટન અને ઓલરાઉન્ડર મેહદી હસન મિરાજને મેચના તરત જ બાદ હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો. બેટિંગ દરમિયાન તેના માથા પર ઓસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલરનો એક ખતરનાક બાઉન્સર વાગ્યો હતો, જેના કારણે તેને કન્કશનની ફરિયાદ થઈ. તબિયત બગડવાને કારણે તેને ડોકટરોની દેખરેખ હેઠળ ઢાકાની એક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો. જ્યાં તે આગામી 24 કલાક સુધી ઓબ્ઝર્વેશનમાં રહેશે. જોકે, હોસ્પિટલ



જતા પહેલા મેહદીએ ગંભીર રીતે ઘાયલ હોવા છતાં મેદાન છોડ્યું નહીં અને છગ્ગો ફટકારીને ટીમને ઓસ્ટ્રેલિયા સામે ઈતિહાસની પહેલી વન-ડે સિરીઝ જીતાડી. બાંગ્લાદેશે સિરીઝની પહેલી મેચ ડકવર્થ લુઈસ નિયમ હેઠળ 86 રનથી જીતી હતી.

34મી ઓવરમાં મેરેડિથનો બાઉન્સર મેહદી હસનના હેલ્મેટ પર વાગ્યો બાંગ્લાદેશની બેટિંગ દરમિયાન 34મી ઓવરમાં ઓસ્ટ્રેલિયન પેસર રિલે મેરેડિથનો ઝડપી બાઉન્સર મેહદી હસનના હેલ્મેટની બાજુમાં વાગ્યો. બોલ વાગતા જ મેહદી દર્દથી ઘૂંટણિયે બેસી ગયો. બાંગ્લાદેશના ફિઝિયો બાયજેદુલ ઈસ્લામ ખાન તરત જ મેદાન પર પહોંચ્યા અને તેની તપાસ કરી. સ્થિતિને જોતા ઓસ્ટ્રેલિયન ટીમના ડોક્ટર પણ તેની પાસે આવ્યા. સાવચેતીના ભાગરૂપે સ્ટ્રેચર પણ મંગાવવામાં આવ્યું હતું. મેડિકલ ટ્રીટમેન્ટ દરમિયાન મેહદી પરેશાન દેખાયા અને તેને મેદાન પર જ ઉલટી થઈ, જે કન્કશનનું મોટું લક્ષણ છે. ઉલટી થવા અને ગંભીર દર્દ હોવા છતાં, કેપ્ટન મેહદી હસન મિરાજે મેદાન છોડવાનો (રિટાયર્ડ હર્ટ) ઈનકાર કર્યો. તેણે ટીમને ઐતિહાસિક જીત અપાવવા માટે રમવાનું ચાલુ રાખ્યું. મેહદી 22 રન બનાવીને અણનમ રહ્યો અને ફાઈન લેગ ઉપરથી છગ્ગો ફટકારીને બાંગ્લાદેશને ઓસ્ટ્રેલિયા સામે ક્રિકેટ ઈતિહાસની પ્રથમ વન-ડે સિરીઝ જીત અપાવી. ઓસ્ટ્રેલિયાની 3 વિકેટ ઝીરો પર પડી ટૉસ જીતીને પહેલી બેટિંગ કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયાની શરૂઆત કોઈ ખરાબ સપના જેવી રહી. ટીમે ખાતું ખોલ્યા વિના 3 વિકેટ ગુમાવી દીધી. પહેલી ઓવરમાં તસ્કીન અહેમદે મેથ્યુ શોર્ટને ઝીરો પર આઉટ કર્યો. પછીની ઓવરમાં મુસ્તફિઝુર રહેમાને કૂપર કોનોલી અને મેટ રેનશોને ખાતું ખોલ્યા વિના પેવેલિયન મોકલ્યા. મુસ્તફિઝુરે 7 ઓવરમાં 27 રન આપીને 3 વિકેટ લીધી. ટીમે 22મી ઓવરમાં 81 રન સુધીમાં 6 વિકેટ ગુમાવી દીધી હતી. ત્યારબાદ માર્નસ લાબુશેન અને ઝેવિયર બાર્ટલેટ વચ્ચે સાતમી વિકેટ માટે 103 રનની ભાગીદારી થઈ.



### 8મા પગાર પંચની શરતોને મંજૂરી

# સરકારી કર્મચારીઓ-પેન્શનર્સ માટે ખુશખબર

મુંબઈ

કેન્દ્ર સરકારે 8મા પગાર પંચના નિયમો અને શરતો એટલે કે ટર્મ્સ ઓફ રેફરન્સ (TOR) ને મંજૂરી આપી દીધી છે. આ પછી, હવે લગભગ 55 લાખ સેવારત કર્મચારીઓ અને 69 લાખ પેન્શનરોના પગાર, પેન્શન અને ભથ્થામાં મોટા ફેરફારોની અપેક્ષા છે. જ્યારે, પંચને તેની ભલામણો સુપરત કરવા માટે 18 મહિનાનો સમય આપવામાં આવ્યો છે. ફિટમેન્ટ ફેક્ટર શું છે અને તે શા માટે જરૂરી છે? ફિટમેન્ટ ફેક્ટર એ ગુણાંક એટલે કે મલ્ટિપ્લાયર છે જેનો ઉપયોગ કેન્દ્રીય કર્મચારીઓ અને પેન્શનરોના મૂળ પગારને સુધારવા માટે થાય છે. નવું પગાર માળખું નક્કી કરવામાં તેની ભૂમિકા સૌથી મહત્વપૂર્ણ હોય છે. 7મા પગાર પંચમાં 2.57 નો ફિટમેન્ટ ફેક્ટર




લાગુ કરવામાં આવ્યો હતો, જે 2016 થી અમલમાં આવ્યો હતો. આ અંતર્ગત જો કોઈ કર્મચારીનો મૂળ પગાર 15,000 હતો, તો તે વધીને 38,550 થઈ ગયો હતો. 8મા પગાર પંચ માટે કેન્દ્રીય કર્મચારી યુનિયનો અને એસોસિએશનોએ મુખ્યત્વે ફિટમેન્ટ ફેક્ટર વધારવા અને લઘુત્તમ મૂળભૂત પગારમાં મોટો વધારો કરવાની માગ કરી છે. કેટલાક યુનિયનોએ ફિટમેન્ટ ફેક્ટરને 3 થી 5 કે તેથી વધુ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. જોકે, પેન્શન નિષ્ણાતોનું માનવું છે કે આટલી મોટી માગ નાણાકીય વાસ્તવિકતાઓ સાથે સુસંગત ન હોઈ શકે. પેન્શન નિષ્ણાતોના મતે, પંચ લઘુત્તમ વેતનની ગણતરી કરવાની રીતમાં ફેરફાર કરી શકે છે. આ માટે પરિવારના વપરાશ એકમો (કન્ઝમ્પશન યુનિટ્સ) ને ત્રણથી વધારીને પાંચ કરી શકાય છે અને ફિટમેન્ટ ફેક્ટરને 2.64 કરવા પર વિચાર કરી શકાય છે. પ્રથમ ઉદાહરણ (60% DA ના આધારે): ધારો કે કોઈ કર્મચારીનો મૂળ પગાર 100 છે. 60% મોંઘવારી ભથ્થું (DA) ઉમેરીને તેની કુલ કમાણી 160 થઈ જાય છે. નવા ફિટમેન્ટ ફેક્ટર પછી જો મૂળ પગાર બમણો થઈને 200 થઈ જાય, તો હાલના 160 ની સરખામણીમાં તેના અસરકારક પગારમાં લગભગ 25% નો વધારો થશે.

### આ પ્રતિબંધો 12 જૂનના રોજ કામકાજ પૂર્ણ થયા પછી લાગુ થશે

# RBIનો સપાટો: 6 મહિના માટે આ બેન્ક પર પ્રતિબંધો

**ભારતીય રિઝર્વ બેન્ક (RBI)એ ગ્રાહકોના હિતને ધ્યાનમાં રાખીને એક મોટો નિર્ણય લીધો છે. વાસ્તવમાં RBIએ મુંબઈની મોગાવીરા કો-ઓપરેટિવ બેન્કની કથળતી આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને તેના પર અનેક પ્રતિબંધો લગાવ્યા છે.**

મુંબઈ

ભારતીય રિઝર્વ બેન્ક (RBI)એ ગ્રાહકોના હિતને ધ્યાનમાં રાખીને એક મોટો નિર્ણય લીધો છે. વાસ્તવમાં RBIએ મુંબઈની મોગાવીરા કો-ઓપરેટિવ બેન્કની કથળતી આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને તેના પર અનેક પ્રતિબંધો લગાવ્યા છે. RBI દ્વારા કોઈ સહકારી બેન્ક પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોય તેવી આ પ્રથમ ઘટના નથી. આ અગાઉ મે મહિનામાં પણ એક સહકારી બેન્કનું લાયસન્સ રદ કરી દેવામાં આવ્યું હતું. મોગાવીરા સહકારી બેન્ક પર શું કાર્યવાહી? મોગાવીરા સહકારી બેન્ક પર લગાવવામાં આવેલા પ્રતિબંધો હેઠળ ખાતાધારકો માટે નાણાં ઉપાડવાની મહત્તમ મર્યાદા 1 લાખ નક્કી કરવામાં આવી છે.

આ પ્રતિબંધો 12 જૂનના રોજ કામકાજ પૂર્ણ થયા બાદથી જ લાગુ થઈ ગયા છે, જે આગામી છ મહિનાના સમયગાળા માટે અમલી રહેશે. જો કે, તેની સમય-સમય પર સમીક્ષા કરવામાં આવશે. બેન્ક શું-શું નહીં કરી શકશે? RBIએ કહ્યું કે, આ સહકારી બેન્ક હવે કોઈપણ નવા લોન અને ધિરાણને મંજૂરી આપી શકશે નહીં, તેમજ હાલની લોનને રિન્યૂ પણ કરી શકશે નહીં. આ ઉપરાંત, બેન્ક કોઈપણ પ્રકારનું નવું રોકાણ કરી શકશે નહીં કે




નવી જવાબદારીઓ સ્વીકારી શકશે નહીં. બેંક દ્વારા નવા નાણાં ઉછીના લેવા કે નવી ડિપોઝિટ સ્વીકારવા પર પણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. બેંકની વર્તમાન રોકડ સ્થિતિને ધ્યાનમાં રાખીને નિર્દેશ આપવામાં આવ્યો છે કે, કોઈપણ જમાકર્તાને તેના બચત, ચાલુ અથવા અન્ય કોઈપણ ખાતામાંથી મહત્તમ 1 લાખ સુધીની રકમ જ ઉપાડવાની જ મંજૂરી આપે. ભારતીય રિઝર્વ બેન્કે કહ્યું કે, બેન્કની કામગીરીમાં સુધાર લાવવા માટે તેઓ સતત તેના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ અને વરિષ્ઠ મેનેજમેન્ટ સાથે સંપર્કમાં હતા. આમ છતાં, બેન્કે મોનિટરિંગ સંબંધિત ચિંતાઓને દૂર કરવા કે ગ્રાહકોના હિતોની રક્ષા કરવા માટે કોઈ ઠોસ પ્રયાસ ન કર્યા. આ જ કારણોસર આ પ્રકારના નિર્દેશો જારી કરવા અનિવાર્ય બન્યા છે. RBIએ આ બેન્કનું લાયસન્સ રદ કર્યું તમને જણાવી દઈએ કે, ગત મહિને ભારતીય રિઝર્વ બેન્કે મહારાષ્ટ્રના ફલટન સ્થિત 'ધ યશવંત સહકારી બેન્ક' પાસે પૂરતી મૂડી અને ભવિષ્યમાં આવક મેળવવાની સંભાવનાઓનો અભાવના આધારે લાયસન્સ રદ કરી દીધુ હતું. આ સહકારી બેન્ક બેન્કિંગ રેગ્યુલેશન એક્ટની કેટલીક જોગવાઈઓનું પાલન કરવામાં નિષ્ફળ રહી છે અને હાલની નાણાકીય સ્થિતિમાં તે તેના ગ્રાહકોને તેમની સંપૂર્ણ રકમ પરત કરવામાં સક્ષમ નથી. આ સાથે જ RBIએ મહારાષ્ટ્રના સહકાર કમિશનર અને રજિસ્ટ્રારને બેન્કને બંધ કરવા તેમજ લિક્વિડેટર (પરિસમાપક) નિયુક્ત કરવા વિનંતી કરી છે. RBIએ કહ્યું છે કે, બેન્ક બંધ થવાની પ્રક્રિયા (લિક્વિડેશન) દરમિયાન બેન્કના ગ્રાહકોને ડિપોઝિટ ઈન્સ્યોરન્સ એન્ડ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન (DICGC) હેઠળ મહત્તમ 5 લાખ સુધીની વીમા રકમ મળશે. RBIના જણાવ્યા પ્રમાણે બેન્કના 99.02% ગ્રાહકો તેમની સંપૂર્ણ જમા રકમ પરત મેળવવા માટે પાત્ર છે.

### ચીનની તેલની આયાત ઘટીને 6.7 મિલિયન બેરલ પ્રતિ દિવસ થઈ ગઈ

# અમેરિકા-ઈરાન વચ્ચે કરાર થવાની આશાએ ક્રૂડ 70 ડોલર સુધી ઘટવાની વકી

મુંબઈ

અમેરિકા અને ઈરાન વચ્ચે કરાર થવાની આશા વધતાં ક્રૂડ ઓઈલના ભાવમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. આજે, બ્રેન્ટ ક્રૂડ લગભગ ૪ ટકા ઘટીને ૮૭ ડોલર પ્રતિ બેરલ ઉતરી આવ્યું હતું. નિષ્ણાતો કહે છે કે જો બંને દેશો વચ્ચે કરાર થાય અને તણાવ ઓછો થશે, તો ક્રૂડ તેલના ભાવ વધુ ઘટી શકે છે. રેટિંગ એજન્સી ફિચ માને છે કે ક્ડ તેલના ભાવ હવે હોર્મુઝ સ્ટ્રેટ સંપૂર્ણપણે ક્યારે ખુલશે તેના પર નિર્ભર છે. એજન્સીનો અંદાજ છે કે જુલાઈના અંત સુધીમાં સ્ટ્રેટ ખુલી શકે છે.

જો આવું થાય, તો બજારમાં તેલનો પુરવઠો વધશે, જે વર્ષના અંત સુધી કિંમતો પર દબાણ લાવી શકે છે. ફિચના મતે, મે અને જુલાઈ વચ્ચે બ્રેન્ટ ક્ડ ઓઈલનો સરેરાશ ભાવ ૧૦૦ થી ૧૧૦ ડોલર પ્રતિ બેરલ રહેવાની ધારણા છે. ઓગસ્ટમાં તે ઘટીને લગભગ




૮૦ અને સપ્ટેમ્બરમાં ૭૦ થડોલર થઈ શકે છે. ફેબ્રુઆરી ૨૦૨૬ માં, પશ્ચિમ એશિયામાં તણાવ વધ્યો તે પહેલાં, બ્રેન્ટ ક્ડ તેલ પ્રતિ બેરલ ૭૦ ડોલરની આસપાસ હતું. જોકે, પરિસ્થિતિ વધુ વણસી જતાં, તેલના ભાવ ઝડપથી વધીને ૧૨૫ ડોલર પ્રતિ બેરલ થયા હતા. હવે, યુદ્ધનો અંત અને વાટાઘાટો દ્વારા ઉકેલની આશા સાથે, તેલના ભાવ ફરીથી ૧૦૦ ડોલરની નીચે આવી ગયા છે. સાઉદી અરેબિયા, યુએઈ, ઈરાક, કુવૈત અને ઈરાનમાંથી તેલ આ માર્ગ દ્વારા વૈશ્વિક બજારોમાં પહોંચે છે. ભારત અને ચીન આ તેલ શિપમેન્ટના સૌથી મોટા ખરીદદારોમાંના એક છે.જાણકારોના મતે, ભવિષ્યમાં કોઈ સમાચારને કારણે તેલના ભાવ અચાનક વધે તો પણ રોકાણકારો તેને નફો બુક કરવાની તક તરીકે જોઈ શકે છે, કારણ કે બજાર હવે ફરીથી માંગ અને પુરવઠાના વાસ્તવિક ડેટા પર ધ્યાન આપી રહ્યું છે. ચીન પણ તેલના ભાવ પર દબાણનું એક મુખ્ય કારણ છે. વિશ્વનો સૌથી મોટો તેલ આયાતકાર ચીન પહેલા જેટલું તેલ ખરીદી રહ્યો નથી. રાબોબેંકના અહેવાલ મુજબ, મે મહિનામાં ચીનની દરિયાઈ તેલની આયાત ઘટીને ૬.૭ મિલિયન બેરલ પ્રતિ દિવસ થઈ ગઈ, જે છેલ્લા ૧૦ વર્ષમાં સૌથી નીચો સ્તર છે.

## પાકિસ્તાનમાં પેટ્રોલ 4 અને ડીઝલ 2 રૂપિયા સસ્તું થયું

- **પેટ્રોલ 373.78 અને હાઈ-સ્પીડ ડીઝલ 378.78 રૂપિયા પ્રતિ લિટર થયું, કિંમતો આજથી લાગુ**

મુંબઈ

પાકિસ્તાન સરકારે પેટ્રોલની કિંમતમાં 4 રૂપિયા અને હાઈ સ્પીડ ડીઝલ (HSD) ના ભાવમાં 2 રૂપિયાનો ઘટાડો કર્યો છે. તેનાથી અહીં એક લિટર પેટ્રોલની કિંમત 373.78 રૂપિયા (પાકિસ્તાની રૂપિયા) અને ડીઝલની કિંમત 378.78 રૂપિયા પ્રતિ લિટર પર આવી ગઈ છે. નવી કિંમતો આજથી એટલે કે 13 જૂનથી લાગુ થઈ ગઈ છે. પાંચ અઠવાડિયામાં પેટ્રોલની કિંમત કુલ મળીને 41 રૂપિયા પ્રતિ લિટર ઘટી ગઈ છે. આ પહેલા એટલે કે ગયા અઠવાડિયે પણ સરકારે પેટ્રોલની કિંમતોમાં 4 રૂપિયા પ્રતિ લિટરનો ઘટાડો કર્યો હતો, જોકે તે સમયે હાઈ-સ્પીડ ડીઝલ (HSD)ના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો ન હતો અને તે 380.78 રૂપિયા પર સ્થિર હતો. ઈંધણની કિંમતો પર ટેક્સનો ભારે બોજ પાકિસ્તાન સરકાર પેટ્રોલ પર કુલ 125 રૂપિયા પ્રતિ લિટરનો ટેક્સ વસૂલી રહી છે. આ ટેક્સમાં પેટ્રોલિયમ લેવી, કસ્ટમ ડ્યુટી અને ક્લાઈમેટ લેવી જેવી બાબતોનો સમાવેશ થાય છે. જ્યારે હાઈ-સ્પીડ ડીઝલ (HSD)ની વાત કરીએ તો તેના પર સરકાર પ્રતિ લિટર આશરે 100 રૂપિયાનો ટેક્સ વસૂલી રહી છે. તેમાં કસ્ટમ ડ્યુટી, પેટ્રોલિયમ લેવી અને ક્લાઈમેટ સપોર્ટ લેવીની સાથે-સાથે ઈનલેન્ડ ફ્રેડ ઈક્વલાઈઝેશન માર્જિન (IFEM) પણ સામેલ છે. દર અઠવાડિયે શુક્રવાર રાત્રે નક્કી થઈ રહ્યા છે ભાવ પાકિસ્તાન સરકાર છેલ્લા કેટલાક સમયથી દર અઠવાડિયે શુક્રવારે રાત્રે પેટ્રોલિયમ કિંમતોની સમીક્ષા કરી રહી છે. હકીકતમાં, 28 ફેબ્રુઆરીથી અમેરિકા અને ઈરાન વચ્ચે શરૂ થયેલા યુદ્ધ (જે હાલમાં અટક્યું છે) પછીથી જ પાકિસ્તાનમાં ઈંધણ સંકટ છે.

# ચોમાસા પર અલનીનોની અસર રહેશે, વરસાદ ઓછો પડશે : 16 જૂનથી વરસાદનું જોર વધશે..!



## ચાર શહેરોમાં ગરમીનો પારો 40 ડિગ્રીને પાર : 41.9 સાથે ભાવનગર સૌથી ગરમ શહેર રહ્યું હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી 7 દિવસ દરમિયાન રાજ્યના મહત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફારની શક્યતા નથી...

અમદાવાદ

રાજ્યમાં 15 જૂનથી ચોમાસું બેસતું હોય છે. આ વર્ષે 15 જૂન આસપાસ પ્રિમોન્સૂન એક્ટિવિટી શરૂ થવાની શક્યતા છે. 16 જૂનથી વરસાદનું જોર વધી શકે છે. તો બીજી તરફ રાજ્યમાં હજી પણ આકરી ગરમી યથાવત છે. આજે ચાર શહેરોમાં ગરમીનો પારો 40 ડિગ્રીને પાર પહોંચી ગયો હતો. 41.9 ડિગ્રી સાથે ભાવનગર સૌથી ગરમ શહેર રહ્યું. હવામાન વિભાગની આગાહી મુજબ, આગામી 7 દિવસ દરમિયાન રાજ્યના મહત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફારની શક્યતા નથી.

મધ્ય પ્રદેશના શ્યોપુર જિલ્લામાં શુક્રવારે વાવાઝોડા-વરસાદને કારણે થયેલા અકસ્માતોમાં 4 લોકોના મોત થયા. તેમાંથી 3 એક જ પરિવારના હતા. તો યુપીના હાથરસમાં કોતવાલી સદરમાં પાણી ભરાઈ ગયું. રસ્તાઓ ડૂબી ગયા. શનિવારે સવારે લખનઉમાં ભારે વાવાઝોડું આવ્યું, દિવસ દરમિયાન અંધારું છવાઈ ગયું. ગુજરાત સિવાયના બાકીના તમામ રાજ્યોમાં પ્રી-મોન્સૂનની અસર છે. રાજસ્થાનમાં શુક્રવારે અલવર, કોટપુતલી-બહરોડ, શ્રીગંગાનગરમાં વરસાદ સાથે કરા પડ્યા.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માના જણાવ્યા અનુસાર, આ વર્ષે અલનીનોની અસર ચોમાસા ઉપર રહેશે, જેના કારણે વરસાદ ઓછો વરસશે.દક્ષિણ ગુજરાતના આગામી સાત દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. હાલમાં ઉત્તર હરિયાણા અને તેની આસપાસના વિસ્તારોમાં 3.1 કિમીથી 4.5 કિમીની ઊંચાઈ વચ્ચે એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય છે, જેની સાથે એક ટ્રફ જોડાયેલો છે. આ જ સાયક્લોનિક સર્ક્યુલેશનથી રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢ થઈને ગેંગેટિક પશ્ચિમ બંગાળ સુધી સમુદ્ર સપાટીથી એક સીઝનલ ટ્રફ લંબાયેલો છે.

આ હવામાન એક્ટિવિટીની અસરને લીધે આગામી દિવસોમાં ગુજરાતના વિવિધ વિસ્તારોમાં હવામાન બદલાશે. ખાસ કરીને 13થી 19 જૂન દરમિયાન ગુજરાત પ્રદેશમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. પ્રથમ દિવસે (13 જૂન) ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને દાહોદમાં તેમજ દક્ષિણ ગુજરાતના છોટાઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, વલસાડ અને નવસારી જેવા જિલ્લાઓમાં છૂટોછવાયો વરસાદ પડી શકે છે.

સૌરાષ્ટ્રની વાત કરીએ તો, પ્રથમ દિવસે અમરેલી અને ભાવનગર સહિતના જિલ્લાઓમાં વરસાદની શક્યતા છે, જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છના અલગ-અલગ વિસ્તારોમાં ચોથા, પાંચમા, છઠ્ઠા અને સાતમા દિવસે પણ હળવો વરસાદ થઈ શકે છે. દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં આગળના દિવસોમાં પણ વરસાદની અપેક્ષા છે.

આગામી સાત દિવસ સુધી મહત્તમ તાપમાન યથાવત્ રહેવાની ધારણા છે. પવનની સ્થિતિ જોતાં, હાલમાં રાજ્યના નીચલા સ્તરોમાં દક્ષિણ-પશ્ચિમ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં તીવ્ર પ્રેશર ગ્રેડિયન્ટ હોવાને લીધે પવનની ગતિ થોડી વધુ રહેશે, જેમાં દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી 15થી 20 નોટ્સની ઝડપે પવન ફૂંકાશે અને તે વધીને 25 નોટ્સ સુધી પહોંચી શકે છે.

ચોમાસું હાલમાં મહારાષ્ટ્રના કેટલાક ભાગો સુધી પહોંચી ગયું છે અને તે કર્ણાટક, તેલંગાણા, દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ તથા ઓડિશા તરફ આગળ વધી રહ્યું છે. આગામી બે-ત્રણ દિવસમાં તે કર્ણાટક, આંધ્રપ્રદેશ અને તેલંગાણાના વધુ વિસ્તારોને આવરી લેશે. ગુજરાતમાં ચોમાસાની સામાન્ય શરૂઆતની 15 જૂન છે, તેથી મહારાષ્ટ્રમાં ચોમાસાની પ્રગતિ થયા બાદ આગામી દિવસોમાં તે ગુજરાતમાં પણ સમયસર પહોંચે તેવી શક્યતા છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા અને સાબરકાંઠા તેમજ દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ, દાદરા નગર હવેલીમાં છૂટાછવાયા સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે.

# વિવાદમાં આવેલી IDP સ્કૂલના બે કર્મચારીને ફરજમાંથી મુક્ત કરાયા

### DEO તપાસમાં બેદરકારી સામે આવતા બંનેને 'ગેટ આઉટ' કરાઈ

અમદાવાદ

અમદાવાદના ઘાટલોડિયા વિસ્તારમાં આવેલી IDP સ્કૂલના બે કર્મચારીઓએ ગેરવર્તણૂક કરવાના વાયરલ વીડિયો બાદ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીની સૂચના બાદ શાળાએ કાર્યવાહી કરી છે. અનુભવનું પ્રમાણપત્ર લેવા આવેલા 69 વર્ષીય નિવૃત્ત શિક્ષક સાથે સ્કૂલના કર્મચારીઓએ ગેરવર્તણૂક કરી તેમને ગેટ આઉટ કહી કેમ્પસની બહાર કાઢી મૂક્યાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જેમાં અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીની ટીમની તપાસ બાદ શાળા દ્વારા બંને કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ઘાટલોડિયા વિસ્તારમાં આવેલી IDP સ્કૂલમાં નિવૃત્ત શિક્ષક સાથે થયેલી ગેરવર્તણૂકનો વીડિયો વાયરલ થયો હતો. અગાઉ શાળામાં સેવા આપી ચૂકેલા 69 વર્ષીય શિક્ષક અનુભવનું પ્રમાણપત્ર મેળવવા માટે સ્કૂલમાં પહોંચ્યા હતા. શિક્ષક દ્વારા શિક્ષણ કાર્ય સંબંધિત અનુભવનું પ્રમાણપત્ર માંગવામાં આવ્યું હતું. પરંતુ શાળા તરફથી તેમને એક્ટિવિટી ટીચર તરીકેનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું. આ અંગે શિક્ષકે યોગ્ય અનુભવનું પ્રમાણપત્ર આપવાની માંગણી કરતાં મામલો ઉગ્ર બન્યો હતો. જે બાદ શાળાની બે મહિલા કર્મચારીઓ શિક્ષક સાથે ઉદ્ધતાઈભર્યું વર્તન કર્યું હતું. નિવૃત શિક્ષકને ગેટ આઉટ કહી કેમ્પસની બહાર જવા માટે કહેવામાં આવ્યું હતું. અંતે શિક્ષકને પ્રમાણપત્ર આપ્યા વિના જ પરત મોકલી દેવામાં આવ્યા હતા. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં જિલ્લા શિક્ષણાધિકારી પણ દોડતા થઈ ગયા હતા.

### અમદાવાદ પ્લેન ક્રેશના સ્થળે

# નવી સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટ અને રિહેબ સેન્ટર બનાવાશે

પ્લેન ક્રેશની ઘટનામાં મૃત્યુ પામેલા મુસાફરોના પરિવાજનોએ સરકારને પ્લેન ક્રેશના સ્થળને મેમોરિયલ સાઈટ તરીકે જાહેર કરી ત્યાં સ્મારક ભવન બનાવવાની માંગણી કરી હતી

અમદાવાદ

અમદાવાદમાં ગત વર્ષે બનેલી પ્લેન ક્રેશની ઘટનાનેઆજે એક વર્ષ પુરુ થઈ ગયું છે ત્યારે હજુ સુધી સંપૂર્ણ તપાસ પુરી થઈ ન હોઈ પ્લેન ક્રેશની સાઈટ અવરજવર-વપરાશ માટે કોર્ડન છે પરંતુ જ્યારે સંપૂર્ણ તપાસ પૂરી થયા બાદ વપરાશ માટે મંજૂરી મળ્યા પછી સરકાર દ્વારા પ્લેન ક્રેશની સાઈટમાં ચાર નવા હોસ્ટેલ બિલ્ડિંગ તેમજ મેસ-કેન્ટિન બિલ્ડિંગ અને એક નવી સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટ સાથે રિહેબિલિટેશન સેન્ટર બનાવવાનું આયોજન છે.

પ્લેન ક્રેશની ઘટનામાં મૃત્યુ પામેલા મુસાફરોના પરિવાજનોએ સરકારને પ્લેન ક્રેશના સ્થળને મેમોરિયલ સાઈટ તરીકે જાહેર કરી ત્યાં સ્મારક ભવન બનાવવાની માંગણી કરી હતી. પરંતુ સરકાર દ્વારા આ માંગણીને સ્વીકારાઈ ન હોઈ હવે પ્લેન ક્રેશના સ્થળે સ્મારક ભવન કે મેમોરિયલ નહીં બનાવાય પરંતુ સરકાર આ જગ્યાએ આરોગ્ય મંદિર અને શિક્ષણ મંદિરના સમાગમ સાથે નવી હોસ્ટેલ




બિલ્ડિંગો તેમજ નવી હોસ્પિટલ અને રિહેબસેન્ટર બનાવવાનું આયોજન કરી રહ્યું છે. આ અંગે રાજ્ય સરકારના આરોગ્યમંત્રી પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું હતું કે પ્લેન ક્રેશની સાઈટ ખાતે રેસિડેન્ટ ડોક્ટરો-સુપર સ્પેશિયાલિટી રેસિડેન્ટ ડોક્ટરો માટેની અદ્યતન હોસ્ટેલ બિલ્ડિંગ બનાવાશે. આ ઉપરાંત યુજી-પીજીના વિદ્યાર્થીઓ માટેની મેસ-કેન્ટિન બનાવાશે. વધુમાં આ સ્થળે ઘણી જગ્યા ખાલી છે ત્યારે સિવિલ કેમ્પસની હાલની સ્પાઈન ઈન્સ્ટિટ્યૂટને પણ ત્યાં ખસેડીને નવેસરથી અદ્યતન સુવિધાઓ સાથે હોસ્પિટલ બનાવાશે. જેમાં નવા સાધનો વસાવીને તમામ પ્રકારની સુવિધા ઉભી કરાશે. આરોગ્ય મંત્રીએ વધુમાં જણાવ્યું કે મૃતકોને સાચા અર્થમાં શ્રદ્ધાંજલિ મળે તે માટે ગરીબ-જરૂરિયાતમંદ દર્દીઓને તમામ પ્રકારની સુવિધા સાથેની નવી સ્પાઈન હોસ્પિટલ સાથે ન્યુરો અને સ્પોર્ટસ સહિતના ફિલ્ડમાં રિહેબસેન્ટર પણ બનાવવાનું આયોજન છે. મહત્ત્વનું છે કે પ્લેન ક્રેશ ઘટનામાં સંપૂર્ણ તપાસ પૂરી થઈ ન હોઈ આ સ્થળને કોર્ડન કરાયું છે અને હજુ સુધી અવરજવર કે વપરાશ માટેનું એનઓસી પણ તપાસ એજન્સી દ્વારા અપાયું નથી. જ્યાં સુધી વપરાશની મંજૂરી નહીં મળે ત્યાં સુધી આગળ નવા બાંધકામની કોઈ પણ કામગીરી શરૂ નહીં થાય. પ્લેન ક્રેશની ઘટનાને 1 વર્ષ થઈ ગયું છે ત્યારે મૃત્યુ પામેલા 260 મૃતકોને શ્રદ્ધાંજલિ માટે બી. જે. મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલ દ્વારા ખાસ કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો છે. જેમાં આવતીકાલે બી. જે. મેડિકલ કોલેજ પ્રશાસન દ્વારા 260 વૃક્ષો રોપવામાં આવશે.

### મૃતકની ઓળખ માટે પોલીસે હાથ ધરી કાર્યવાહી

# અમદાવાદની સાબરમતી નદીમાંથી અજાણ્યા પુરુષનો મૃતદેહ મળ્યો..!

અમદાવાદ

અમદાવાદ શહેરના સાબરમતી રિવરફ્રન્ટ વિસ્તારમાંથી વધુ એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. શુક્રવારે(12 જૂન) સવારે નદીના પટમાંથી આશરે 35 થી 40 વર્ષના એક યુવકની લાશ મળી આવી હતી. રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, 12 જૂનના રોજ સવારે 10 વાગ્યાની આસપાસ સાબરમતી નદીમાં સરદાર બ્રિજથી આંબેડકર બ્રિજ વચ્ચેના ભાગમાં એક પુરુષનો મૃતદેહ તરતો હોવાની માહિતી મળી હતી. ઘટનાની જાણ થતાં જ રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને સ્થાનિક લોકો તેમજ ફાયર બ્રિગેડની મદદથી મૃતદેહને



નદીની બહાર કાઢ્યો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક યુવકના શરીર પર કોઈ દેખીતી ઈજા કે ગુનાહિત હુમલો થયો હોવાના નિશાન મળી આવ્યા નથી. શંકાસ્પદ જેવું કંઈ ન જણાતા પોલીસે હાલ પૂરતો અકસ્માતે મોતનો ગુનો દાખલ કર્યો છે. સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મૃતદેહને ઓળખ માટે હોસ્પિટલના કોલ્ડ સ્ટોરેજમાં સાચવી રાખવામાં આવ્યો છે.

### ધોળકામાં માટી માફિયાઓ બેફામ

# ખેડૂતની જાણ બહાર 8 વીઘા જમીન ખોદી 50,000 ઘનમીટર માટીની ચોરી

### મળતી માહિતી મુજબ, સરખેજ વિસ્તારના રહેવાસી ભુપતભાઇ પ્રજાપતિએ ભુંભલી ગામની સીમમાં 12 વીઘા જમીન ખરીદી હતી

અમદાવાદ

અમદાવાદ ગ્રામ્યના ધોળકા તાલુકામાંથી માટી માફિયાઓની ગુંડાગર્દી અને બેખોફ અંદાજનો એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. ધોળકાના ભુંભલી ગામમાં એક ખેડૂતની કિંમતી જમીનમાંથી તેમની જાણ બહાર અધધ 50,000 ઘનમીટર માટીની ચોરી થતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. માફિયાઓએ માત્ર 15 જ દિવસમાં ખેડૂતની આખી જમીન ખોદી નાખી હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ, સરખેજ વિસ્તારના રહેવાસી ભુપતભાઇ પ્રજાપતિએ ભુંભલી ગામની સીમમાં 12 વીઘા જમીન ખરીદી હતી. આ જમીન પર સ્થાનિક માટી માફિયાઓએ તરાપ મારી હતી. ખેડૂતની ગેરહાજરીનો લાભ ઉઠાવીને માફિયાઓએ માત્ર 15 જ દિવસમાં 8 વીઘા જમીનમાં 8 ફૂટ જેટલા ઊંડા ખાડા પાડી દીધા હતા અને આખી જમીન ખોદીને તેમાંથી



માટી ગાયબ કરી દીધી હતી.

આ સમગ્ર કૌભાંડમાં વિપુલભાઈ મારૂ નામના આરોપીનું નામ સામે આવ્યું છે. આરોપીએ ડમ્પરો અને ભારે મશીનરી (જેસીબી વગેરે) વડે રાત-દિવસ એક કરીને ગેરકાયદેસર રીતે માટીની ચોરી કરી હતી. આ ચોરી કરેલી માટી વટામણ-બગોદરા હાઈવે પર આવેલી એક હોટલ નજીક કથિત રીતે પુરાણ કરવા માટે વાપરી નાખવામાં આવી હોવાની વિગતો પ્રકાશમાં આવી છે.

પોતાની કિંમતી જમીનની આવી દુર્દશા જોઈને ભોગ બનનાર ખેડૂતે આખરે પોલીસનો આશરો લીધો હતો. ખેડૂતની સત્તાવાર ફરિયાદના આધારે કોઠ પોલીસે આરોપી વિપુલ મારૂ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)ની વિવિધ કલમો તેમજ ગુજરાત ખનીજ અધિનિયમ હેઠળ ગુનો નોંધીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

હાલ કોઠ પોલીસ આ મામલે સઘન તપાસ ચલાવી રહી છે. બીજી તરફ, ખાણ ખનીજ વિભાગ પણ આ ઘટનામાં સામેલ થયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ખાણ ખનીજ વિભાગના સત્તાવાર સર્વે અને રિપોર્ટ બાદ આ કરોડો રૂપિયાની માટી ચોરીનો આંકડો વધુ મોટો થઈ શકે છે અને અન્ય લોકોની સંડોવણી પણ બહાર આવી શકે છે.

# અમદાવાદના પૂર્વમાં આવેલા ઓઢવમાં કંપની નજીક આગ લાગતા કચરાના ઢગલામાંથી લાશ મળી

અમદાવાદ

મોટાભાગે ઉદ્યોગોથી ધમધમતા અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલા ઓઢવમાંથી એક અત્યંત ચોંકાવનારી અને શંકાસ્પદ ઘટના સામે આવી છે. ઓઢવમાં આવેલી એક કંપનીની બિલકુલ નજીક કચરાના એક વિશાળ ઢગલામાં ભીષણ આગ ફાટી નીકળી હતી. જોકે, અસલી આંચકો ત્યારે લાગ્યો જ્યારે ફાયર બ્રિગેડે કલાકોની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો અને કચરો હટાવતા અંદરથી એક યુવકનો ભડથું થઈ ગયેલો મૃતદેહ મળી આવ્યો. આ ઘટનાને પગલે ઓઢવ પોલીસ સહિત ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, જય કેમિકલ કંપની નજીક ખુલ્લા પ્લોટમાં કચરાના મોટા ઢગલામાં અચાનક આગ ફાટી નીકળતા ધુમાડાના કાળા ડિબાંગ ગોટેગોટા દૂર-દૂર સુધી દેખાયા હતા, જેને પગલે આસપાસના રહીશો અને કારખાનાના કર્મચારીઓમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી.

ઘટનાની ગંભીરતા જોઈને ફાયર વિભાગની ગાડીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર ફાઈટરોએ સતત પાણીનો મારો ચલાવીને આગને વધુ ફેલાતી અટકાવી હતી અને લાંબી મથામણ બાદ તેને શાંત પાડી હતી.

# ઇસનપુરમાં આંબા તળાવની 26 હજાર ચો.મી. જગ્યા ખાલી કરાવાઈ, 160થી વધુ ગેરકાયદે બાંધકામો પર JCB ફરી વળ્યા

### કાયદો-વ્યવસ્થાની સ્થિતિ ન બગડે તે માટે ઇસનપુર અને નારોલ પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે ફાયર બ્રિગેડ અને મેડિકલ ટીમોને પણ ઘટનાસ્થળે તહેનાત રાખવામાં આવી હતી

અમદાવાદ

રાજ્ય સરકાર અને મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના તળાવોને દબાણમુક્ત કરવાના અભિયાન અંતર્ગત અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આજે તંત્ર દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. દક્ષિણ ઝોનના લાંભા વોર્ડમાં આવેલા ઈસનપુર વિસ્તારની મોની હોટેલ વાળી ગલીમાં, શાક માર્કેટ પાસે સ્થિત આંબા તળાવ ખાતે વહેલી સવારથી જ મેગા ડિમોલિશન શરૂ કરી દેવાયું હતું. વર્ષોથી તળાવની જમીન પર ગેરકાયદેસર રીતે ખડકાઈ ગયેલા આશરે 160થી વધુ કાચા-પાકા બાંધકામોને તોડી પાડ્યા છે. કાયદો-વ્યવસ્થાની સ્થિતિ ન બગડે તે માટે ઈસનપુર અને નારોલ પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે ફાયર બ્રિગેડ અને મેડિકલ ટીમોને પણ ઘટનાસ્થળે તહેનાત રાખવામાં આવી હતી. મ્યુનિસિપલ કોર્પોરેશનના સૂત્રોના જણાવ્યા અનુસાર, શહેરના વિવિધ જળાશયોને પુનઃજીવિત કરવા અને તેને ઊંડા કરવા માટે આ ઝુંબેશ હાથ ધરાઈ



છે. આંબા તળાવની કિંમતી જમીન પર લાંબા સમયથી લોકો રહેણાંક બનાવીને વસવાટ કરી રહ્યા હતા, જેમને અગાઉ કોર્પોરેશન દ્વારા નોટિસ આપીને જગ્યા ખાલી કરવા કડક સૂચના અપાઈ હતી. આજે સવારથી જ 5થી વધુ જેસીબી અને હિટાચી મશીનોની મદદથી એસ્ટેટ વિભાગે ઓપરેશન હાથ ધર્યું હતું, જેમાં 147 જેટલા કાચા-પાકા મકાનો અને ૧૪ કોમર્શિયલ બાંધકામોને જમીનદોસ્ત કરી દેવાયા હતા. આ સફળ કામગીરીના અંતે કોર્પોરેશને આશરે 26,000 ચોરસ મીટર જેટલો વિશાળ પ્લોટ સંપૂર્ણપણે દબાણમુક્ત કરાવી તેનો કબજો મેળવ્યો છે. લાંબા સમયથી વસવાટ કરતા પરિવારો બેઘર ન બને તે માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા માનવતાવાદી અભિગમ પણ અપનાવવામાં આવ્યો છે. ડિમોલિશનને કારણે અસરગ્રસ્ત થયેલા નાગરિકો માટે તાત્કાલિક ધોરણે નજીકના રેન બસેરામાં રહેવા-જમવાની વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત, જે નાગરિકો પાસે ત્યાં વર્ષોથી વસવાટ કરતા હોવાના જરૂરી સરકારી પુરાવા અને દસ્તાવેજો ઉપલબ્ધ હશે, તેમની પાસેથી કોર્પોરેશન દ્વારા નિયત ફોર્મ ભરાવવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે. આ પુરાવાઓની ચકાસણી કર્યા બાદ લાયક પરિવારોને સરકારી યોજના હેઠળ વૈકલ્પિક મકાનોની ફાળવણી કરવાની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવશે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI